દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 211 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ વદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 September 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૫ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અલ-નિનો વિકરાળ બનશે, ૨૦૨૭માં લંબાશે






નવી દિલ્હીઃ અલ-નિનોની વધતી શક્તિને કારણે વિશ્વની ચિંતા વધી રહી છે. પ્રશાંત મહાસાગરનું તાપમાન સતત વધી રહ્યું છે. આ વર્ષે અલ-નિનો પહેલા કરતા પણ વધુ મજબૂત બની શકે છે અને તેની અસરો ૨૦૨૭ સુધી ટકી શકે છે. વિશ્વ હવામાન સંગઠન (ડબલ્યૂએમઓ) અનુસાર, અલ નીનો ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલુ રહેવાની લગભગ ૧૦૦ ટકા શક્યતા છે. જો તે આ જ રીતે ચાલુ રહેશે તો તે ૧૯૫૦ પછીની સૌથી શક્તિશાળી અલ-નિનો બની શકે છે.

તેની અસરો ફક્ત પેસિફિક મહાસાગર સુધી મર્યાદિત રહેશે નહીં. તે વિશ્વના ઘણા ભાગોમાં હવામાનને અસર કરી શકે છે, જેના કારણે વરસાદ અને પૂરમાં વધારો થઈ શકે છે, જ્યારે કેટલાક સ્થળે દુષ્કાળ પણ પડી શકે છે. ઘણી જગ્યાએ ભારે ગરમી પડી શકે છે. ડબલ્યૂએમઓના જણાવ્યા અનુસાર, અલ નીનો આ વર્ષના અંતમાં તેના સૌથી મજબૂત સ્તરે પહોંચી શકે છે, પરંતુ તેની અસરો ૨૦૨૭ સુધી ચાલુ રહેશે.

ડબલ્યૂએમઓએ કહ્યું કે વિષુવૃત્તિય પેસિફિક પર હાલમાં જે અલ-નિનોની સ્થિતિ સર્જાયેલી છે તે આગામી મહિનાઓમાં ખૂબ જ મજબૂત બનવાની અને ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધી ચાલુ રહેવાની સંભાવના છે. તેણે કહ્યું કે આની વરસાદ અને તાપમાનના પેટર્ન અને પૂર, દુષ્કાળ અને ભારે ગરમીના સંકળાયેલા જોખમો પર નોંધપાત્ર અસર પડી શકે છે.

ગુરુવારે એક નિવેદનમાં ડબલ્યૂએમઓના સેક્રેટરી-જનરલ સેલેસ્ટે સાઉલોએ જણાવ્યું હતું કે, ''સ્પેનિશમાં અલ નિનોનો અર્થ નાનો છોકરો થાય છે, પરંતુ તે વિશ્વભરના સમુદાયો અને અર્થતંત્રોને મોટો ફટકો પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. અમે પહેલાથી જ દુષ્કાળ અને પૂરથી વિક્ષેપ અને વિનાશ જોઈ રહ્યા છીએ અને અમે અપેક્ષા રાખીએ છીએ કે અલ-નિનો તીવ્ર બનતા આ અસરોમાં વધારો થશે.

ભારત હવામાન વિભાગે સપ્ટેમ્બર માટે તેની આગાહીમાં કહ્યું હતું કે અલ-નિનો સ્થિતિ આવતા વર્ષે ફેબ્રુઆરી સુધી ચાલુ રહી શકે છે તેના થોડા દિવસો પછી જ ડબલ્યૂએમઓની આગાહી આવી છે. અલ-નિનો એ અલ-નિનો સધર્ન ઓસિલેશનના ત્રણ તબક્કાઓમાંથી એક છે - એક આબોહવાની ઘટના જે મધ્ય અને પૂર્વીય ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરમાં સમુદ્રના તાપમાનમાં ફેરફાર દ્વારા વર્ગીકૃત થયેલ છે તેની સાથે વાતાવરણમાં વધઘટ પણ થાય છે. જ્યારે અલ નીનો ગરમીની અસર કરે છે, ત્યારે તેનો વિપરીત તબક્કો, જેને લા નીના કહેવાય છે, તે સામાન્ય રીતે ઠંડકની અસરમાં પરિણમે છે. અલ નીનોની સ્થિતિના કારણે સામાન્ય રીતે ભારતમાં ઓછો વરસાદ વરસી શકે છે. તેથી જ ૩૧ ઓગસ્ટના રોજ હવામાન વિભાગે પુષ્ટી કરી હતી કે પ્રવર્તમાન અલ નીનોની સ્થિતિને કારણે મહિના દરમિયાન ભારતમાં એકંદર વરસાદ ઓછો હતો ત્યારે તે આશ્ચર્યજનક નહોતું. ઓગસ્ટમાં સમગ્ર ભારતમાં ૧૬ ટકા ઓછો વરસાદ હતો. તેણે એમ પણ કહ્યું કે ૧૯૦૧ પછી ભારતમાં સૌથી ગરમ ઓગસ્ટ મહિનો અનુભવાયો હતો અને તેનું એક કારણ અલ-નિનો હતું. ■

## સીજેપીના આંદોલન પછી જ સ્વતંત્ર ભારદ્વાજની ધરપકડ

### જંતર મંતરના આંદોલન વખતે વિદ્યાર્થિનીના પિતા પર હુમલો કરનાર ભારદ્વાજની સોશ્યલ મીડિયા પર બડાઈ મારતી રીલ વાઈરલ થતા એ નજરમાં આવ્યોઃ ભારદ્વાજે નાસવાનો પ્રયાસ કર્યો પણ પકડાઈ ગયો


સ્વતંત્ર ભારદ્વાજ

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ શુક્રવારે રાજધાનીમાં વધુ એક વિરોધ પ્રદર્શન કર્યું હતું. સીજેપીના કાર્યકર્તાઓએ હિન્દુત્વ ઈન્ફ્લ્યુએન્સર સ્વતંત્ર ભારદ્વાજ સામે કાર્યવાહીની માગને લઈને પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ખાતે એકઠા થયા અને પોલીસે ખાતરી આપ્યા બાદ તેઓ ત્યાંથી હટ્યા હતા. પોલીસે આશ્વાસન આપ્યું હતું કે ૭૨ કલાકની અંદર તેમની ધરપકડ કરવામાં આવશે. જોકે પોલીસે મોડી સાંજે જ હેલ્મેટ પહેરીને ભાગી છૂટેલા ભારદ્વાજને પકડી પાડ્યો હતો.

ભારદ્વાજની ૭૨ કલાકમાં ધરપકડ કરવામાં આવશે એવી સીજેપીના પ્રદર્શનકર્તાઓને બાંયધરી આપ્યા બાદ પોલીસે શુક્રવારે ભારદ્વાજની ધરપકડ કરી હતી. તેણે એવો દાવો કર્યો હતો કે સ્વબચાવમાં પોતે હુમલો કર્યો હતો. દિલ્હી પોલીસે બાંયધરી આપ્યાનાં ગણતરીના કલાકોમાં જ પોલીસ ટુકડી તેની ધરપકડ કરવા પહોંચે તે પહેલાં જ સ્વતંત્રકુમાર

(જુઓ પાનું ૨) ▸▸

## દેશની 'આકાશમાં આંખ' ગણાતો ઉપગ્રહ લૉન્ચ



શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ): ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન (ઇસરો)એ શુક્રવારે દેશનો સૌપ્રથમ ઇમેજિંગ સેટેલાઇટ જીઓ-ઑર્બિટમાં સફળતાપૂર્વક મૂક્યો હતો. જીએસએલવી રૉકેટની મદદથી ૨,૩૦૦ કિલોગ્રામથી વધુના (૨,૩૬૭ કિલોગ્રામ) પૅલોડ સાથેનો આ ઉપગ્રહ તેની નિર્ધારિત ભ્રમણકક્ષામાં મુકાયો હતો.

ઉપગ્રહના મિશનમાં ભાગ લેનારા એક વરિષ્ઠ વિજ્ઞાનીએ આ ઉપગ્રહને 'આકાશમાંની આંખ' ગણાવી હતી અને દાવો કર્યો હતો કે આ ઉપગ્રહ દેશના કૃષિ ક્ષેત્ર માટે અને કુદરતી આફતમાં મદદરૂપ સાબિત થશે.

'ઇસરો'ની ચાલુ વર્ષની આ સૌપ્રથમ સફળતા હતી. અહીંના સ્પેસપૉર્ટ ખાતેથી શુક્રવારે રૉકેટે ઉપગ્રહને લઇને ઉડ્ડયન શરૂ કર્યું તેની અંદાજે ૧૮ મિનિટ પછી 'ઇઓએસ-૦૫' ઉપગ્રહને સફળતાપૂર્વક નિર્ધારિત સબ-જીઓસિન્ક્રોનસ ટ્રાન્સફર ઑર્બિટમાં મુકાયો હતો.

'ઇઓએસ-૦૫' ઉપગ્રહ જાસૂસી

(જુઓ પાનું ૨) ▸▸

### ક્રૂડ ઑઈલ અને ગૅસની આંતરરાષ્ટ્રીય કિંમતો ભડકે બળી

## અમેરિકામાં ડીઝલનો ભાવ ઑલ ટાઇમ હાઇ

ન્યૂ યોર્કઃ અમેરિકા અને ઇરાન વચ્ચે ફરી શરૂ થયેલા સામસામા હુમલા તેમ જ હોર્મુઝ ખાડીમાંથી પસાર થઇ રહેલાં જહાજો સામે વધેલા જોખમ અને રશિયા - યુક્રેનના ચાલુ રહેલા યુદ્ધને લીધે દુનિયામાં ફરી ખનિજ તેલ અને ગૅસના ભાવ વધી રહ્યા છે. અમેરિકન ડીઝલનો ભાવ નવી ઊંચી સપાટીએ પહોંચી ગયો છે અને દુનિયામાં ફરી ઈંધણની અછત ઊભી થવાની શક્યતા છે.

બ્રેન્ટ ક્રૂડનો ભાવ શુક્રવારે બેરલ દીઠ અંદાજે ૯૫.૫૨ ડૉલર રહ્યો હતો અને છેલ્લાં અઠવાડિયા દરમિયાન તેનો ભાવ સાત ટકાથી વધુ વધ્યો છે.

યુરોપિયન ગૅસના ભાવ પણ વધી રહ્યા છે. અખાતમાંના ગૅસના ઉત્પાદકો હોર્મુઝ ખાડીમાંના જોખમનો સામનો કરીને એલએનજી કાર્ગો વિદેશ મોકલવા બનતા પ્રયાસ કરી રહ્યા

(જુઓ પાનું ૨) ▸▸

## ઍર ઇન્ડિયાના ગાંજો ફૂંકી પ્લૅન ઉડાડનાર પાઇલટને અંતે પાણીચું

### આ વિમાનની બધી હાઇડ્રૉલિક સિસ્ટમ ૩૬,૦૦૦ ફૂટ ઊંચે બંધ પડી હતી

નવી દિલ્હીઃ ફુકેટથી ૧૪૫ જણને લઇને ચોથી ઑગસ્ટે દિલ્હી જતી ઍર ઇન્ડિયાની ઍરબસ એ૩૨૦ની ફ્લાઇટ ૩૬,૦૦૦ ફૂટ ઊંચે ઊડી રહી હતી ત્યારે તેની બધી (ત્રણેય) હાઇડ્રૉલિક સિસ્ટમ લગભગ એકસાથે જ બંધ પડી ગઇ હતી અને ઑટોપાઇલટ સિસ્ટમ ડિસ્કનેક્ટ થઇ હતી તેમ જ વિમાનના ઉડ્ડયનની ઊંચાઇમાં મોટો ફેરફાર થતાં ૨૪ જણ ઘાયલ થયા હતા. આ વિમાનના પાઇલટ-ઇન-કમાંડે ડ્રગ (ગાંજો) લીધું હોવાનું માલૂમ પડતા તેને બરતરફ કરાયો હતો.

ઍરક્રાફ્ટ ઍક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરો (એએઆઇબી)ના અહેવાલમાં જણાવ્યું હતું કે વિમાનના ઉતરાણ બાદ હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં પાઇલટ-ઇન-કમાંડે પ્રતિબંધિત ડ્રગ્સ લીધું હોવાનું

(જુઓ પાનું ૨) ▸▸

નેપાળ જળપ્રલય

## 'હરે કૃષ્ણ'નો સતત જાપ કરનાર ઈજનેરને ટનલમાંથી નવ દિવસે જન્માષ્ટમીએ બચાવાયો



**હરિજાપે બચાવ્યોઃ** નેપાળના પૂરમાં ટનલમાં ફસાયેલા સંજય સહાને નવ દિવસે બચાવાયો હતો. (એજન્સી)

કાઠમંડુઃ નેપાળમાં વિનાશક પૂર આવ્યાના નવ દિવસ બાદ ત્રિશૂલી નદી પાસે હાઈડ્રોપાવર ટનલમાં ફસાયેલાઓમાંથી બે કામદારને જન્માષ્ટમીએ ઉગારી લેવામાં આવ્યા હતા.

ઊગારી લેવામાં આવેલા બે કામદારોમાં મૅકેનિકલ ઍન્જિનિયર સંજય સાહ અને કબિર મહાર્જનનો સમાવેશ થતો હતો.

વિનાશક પૂર આવ્યાના નવ દિવસ બાદ ટનલમાં ફસાયેલા લોકોમાંથી વધુ કોઈને બચાવી શકાશે એવી

(જુઓ પાનું ૨) ▸▸

## દેખાવકારોને ફટકારતા આઈપીએસને જોઈને ચિંતા થાય છેઃ સુપ્રીમ કોર્ટના જજ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ ઉજ્જવલ ભૂયાને શુક્રવારે જણાવ્યું હતું કે પોલીસ દ્વારા દેખાવકાર વિદ્યાર્થીઓને મારવાની ઘટના દુઃખદાયી અને ચિંતાજનક ગણાય.

તેમણે ભૂતપૂર્વ સચિવ (સિક્યોરિટી) યશોવર્ધન આઝાદ દ્વારા લિખિત પુસ્તક 'પૉલિસિંગ ધ રિપબ્લિક'ના રાજધાનીમાં વાઇસરોય હૉલ ખાતે યોજાયેલા વિમોચન પ્રસંગે જણાવ્યું હતું કે દેખાવકારોને માર મારતા યુવાન પોલીસ અધિકારીઓને જોઇને આપણને બધાને ઘણું દુઃખ થાય છે. આવી ઘટના બહુ વેદનાકારી ગણાય. તેમણે જણાવ્યું હતું

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પના મુલાકાતીઓની યાદીમાં ટોચ પર નામ મોદીનુંઃ અમેરિકી રાજદૂત

નવી દિલ્હીઃ ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી જી૨૦ સમિટમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની મુલાકાત લેનારા નેતાઓની યાદીમાં ટોચ પર હશે, બંને નેતા વચ્ચેના વ્યક્તિગત સમીકરણ અને દ્વિપક્ષીય સંબંધોમાં વધતી ગતિ તરફ ઈશારો કરે છે.

રાજદૂતે કહ્યું કે તેઓ અપેક્ષા રાખે છે કે ડિસેમ્બરમાં જી૨૦ સમિટ માટે પીએમ મોદીની ફ્લોરિડા મુલાકાત

(જુઓ પાનું ૨) ▸▸

## મેલોનીનો સત્તા પર સૌથી વધુ સમય રહેવાનો વિક્રમઃ મોદીએ વધામણાં આપ્યાં

નવી દિલ્હીઃ ઇટાલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ઇટલીના યુદ્ધ પછીના ઇતિહાસમાં એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ૪ સપ્ટેમ્બરે તેમની સરકારે સતત ૧,૪૧૩ દિવસ પૂરા કર્યા છે. આ સાથે જ મેલોની ઇટાલીના પોસ્ટ-વોર ઇતિહાસમાં સૌથી લાંબા સમય સુધી પદ પર રહેનારાં વડાં પ્રધાનબની ગયાં છે. પીએમ નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જ્યોર્જિયા મેલોનીને આ ઉપલબ્ધિ પર શુભકામના પાઠવી છે. મેલોનીએ પૂર્વ પ્રધાનમંત્રી સિલ્વિયો બર્લુસ્કોનીના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. બર્લુસ્કોનીની બીજી સરકાર ૨૦૦૧ થી '૦૫ વચ્ચે સતત ૧,૪૧૨ દિવસ સત્તામા રહી હતી. મેલોની સરકારે એક દિવસ વધુ પૂરો કરતા આ રેકોર્ડ તોડી નાંખ્યો છે.■




## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીએ કોને મળવું એ અમેરિકા નક્કી ના કરી શકે

**આપણા** વડા પ્રધાન નરેન્દ્ર મોદી હમણાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ)ની શિખર પરિષદમાં ભાગ લેવા કિર્ગિસ્તાન ગયા છે. કિર્ગિસ્તાનની રાજધાની બિસ્કેકમાં ચાલી રહેલી એસસીઓની બેઠકમાં મોદી ઘણા બધા નેતાઓને મળ્યા ને તેમાં એક ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેકિશ્યન પણ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની શિખર બેઠકોમાં દેશોના વડા એકબીજાને મળે એ બહુ સામાન્ય વાત છે પણ અમેરિકાને મોદીની મસૂદ પેઝેકિશ્યન સાથેની મુલાકાતથી મરચાં લાગી ગયાં છે. અમેરિકાએ ભારતને ખુલ્લી ધમકી આપી છે કે, કોઈ પણ દેશ ઇરાનની સાથે વેપાર કરશે તો તેનું આવી બનશે અને અમેરિકા તેના પર પણ પ્રતિબંધો ઠોકી દેશે. અમેરિકાએ સીધું ભારતનું નામ નથી લીધું પણ મોદીની મસૂદ સાથેની મુલાકાત અંગે સવાલના જવાબમાં અમેરિકાનું રીએક્શન આવ્યું છે તેના પરથી સ્પષ્ટ છે કે, આ ધમકી ભારત માટે જ છે.

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ ભારતને આડકતરી રીતે ધમકી આપી છે કે, ઈરાન સાથે આર્થિક સંબંધો મજબૂત કરી દીધો તો અમે ભારતને બરબાદ કરી દઈશું. કોમિક વાત પાછી એ છે કે, રૂબિયોએ સ્વીકાર્યું કે દરેક દેશને પોતાની વિદેશ નીતિ નક્કી કરવાનો અધિકાર છે પણ ઈરાન સાથે આર્થિક સંબંધો વધાર્યા તો આવી બનશે. રૂબિયોના કહેવા પ્રમાણે, ઈરાન સાથે વેપાર કરવાનો અર્થ ઈરાનને આર્થિક મદદ કરવી એવો થાય છે અને ઈરાન પાસે નાણાં આવશે તો તેનો ઉપયોગ આતંકવાદ માટે થશે તેથી કોઈ દેશે ઈરાનને કમાણી થાય એવા કોઈ રસ્તા ન બતાવવા જોઈએ કે એવા કરાર ના કરવા જોઈએ. ઈરાન આતંકવાદને પ્રોત્સાહન આપી શકે અથવા પરમાણુ હથિયારો બનાવી શકે એ માટે આર્થિક સહયોગ કર્યો તો અમેરિકાએ આ દેશ પર પ્રતિબંધો લગાવવા પડશે.

રૂબિયોએ આપેલી ધમકી અમેરિકાની નાગાઈનો વધુ એક નાદાર નમૂનો છે. અમેરિકા પોચું ભાળે ત્યાં આંગળી ઘોંચીને દબાવવામાં માને છે ને અત્યારે ભારત સાથે એ જ કરી રહ્યું છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) દસ સભ્ય દેશોનું રાજકીય, આર્થિક અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા સંગઠન છે. રાજકીય, આર્થિક, સુરક્ષા અને આતંકવાદ વિરોધી કામગીરીમાં સહકાર માટે રચાયેલા આ સંગઠનમાં ચીન, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, રશિયા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, ભારત, પાકિસ્તાન, ઈરાન અને બેલારુસ એમ ૧૦ સભ્યો છે. બીજા ઘણા દેશો આ સંગઠનમાં જોડાવા થનગનતા હતા પણ ઈરાન જોડાતાં અમેરિકાના ડરે તેમનો થનગનાટ ઓસરી ગયો. એ અલગ મુદ્દો છે ને આપણે વાત અમેરિકાની નાગાઈની કરતા હતા.

અમેરિકાની નાગાઈ એ છે કે, બીજા ૧૦ દેશો ખુલ્લેઆમ ઈરાનની તરફેણ કરી રહ્યા છે અને ઈરાનના શાસકોને મળી રહ્યા છે પણ અમેરિકાની તેમની સામે બોલવાની કે કશું કરવાની હિંમત નથી. ચીનના પ્રમુખ શી જિનપિંગ તો મોદીની મસૂદ પેઝેકિશ્યન સાથેની મુલાકાત પહેલાં મળ્યા હતા પણ અમેરિકાની તાકાત નથી કે ચીન સામે કશું કરી શકે. ચીન તો રાક્ષસ છે એટલે તેનાથી અમેરિકાને ડર લાગતો હોય એ સમજી શકાય પણ પાકિસ્તાનને સુધ્ધાં અમેરિકા કંઈ કહેતું નથી. પાકિસ્તાને બે અઠવાડિયાં પહેલાં જ ઈરાન દ્વિપક્ષી ચર્ચા કરી ત્યારે અમેરિકા સાવ ચૂપ હતું પણ જેવા મોદી મસૂદને મળ્યા કે તરત અમેરિકા ઉછળવા માંડ્યું.

અમેરિકાની નાગાઈની ચરમસીમા એ છે કે, એસસીઓ સમિટે ઈરાનની ખુલ્લી તરફેણ કરીને અમેરિકા દ્વારા ઈરાન પર થઈ રહેલા હુમલાની ઝાટકણી કાઢતો ઠરાવ પસાર કર્યો છે. ઈરાનને પોતાની સીમાનું રક્ષણ કરવાનો અધિકાર છે એવું એસસીઓના દેશોએ સાફ શબ્દોમાં કહ્યું છે ને ઈરાનના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાને સમર્થન આપતો ઠરાવ કર્યો છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરાઈ રહેલા ઈરાન પરના લશ્કરી હુમલા અને અમેરિકા દ્વારા લદાયેલા એકતરફી આર્થિક પ્રતિબંધોની ઝાટકણી કાઢતો ઠરાવ પણ પસાર કર્યો છે. આ ઠરાવ અમેરિકાની સર્વોપરિતાને પડકારે છે ને ખુલ્લી ચેલેન્જ જ આપે છે કે, તમારી દાદાગીરી હવે કોઈ સહન નહીં કરે અને બીજું કોઈ હોય કે ના હોય પણ એસસીએના દેશો તો ઈરાનની પડખે જ છે. અમેરિકામાં તાકાત હોય તો સૌથી પહેલાં તેણે ચીન, પાકિસ્તાન સહિતના દેશો પર આર્થિક પ્રતિબંધ લાદી દેવા જોઈએ પણ અમેરિકામાં એ તાકાત નથી. પાકિસ્તાન તેનું પીઠ્ઠુ છે જ્યારે ચીન સાથેના આર્થિક વ્યવહારો બંધ કરે તો તેનું પોતાનું જ અર્થતંત્ર તૂટી પડે તેથી તેમની સામે ચૂપ છે જ્યારે ભારતને દબડાવે છે.

અમેરિકા ભારતને દબડાવી જાય છે કેમ કે આપણે અમેરિકાથી ડરીને ચાલી રહ્યા છીએ. અમેરિકાના કહ્યાગરા બનીને આપણે રશિયા અને ઈરાન સહિતના દેશો સાથેના આર્થિક વ્યવહારો કાપી રહ્યા છીએ. આ દેશો સાથેના વ્યવહારો ભારત માટે ફાયદાકારક હોવા છતાં આપણે અમેરિકાને ખુશ કરવા માટે સંબંધોમાં કાપ મૂકી દીધો છે. તેના કારણે અમેરિકા એવું જ માનતું થઈ ગયું છે કે, ભારત તો આપણું આંગળિયાત છે ને આપણે કહીશું એમ જ કરશે.

મોદી સરકારે અમેરિકાનો આ ભ્રમ ભાંગવાની જરૂર છે ને અમેરિકાને અહેસાસ કરાવવાની જરૂર છે કે, ભારત પાકિસ્તાન કે સઉદી અરેબિયા નથી કે અમેરિકા તેને પોતાની આંગળી પર નચાવી શકે, આ દેશના વડા પ્રધાન કોઈને મળે તેની સામે ધમકી આપી શકે. મોદી ૧૫૦ કરોડની વસતી ધરાવતા દેશના વડા પ્રધાન છે ને તેમણે કોણે મળવાનું ને કોને નહીં મળવાનું એ અમેરિકા નક્કી ના કરી શકે, મોદી નક્કી કરશે કે મારે કોને મળવું છે. ભારતે કોની સાથે આર્થિક સંબંધો રાખવા ને કોની સાથે નહીં રાખવા એ પણ અમેરિકા નક્કી ના કરી શકે પણ ભારતની પ્રજાએ ચૂંટેલી મોદીના નેતૃત્વ હેઠળની સરકાર નક્કી કરશે. ભારતે આ વાત સ્પષ્ટ શબ્દોમાં અમેરિકાને સમજાવવી જોઈએ કે જેથી ભવિષ્યમાં આપણને ધમકી આપતાં પહેલાં સો વાર વિચાર કરે.

અમેરિકા પોતાનાં હિતોની વાત કરે ત્યારે કોઈનો વિચાર કરતું નથી. અમેરિકાના પ્રમુખ ઈરાન કે વેનેઝુએલા પર હુમલા પણ કરી નાખે છે ને ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ ઉન જોંગને પણ મળે છે. ભારતમાં આતંકવાદ ફેલાવતા પાકિસ્તાનને પણ એ થાબડભાણાં કરે છે ને તૂર્કી જેવા હળાહળ ભારત વિરોધી દેશને પણ પંપાળે છે. ભારત તેની સામે બોલે તો અમેરિકા ભારતને ગણકારતું નથી. ભારતે પણ એ જ મિજાજ બતાવવાની જરૂર છે, અમેરિકાને તેનો પરચો આપવાની પણ જરૂર છે. ખાલી આપણે વિશ્વગુરૂ છીએ એવું કહ્યા કરવાથી ના ચાલે, એવો મર્દાના મિજાજ પણ બતાવવો પડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન–સૌર શરદઋતુ, શનિવાર, તા. ૫–૯–૨૦૨૬, ગોપાળકાલા દહિહંડી

- ભારતીય દિનાંક ૧૪, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ વદ–૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ વદ–૯
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૧–૩૦ સુધી પછી આર્દ્રા
- ચંદ્ર વૃષભમાં સવારે ક. ૧૦–૧૭ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતીઃ સાંજે ક. ૧૭–૧૪
- ઓટઃ સવારે ક. ૧૧–૫૬, મધ્યરાત્રે ક. ૦૦–૧૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – નવમી. અશ્વત્થ મારુતિ પૂજન, ગોપાળકાલા દહિહંડી, ગોગા નવમી, શિક્ષક દિન, શુક્ર દર્શન પશ્ચિમમાં.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- શ્રાવણ મહિમાઃ જન્મકુંડળીમાં ચંદ્રના રાહુ સાથેના અશુભ યોગો હોય અને અન્ય ગ્રહો સાથે પણ ચંદ્રથી અશુભ યોગો હોય તેમને માટે શિવ પૂજા વિશેષ મહિમાવંત છે. શિવજીને દહીં અવશ્ય ચઢાવવું. આજે શિવ પૂજામાં શિવલિંગને અગરનાં ઔષધીનો લેપન કરવું. મનુષ્ય ઉપરાંત પ્રાણી–જીવ સૃષ્ટીમાં શિવ રહેલ છે.જીવમાં શીવ છે. પદાર્થમાં શિવ છે. આજે ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, જાપ કરવા.
- મુહૂર્ત વિશેષઃ ખેરનું વૃક્ષ વાવવું, અગાઉ, શનિ ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સપ્તસતી પાઠ વાંચન, પર્વ પૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, નિત્ય થતાં પશુ લે–વેંચ, સ્થાવર લેવડદેવડના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, પીપળાનું પૂજન, દહીં હાંડી, ગોપાલકાલા ઉત્સવ.
- આચમનઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ, ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર–રાહુ ત્રિકોણ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–બુધ ચતુષ્કોણ, ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર–રાહુ ત્રિકોણ ગ્રહગોચરઃ સૂર્ય–સિંહ, મંગળ–મિથુન, માર્ગી બુધ–સિંહ, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

## 'ડિજિટલ અરેસ્ટ' સિંડિકેટ પર ત્રાટકી સીબીઆઈઃ ૨૦ રાજ્યના ૮૯ સ્થળે દરોડા

નવી દિલ્હીઃ 'ડિજિટલ અરેસ્ટ' સિંડિકેટ વિરુદ્ધ કાર્યવાહી કરતા સીબીઆઈએ દેશના ૨૦ રાજ્યમાં ૮૯ સ્થળે દરોડા પાડી ત્રણ જણની ધરપકડ કરી હતી. ઑપરેશન ચક્ર-૬ના ભાગરૂપ કરવામાં આવેલી આ કાર્યવાહીનો હેતુ 'ડિજિટલ અરેસ્ટ' મારફતે કરવામાં આવેલી છેતરપિંડીની રકમ શોધી કાઢવાનો અને સિંડિકેટના લાભાર્થીઓ અને હેન્ડલરોની ઓળખ કરવાનો હતો. સીબીઆઈના જણાવ્યા અનુસાર દરોડા દરમિયાન ગુનાહિત પ્રવૃત્તિ દર્શાવતા દસ્તાવેજો, બૅંક ખાતા સંબંધિત રેકોર્ડ, ઑનલાઈન ડૅટા મેળવવા ઉપરાંત મહત્ત્વનાં પુરાવાઓ એકઠાં કરવામાં આવ્યા હતા. બૅંક ખાતાએ અને ઑનલાઈન ખાતાનાં સંબંધિત ડૅટાની તપાસ સહિત નાણાકીય અને તકનિકી વિશ્લેષણને આધારે આ દરોડાનું સાવધાનીપૂર્વક આયોજન કરવામાં આવ્યું હોવાનું સીબીઆઈએ કહ્યું હતું.

એક કેસમાં પીડિતને ત્રણ મહિના સુધી 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રાખવામાં આવ્યો હતો અને તેની પાસેથી ૭.૬૭ કરોડ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. અન્ય એક કેસમાં ગુજરાતના એક રહેવાસીને ત્રણ મહિના સુધી 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રાખવામાં આવ્યો હતો અને તેની પાસેથી ૧૯.૨૪ કરોડ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. ત્રીજા કેસમાં કર્ણાટકના પીડિતને એક મહિના સુધી 'ડિજિટલ અરેસ્ટ' હેઠળ રાખી તેને ૧૫.૪૫ કરોડ રૂપિયા ચૂકવવા મજબૂર કરવામાં આવ્યો હતો. (એજન્સી) ■

## નવી મુંબઈથી ઊડેલું ઈન્ડિગોનું વિમાન શ્રીનગર ઍરપોર્ટ પર થાંભલા સાથે અથડાયું

શ્રીનગરઃ નવી મુંબઈથી શુક્રવારે સવારે શ્રીનગર એરપોર્ટ પર આવેલી ઇન્ડિગોની એક ફ્લાઇટ પાર્કિંગ દરમ્યાન વિઝ્યુઅલ ડોકિંગ ગાઇડન્સ સિસ્ટમ (વીડીજીએસ)ના થાંભલા સાથે અથડાઈ હતી. ઘટનામાં વિમાનમાં સવાર તમામ યાત્રી અને ચાલક દળના બધા સભ્યો સુરક્ષિત છે. કોઇના ઘાયલ થવાની સૂચના નથી. એરપોર્ટ ઓથોરિટીના અનુસાર ઘટના બાદ પણ એરપોર્ટનું સંચાલન સામાન્ય રીતે ચાલુ રહ્યું.

એરપોર્ટ ઓથોરિટીએ એક નિવેદનમાં જણાવ્યું, ''નવી મુંબઇથી શ્રીનગર આવેલી ઇન્ડિગોની ફ્લાઇટ સાથે શ્રીનગર એરપોર્ટ પર બે નંબર ૦૬ પર પાર્ક થતી વખતે આ ઘટના બની હતી. આ વિમાન સવારે લગભગ ૯.૦૨ કલાકે થાંભલા સાથે અથડાયું. હાલમાં તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર સુરક્ષિત છે અને કોઈના ઈજાગ્રસ્ત હોવાના સમાચાર નથી. મુસાફરો અને ક્રૂને મેન્યુઅલ સીડીઓનો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે વિમાનમાંથી બહાર કાઢવામાં આવ્યા.

નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઘટનાનું કારણ અને પરિસ્થિતિઓની તપાસ નક્કી કરેલી પ્રક્રિયાઓ અનુસાર સંબંધિત અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. તપાસ પૂરી થયા પછી જ સાચું કારણ જાણવા મળશે અને હાલ આ તબક્કે કારણ વિશે કોઈ નિષ્કર્ષ પર પહોંચવામાં ઉતાવળ ન કરવી જોઇએ. દરમિયાન, એરપોર્ટનું કામકાજ સામાન્ય સંજોગો પ્રમાણે ચાલુ છે અને ફ્લાઇટ્સનું ટેક ઓફ અને લેન્ડિંગ શિડ્યુલ મુજબ ચાલુ છે. ■

## સોનિયાની આત્મકથા હવે હાર્પરકૉલિન્સ દ્વારા પ્રકાશિત થશે

નવી દિલ્હીઃ કૉંગ્રેસનાં વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીની આત્મકથા 'બિલૉન્ગિંગ્સઃ અ જર્ની ઑફ લવ' હાર્પરકૉલિન્સ દ્વારા ૧૦મી નવેમ્બરે પ્રકાશિત કરવામાં આવશે. પૅંગ્વિન રૅન્ડમ હાઉસે આ પુસ્તકનું પ્રકાશન કરવાનું નકારી કાઢ્યા બાદ હાર્પરકૉલિન્સે આ જવાબદારી સ્વીકારી હતી.

હાર્પરકૉલિન્સે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં લખ્યું હતું કે આપણા સમયની આ સૌથી વધુ અપેક્ષિત રાજકીય આત્મકથાઓમાંની એક 'બિલૉન્ગિંગ્સઃ અ જર્ની ઑફ લવ' પ્રેમ, ઓળખ, ફરજ અને સંબંધની એક નાટ્યાત્મક અને અંગત કથા છે અને તે ભારતની સફર અંગેની દુર્લભ દૃષ્ટિ રજૂ કરે છે. આ આત્મકથામાં સોનિયા ગાંધી ઇટલીમાં તેમનું બાળપણ, નહેરુ–ગાંધી પરિવારમાં લગ્ન, રાજીવ ગાંધીની હત્યા અને રાજકારણમાં પોતાનાં પ્રવેશ જેવી વિગતો જાહેર કરે તેવી શક્યતા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રકાશન થતાં અગાઉ આ પુસ્તકને લઈને મોટો રાજકીય વિવાદ ઊભો થયો હતો. પૅંગ્વિન રૅન્ડમ હાઉસે આ પુસ્તકનું પ્રકાશન કરવાનું નકારી કાઢ્યું હતું.

કૉંગ્રેસના નેતાઓએ પુસ્તકની સામગ્રીને લઈને સરકારના દબાણ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગે સવાલ ઉઠાવ્યા હતા. જોકે પૅંગ્વિન ઈન્ડિયાએ આ તમામ દાવાઓને નકારી કાઢ્યા હતા.

રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગહલોતે આક્ષેપ કર્યો હતો કે મોદી સરકારના કાર્યકાળ દરમિયાન ચીન દ્વારા ભારતીય પ્રદેશ પર કરાયેલા કબજા અંગેના ભાગો પુસ્તકમાંથી દૂર કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું. (એજન્સી) ■

## ભારતીય મૂળનો મનજિત સિંહ બેદી એફબીઆઈની મૉસ્ટ વૉન્ટેડની યાદીમાં

વૉશિંગ્ટનઃ અમેરિકાની લાભાર્થી સરકારી યોજનામાં છેતરપિંડીમાં સંડોવણી હોવાનો આરોપ ધરાવતા ભારતીય મૂળના મનજિત સિંહ બેદીનો એફબીઆઈ દ્વારા મૉસ્ટ વૉન્ટેડની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

એફબીઆઈના જણાવ્યા અનુસાર બેદી વૉશિંગ્ટનના ટાકોમા શહેરમાં કરિયાણાની દુકાન ચલાવતો હતો. તે ગ્રાહકોના સરકારી લાભના કાર્ડનો ઉપયોગ કરીને સપ્લિમેન્ટલ ન્યૂટ્રિશન આસિસ્ટન્સ પ્રોગ્રામ અંતર્ગત ગ્રાહકોને ખાદ્યસામગ્રીને બદલે રોકડ રકમ આપતો હતો. બેદી, ગ્રાહકોના ઈલેક્ટ્રોનિક બૅનિફિટ ટ્રાન્સફર કાર્ડ સ્વાઈપ કરીને તેમને રોકડ રકમ આપતો હતો અને તેમાંથી અડધ રકમ પોતા રાખી લેતો હતો, એમ એફબીઆઈએ કહ્યું હતું.

અમેરિકાનું નાગરિકત્વ મેળવી ચૂકેલા બેદીએ માર્ચ ૨૦૨૪થી જૂન ૨૦૨૫ દરમિયાન અમેરિકાની સરકાર સાથે ઓછામાં ઓછી છ લાખ ડૉલરની છેતરપિંડી કરી હોવાનું કહેવાય છે.

બેદી, ટાકોમામાં એશિયન ગ્રોસરી સ્ટોરના નામની કરિયાણાની નાની દુકાન ચલાવતો હતો અને ત્યાં તે સ્નૅપ લાભ મેળવનારા લોકોને તેમના ઈબીટી કાર્ડ દ્વારા ખાદ્યસામગ્રી વેચતો હતો.

છેતરપિંડીના આરોપમાં આરોપનામું દાખલ થયા બાદ બેદીને ધરપકડ વિના કોર્ટમાં હાજર થવાની મંજૂરી આપવામાં આવી હતી તેમ જ તેને પોતાનો પાસપોર્ટ સોંપવાનો અને વૉશિંગ્ટનમાં જ રહેવાનો આદેશ આપવામાં આવ્યો હતો, પરંતુ બેદી ટૂંક સમયમાં જ કાર ચલાવીને કેનેડાની સરહદ પાર કરી ગયો હતો. (એજન્સી) ■

## ઈરાનમાં લગ્નસમારંભ પર થયેલા હુમલાની તપાસ થઈ રહી છેઃ વૅન્સ

દુબઇઃ અમેરિકાના ઉપપ્રમુખ જેડી વૅન્સે કહ્યું છે કે અમેરિકા એક હવાઈ હુમલાની તપાસ કરી રહ્યું છે જેને લઈને ઇરાને દાવો કર્યો હતો કે તેણે ઇરાનમાં એક લગ્ન સમારંભ પર હુમલો કર્યો છે. વાઇટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતી વૅન્સે કહ્યું કે અમે તેની તપાસ કરી રહ્યા છીએ કારણ કે સ્પષ્ટપણે અમને તેની ચિંતા છે. અમે જાણવા માંગીએ છીએ કે આખરે શું થયું છે. એક રિપોર્ટ અનુસાર, એક માનવાધિકાર ગ્રૂપ અને ઇરાનના મીડિયાએ કહ્યું હતું કે દક્ષિણ ઇરાનના સિરિકમાં એક ઘર પર અમેરિકાની મિસાઈલ પડી હતી જ્યાં એક માછીમારની પુત્રીના લગ્નની ઉજવણી માટે ડઝનેક લોકો ભેગા થયા હતા. વૅન્સે કહ્યું કે અહીં અમારા અને ઇરાન વચ્ચે મોટો તફાવત છે. જો અમારી સેના ભૂલો કરે છે તો તેઓ તેમાંથી શીખે છે અને તેમાં સુધારો કરવાનો પ્રયાસ કરે છે. ઇરાની અધિકારીઓએ કહ્યું હતું કે લગ્ન દરમિયાન એક ઘર પર થયેલા હુમલામાં ચાર લોકો માર્યા ગયા હતા અને લગભગ ૭૦ ઘાયલ થયા હતા. ઇરાનની સરકારી ટીવીએ ગુરુવારે અહેવાલ આપ્યો હતો કે પાંચમા વ્યક્તિ એક બાવીસ વર્ષીય મહિલાનું હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

અમેરિકાની સેનાએ અગાઉ કહ્યું હતું કે તેઓને ઇરાનના રિપોર્ટની જાણકારી છે પરંતુ તે ક્યારેય નાગરિકોને નિશાન બનાવતું નથી. ■

## ભારે વરસાદને પગલે દિલ્હીમાં રેડ અલર્ટ

નવી દિલ્હીઃ દિલ્હીના અનેક વિસ્તારોમાં શુક્રવારે ભારે વરસાદ થયો હતો અને કાળા ડિબાંગ વાદળો ઘેરાયાં હતાં જેને કારણે હવામાન ખાતાએ રેડ અલર્ટ જાહેર કર્યું હતું. શુક્રવારે દિલ્હી એનસીઆરમાં વાદળોના ગડગડાટ સાથે ભારે વરસાદ થતાં ઇંદિરા ગાંધી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ ખાતે પાણી ભરાઈ જતાં વિમાનસેવા ખોરવાઈ ગઈ હતી. શુક્રવારે બપોરે ૩:૩૦થી ૪:૩૦ દરમિયાન નવ ફ્લાઈટને અન્યત્ર વાળવામાં આવી હતી. હવામાન ખાતાએ આગાહી કરી હતી કે શનિવારે પણ દિલ્હીમાં ભારે પવન, વાદળોના ગડગડાટ અને વીજળી સાથે ભારે વરસાદ થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચાર ફ્લાઈટ જયપુર, ચાર લખનઊ અને એક ફ્લાઈટને અમદાવાદ વાળવામાં આવી હતી. જન્માષ્ટમીની ઉજવણી કરવા નીકળેલા લોકો ભારે વરસાદને કારણે અટવાઈ ગયા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં લોકોએ આશરો શોધવો પડ્યો હતો તો અનેક લોકો છત્રી લઈને રસ્તાઓ પર ઊતરી પડ્યા હતા. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### સીજેપીના

બુલંદશહેરથી ભાગી જવામાં સફળ રહ્યો હતો. ભારદ્વાજ બુલેટ મૉટરબાઈક પર બેસીને નૈથલા ગામેથી ખુર્જા જવા રવાના થઈ ગયો હતો અને પોતાની ઓળખ છતી ન થઈ જાય તે માટે તેણે હેલ્મેટ પહેરી રાખ્યો હતો. ભારદ્વાજને શોધી કાઢવા અનેક પોલીસને સાદા વેશમાં ગોઠવી દેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન પોલીસે સ્થાનિક પત્રકારોને પણ અનેક સવાલ કર્યા હતા. ભારદ્વાજને શોધી કાઢી પકડી પાડવાના પ્રયાસો ચાલુ છે.

સીજેપીના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે પોલીસે તેમને જાણકારી આપી હતી કે ભારદ્વાજ પર હત્યાનો પ્રયાસ અને ગુનાઇત ધમકીની સાથે સાથે એસસી-એસટી એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવશે.

ભારદ્વાજે એક ઇન્ટરવ્યૂમાં બડાઈ મારી હતી કે તેણે એક પ્રદર્શનકારી વિદ્યાર્થિનીના પિતાનું માથું ફોડ્યું હતું અને તેમાંથી બચી ગયો હતો. તે સિવાય હુમલાના શિકાર વ્યક્તિની દીકરીને નિશાન બનાવીને કરવામાં આવેલી ઓનલાઇન દુર્વ્યવહાર અને આપત્તીજનક તસવીરો માટે એક અલગ એફઆઈઆર દાખલ કરવામાં આવશે.

પોલીસના એક સૂત્રએ કહ્યું હતુ કે એસસી/એસટી એક્ટ જોડ્યા બાદ પીડિતની વધુ એક મેડિકલ તપાસ કરાશે. હત્યાના પ્રયાસની કલમ હેઠળ આરોપ નક્કી કરવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવશે. સીજેપીનો વિરોધ ભારદ્વાજના એક ઇન્ટરવ્યૂની ક્લિપ સોશ્યલ મીડિયા પર વ્યાપકપણે શેર થયા બાદ કરવામાં આવ્યો હતો. ભારદ્વાજ પોતાને કટ્ટર હિન્દુ ગણાવે છે. વીડિયોમાં તે સ્વીકાર કરી રહ્યો છે કે તેણે જંતર-મંતર પર વિરોધ દરમિયાન વિદ્યાર્થી નિશુ આઝાદના પિતાનું માથુ ફોડી નાખ્યું હતું.

ભારદ્વાજને વીડિયોમાં કહી રહ્યો છે કે ''...શું તમે જાણો છો કે આ ગુનો કઈ કલમમાં આવે છે? કલમ ૩૦૭. તેમને ૬૦ ટાંકા આવ્યા હતા. તે વ્યક્તિને ગંભીર હાલતમાં એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવી રહ્યો હતો. તેની પુત્રી પોલીસ સ્ટેશનની બહાર ઊભી રહીને કહી રહી હતી કે જો તેના પિતાને ન્યાય નહીં મળે તો તે આત્મહત્યા કરીને મરી જશે. પરંતુ મને જેલ પણ ના થઈ. દુનિયાને આ ખબર હોવી જોઈએ. હું આખી રાત બહાર ફરતો રહ્યો હતો. ■

### દેશની આકાશમાં

માટેનો ઉપગ્રહ હોવાની વાતને 'ઇસરો'એ નકારી કાઢી હતી.

દુનિયાના અનેક અર્થ ઑબ્ઝર્વેશન સેટેલાઇટ્સ લૉ-અર્થ ઑર્બિટમાં કાર્યરત છે, જ્યારે 'ઇઓએસ-૦૫' ઉપગ્રહ પૃથ્વીથી આશરે ૩૬,૦૦૦ કિલોમીટર ઉપર આવેલી જીઓસિન્ક્રોનસ ઑર્બિટમાં કાર્યરત રહેશે અને તે પૃથ્વીની ભ્રમણની ગતિ સાથે ફરશે. જીએસએલવી રૉકેટ દ્વારા ભ્રમણકક્ષામાં મુકાયેલો ૨,૩૦૦ કિલોગ્રામથી વધુ (૨,૩૬૭ કિલોગ્રામ) વજનનો આ ઉપગ્રહ સૌથી ભારે છે. 'ઇસરો'ને તાજેતરમાં અંતરિક્ષ ક્ષેત્રે થોડી નિષ્ફળતા મળી હતી અને હવે આ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકવામાં મળેલી સફળતાને લીધે તેનો નૈતિક જુસ્સો ફરી વધ્યો છે.

'ઇસરો'ના વડા વી. નારાયણને જણાવ્યું હતું કે જીએસએલવી એફ-૧૭ વેહિકલની મદદથી 'ઇઓએસ-૦૫' જીઓ ઇમેજિંગ સેટેલાઇટ નિર્ધારિત ભ્રમણકક્ષામાં મુકાયો હોવાનું જાહેર કરતા મને બહુ જ આનંદ થાય છે. અંતરિક્ષ વિભાગના સેક્રેટરીએ જણાવ્યું હતું કે શ્રીહરિકોટા ખાતેથી હાથ ધરવામાં આવેલું આ ૧૦૭મું અને ૧૯મું જીએસએલવી મિશન હતું. (એજન્સી) ■

### અમેરિકન ડીઝલનો

છે. અમેરિકામાં છૂટક ડીઝલનો ભાવ નવી ઊંચી સપાટીએ પહોંચ્યો છે. રશિયા દ્વારા ઈંધણનો પુરવઠો પહોંચાડવામાં પણ સમસ્યા નડી રહી છે.

અમેરિકામાં ડીઝલનો ભાવ ગેલન દીઠ અંદાજે ૫.૯૫ ડૉલર થઇ ગયો છે અને તેણે ૨૦૨૨ના ઊંચા ભાવના વિક્રમને તોડ્યો છે. તેને લીધે ડીઝલ-આધારિત ક્ષેત્રો પર આર્થિક દબાણ ઘણું વધી ગયું છે.

યુક્રેને હુમલા કરીને રશિયાની ક્રૂડ ઑઇલ રિફાઇનિંગ ક્ષમતા અને ડીઝલ પુરવઠાને માઠી અસર પહોંચાડી છે.

બ્રેન્ટ ક્રૂડનો ભાવ શુક્રવારે બેરલ દીઠ આશરે ૯૫.૫૨ ડૉલર થઇ ગયો હતો, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિએટ ટ્રેડિંગમાં ભાવ અંદાજે ૯૧.૩૬ ડૉલર હતો. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં એક અઠવાડિયામાં અંદાજે ૭.૬ ટકાનો વધારો થયો હતો, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિએટ ટ્રેડિંગમાં ભાવ ૧૦ ટકાથી વધુનો વધારો થયો હતો. (એજન્સી) ■

### ઍર ઈન્ડિયાના

માલૂમ પડતા તેની સામે કાર્યવાહી કરવા કહેવાયું હતું.

આમ છતાં, શું પાઇલટ-ઇન-કમાંડે ડ્રગ લીધું હોવાથી હાઇડ્રૉલિક સિસ્ટમ્સ નિષ્ફળ ગઇ હતી? કે તેને લીધે વિમાનના ઉડ્ડયનની ઊંચાઇમાં મોટો ફેરફાર થયો હતો? એ અંગે ઍરક્રાફ્ટ ઍક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોના અહેવાલમાં કોઇ ખુલાસો નથી કરાયો.

બ્યૂરો દ્વારા અકસ્માતની ટૅક્નિકલ બાબતમાં અને અન્ય પાસાં અંગે તપાસ ચાલી રહી છે.

વિમાનમાં આ ખામી ઊભી થઇ ત્યારે હવામાન સારું હતું. તપાસ કરી રહેલા નિષ્ણાતો વિમાનની હાઇડ્રૉલિક સિસ્ટમની નિષ્ફળતા અને અન્ય શક્યતાને ચકાસી રહ્યા છે.

ઍરક્રાફ્ટ ઍક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યૂરોના દસ પાનાનાં અહેવાલમાં જણાવાયું હતું કે વિમાનની ગ્રીન, બ્લૂ અને યલો હાઇડ્રૉલિક સિસ્ટમ્સ એકસાથે બંધ પડી ગઇ હતી. હાઇડ્રૉલિક સિસ્ટમ્સ થોડી સેકંડમાં જ ફરી ચાલુ કરાઇ હતી અને આ વિમાને દિલ્હી તરફનું ઉડ્ડયન ચાલુ રાખ્યું હતું. છેવટે ફ્લાઇટે દિલ્હીમાં સલામત રીતે ઉતરાણ કર્યું હતું. આ અકસ્માતને લીધે વિમાનની કૅબિનમાં ભારે નુકસાન થયું હતું. વિમાનની છતની પૅનલ્સમાં તિરાડ પડી હતી, ઑવરહેડ બિન્સ ખસી ગઇ હતી, હેન્ડરેલ્સ તૂટી હતી, ક્રૂની એક સીટ તેમ જ ઇમર્જન્સી-એક્ઝિટ હેન્ડલને નુકસાન થયું હતું.

આ વિમાન ફુકેટ આંતરરાષ્ટ્રીય વિમાનમથકેથી ચોથી ઑગસ્ટે કૉઑર્ડિનેટેડ યુનિવર્સલ ટાઇમ (યુટીસી) મુજબ રાતે ૧.૪૧ વાગ્યે ઊપડ્યું હતું. તેમાં ત્રણ નવજાત શિશુ સહિત ૧૩૭ મુસાફર, વિમાનના છ કર્મચારી અને બે પાઇલટ હતા. (એજન્સી) ■

### 'હરે કૃષ્ણ'નો

આશા ધૂંધળી બની ગઈ હોવા વચ્ચે શુક્રવારે આ બે જણને ટનલમાંથી ચમત્કારિક રીતે બચાવી લેવામાં આવ્યા હતા. બંને માટે આ નવું જીવન હતું. સંજય સાહે કહ્યું હતું કે ટનલમાં હું સતત હરે કૃષ્ણ મહામંત્રનો જાપ કરતો હતો. ગયા અઠવાડિયે નેપાળમાં આવેલા વિનાશક પૂરનો મરણાંક ૧,૨૫૦ પર પહોંચી ગયો છે. ત્રિશૂલ નદી નજીક આવેલા જુદા જુદા હાઈડ્રોપાવર પ્રોજેક્ટમાં હજુ પણ ૯૦૦ જેટલા લોકો ફસાયેલા હોવાનું માનવામાં આવે છે.

બચાવ ટુકડી દ્વારા કરવામાં આવી રહેલા સતત પ્રયાસ બાદ ટનલમાંથી ઉગારી લેવામાં આવેલા સંજય અને કબિર પ્રથમ બે કામદાર છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર પોલીસ અને સેનાની ટુકડીએ થોડા દિવસ અગાઉ ટનલની અંદરથી અવાજ આવતો સાંભળ્યો હતો જેને કારણે ફસાયેલા કામદારો જીવતા હોવાની આશા જાગી હતી. (એજન્સી) ■

### દેખાવકારોને ફટકારતા

કે દેશમાં યુવા આઇપીએસ દ્વારા દેખાવકારોને માર મારવાની બાબત ઘણી જ ચિંતાજનક ગણવી જોઇએ. આ પ્રસંગે કૉંગ્રેસના સાંસદ પી. ચિદમ્બરમ્‌, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ડીજીપી ડી. શિવદાસન અને અન્ય કેટલાક અગ્રણી લોકો હાજર રહ્યા હતા. (એજન્સી) ■

### ટ્રમ્પના મુલાકાતીઓની

બહુપક્ષીય મુલાકાતથી આગળ વધશે, જોકે હજુ સુધી કોઈ દ્વિપક્ષીય બેઠકની જાહેરાત કરવામાં આવી નથી. જો તમે પ્રમુખને પૂછો કે, તમારી પાસે ૩૫ જણ આવી રહ્યા છે. તમે કોને મળવા માંગો છો?, તો વડા પ્રધાન તે યાદીમાં ટોચ પર હશે.' તેમણે ઉમેર્યું હતું કે કારણ કે પ્રમુખ વડા પ્રધાનને મિત્ર માને છે, હું અપેક્ષા રાખું છું કે તે મુલાકાત ફક્ત એક જૂથ બેઠક કરતાં વધુ હશે. ગોરે રાષ્ટ્રપતિ તેમની ૨૦૨૦ની મુલાકાતને પ્રેમથી યાદ કરતા રહે છે, એમ કહીને ટ્રમ્પના આગામી વર્ષે ભારત પાછા ફરવાની શક્યતાનો પણ સંકેત આપ્યો હતો. ■

# લોઅર પરેલની સેન્ચુરી મિલની જમીન ખાનગી ડેવલપરને લીઝ પર આપવાનો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોઅર પરેલમાં પ્રાઇમ સેન્ચુરી મિલની જમીન ખાનગી ડેવલપરને ૩૦ વર્ષ માટે લીઝ પર આપવાના પ્રસ્તાવ સામે ફરી વિરોધ થયો છે. આગામી અઠવાડિયે પાલિકાની સામાન્ય સભામાં આ પ્રસ્તાવને અંતિમ મંજૂરી મળે તે પહેલાં જ કોંગ્રેસે આ નિર્ણયનો વિરોધ કર્યો છે. પક્ષે આક્ષેપ કર્યો છે કે ૧૩,૦૦૦ કરોડ રૂપિયાની અંદાજિત જમીનને પાલિકા ફક્ત ૧,૩૦૦ કરોડ રૂપિયામાં લીઝ પર આપી રહી છે. પક્ષે એવી માગણી પણ કરી છે કે શું પાલિકા પોતે આ મિલકતનો વિકાસ કરી શકે છે અને મુંબઈ માટે તેનું લાંબા ગાળાનું નાણાકીય અને જાહેર મૂલ્ય સુરક્ષિત કરી શકે છે કે કેમ તેનું વ્યાપક મૂલ્યાંકન કરવામાં આવે.

પાલિકાએ લોઅર પરેલમાં તેના ૨૩,૮૨૨ ચોરસ મીટર સેન્ચુરી મિલ્સ પ્લોટ માટે સૌથી વધુ બોલી લગાવનાર તરીકે મેસર્સ પેડર રિયલ્ટી લિમિટેડને પસંદ કરી છે, જેમાં ૩૦ વર્ષના ભાડાપટ્ટા હેઠળ ૧,૩૫૧ કરોડ રૂપિયાની બોલી લગાવવામાં આવી છે, જે જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) મોડેલ દ્વારા વધુ ૩૦ વર્ષ માટે લંબાવી શકાય છે. આ પુનર્વિકાસથી ભૂતપૂર્વ મિલ-કામદારોના પરિવારોને કાયમી ઘરો મળશે.

# ભાયખલા પરિસરમાં ગેરકાયદે બાંધકામને તોડી ફૂટપાથ અતિક્રમણ મુક્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' ઝુંબેશ હેઠળ ભાયખલા વિસ્તારમાં ૧૫ અનધિકૃત સ્ટોલ સામે કાર્યવાહી કરીને રાહદારીઓ માટે સાફ અને અતિક્રમણ મુક્ત ફૂટપાથ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

પાલિકાએ શુક્રવારે કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશન (પૂર્વ) પાસેના નાયર હૉસ્પિટલના માર્ગ પર ફૂટપાથમાં અવરોધ ઉભો કરનાર ૧૩ અને બાબાસાહેબ આંબેડકર માર્ગ પરના બે સહિત કુલ ૧૫ અનધિકૃત સ્ટોલને દૂર કરવામાં આવ્યા હતા. એ ઉપરાંત મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન (પૂર્વ) નજીક નાયર હૉસ્પિટલ તરફ જતા માર્ગ પરના ૨૭ સ્ટોલધારકો ફાળવેલ જગ્યા કરતા વધુ જગ્યા પર કબજો કરતા જોવા મળ્યા હતા. આવા તમામ ૨૭ સ્ટોલધારકોને નોટિસ પાઠવવામાં આવી છે. તેમ જ નાયર હૉસ્પિટલ તરફ જતા મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન (પૂર્વ) નજીક ફૂટપાથ પરના ૨૧ વૃક્ષોની આસપાસના વૃક્ષોના આજુબાજુના સિમેન્ટના બાંધકામને હટાવીને માટી નાખીને સમારકામ કરવામાં આવ્યું હતું. તેમજ કેટલીક ઝાડની ડાળીઓ કાપવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મહાનગરપાલિકા 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' ઝુંબેશ અમલમાં મૂકી છે. આ ઝુંબેશ અંતર્ગત ભાયખલા વિસ્તારના ડો. આનંદ રાવ નાયર માર્ગ પર આવેલી નાયર હૉસ્પિટલ પાસે લગભગ ૨૬૦ મીટર ફૂટપાથનું સમારકામ કરવામાં આવ્યું હતું. આ ફૂટપાથની સરેરાશ પહોળાઈ ૩.૭૫ મીટર છે, જેમાંથી ૨.૧૫ મીટરની સરેરાશ પહોળાઈ રાહદારીઓને મફત અને સતત અવરજવર માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ વિસ્તારના ૧૩ અનધિકૃત સ્ટોલને દૂર કરવામાં આવ્યા છે. નાયર હૉસ્પિટલ પરિસર હોવાથી આ ફૂચપાથનો ઉપયોગ દર્દીઓ, તેમના સંબંધીઓ, હૉસ્પિટલ સ્ટાફ અને અન્ય નાગરિકો મોટી સંખ્યામાં કરે છે.




# જી-ઉત્તર વોર્ડમાં ઘન કચરાના વહન માટે ૨૦ નવાં વાહનો

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં ઘન કચરાનો સંગ્રહ અને તેને ડમ્પિંગ ગ્રાઉન્ડ સુધી પહોંચાડવાની વ્યવસ્થા વધુ સક્ષમ બનાવવાના ઉદ્દેશ્યથી જી-ઉત્તર વિભાગ માટે ૨૦ નવી ગાડીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પાલિકાના જી-ઉત્તર વિભાગના પ્રભાગ સમિતિ અધ્યક્ષ અને કોર્પોરેટર યશવંત કિલ્લેદારના સતત પ્રયાસોથી પાલિકાના ઘન કચરા વ્યવસ્થાપન વિભાગના કાફલામાં નાની-મોટી મળીને કુલ ૭૩ ગાડીઓ કચરો એકઠો કરવા અને તેના વહન માટે ઉપલબ્ધ થઈ છે, જેમાંથી ૨૦ ગાડીઓનું ઉદ્ઘાટન શુક્રવારે છત્રપતિ શિવાજી મહારાજ પાર્ક મેદાન ખાતે કરવામાં આવ્યું હતું. સ્વચ્છ, સુંદર અને કચરામુક્ત મુંબઈ તરફના એક મહત્ત્વપૂર્ણ પગલા તરીકે આ નવાં વાહનોનો ઉપયોગ કરવામાં આવશે. આ વાહનોના કારણે ઘન કચરો એકત્રિત કરવાની પ્રક્રિયા વધુ ઝડપી અને અસરકારક બનશે, જેનાથી સંબંધિત વિભાગની કચરા વ્યવસ્થાપન પ્રણાલી વધુ સક્ષમ બનવાની અપેક્ષા છે.

# મુંબઈમાં જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી થઈ

## મંદિરોમાં ભક્તોની ભીડ, શહેર 'દહીં-હાંડી' માટે સજ્જ

મુંબઈ: શુક્રવારે મુંબઈમાં ધાર્મિક ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને વાતાવરણ 'હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. જન્માષ્ટમી નિમિત્તે વહેલી સવારથી શહેરભરના કૃષ્ણ મંદિરોમાં શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી હતી.

શહેર શનિવારે યોજાનારા 'દહીં-હાંડી' ઉત્સવની તૈયારીઓ પણ કરી રહ્યું છે. આ ઉત્સવ દરમિયાન 'ગોવિંદા'ઓની અનેક ઉત્સાહી ટુકડીઓ ગલીએ ગલીએ ઊંચાઈએ લટકાવેલી દહીં અને દૂધથી ભરેલી માટીની હાંડીઓ ફોડવા માટે માનવ-પિરામિડ રચશે. કૃષ્ણ જન્માષ્ટમી, જેને કૃષ્ણાષ્ટમી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે વિષ્ણુના આઠમા અવતાર ભગવાન કૃષ્ણના જન્મની યાદમાં મનાવવામાં આવે છે. મહાનગરમાં આવેલા ભગવાન શ્રીકૃષ્ણના મંદિરો ફૂલો અને ઝળહળતી રોશનીથી સુશોભિત થયા હતા, જેનાથી વિશેષ રમણીય વાતાવરણ સર્જાયું હતું. ગિરગાંવ ચોપાટી સ્થિત ઇસ્કોન મંદિરમાં વહેલી સવારની વિધિઓની શરૂઆત ભવ્ય 'મંગળા આરતી' સાથે થઈ, શનિવારે યોજાનારા દહીં હાંડી ઉત્સવમાં મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિને ધ્યાનમાં રાખીને, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસે મુખ્ય સ્થળોએ સુરક્ષાની વ્યાપક વ્યવસ્થાઓ અને ટ્રાફિક ડાયવર્ઝન અમલમાં મૂક્યા છે.



દિવ્યાંગ બાળકો દ્વારા દહીંહાંડીની ઉજવણી. (અમય ખરાડે)

# મુંબઈ પોલીસનો છ વર્ષનો સૌથી શ્રેષ્ઠ દેખાવ: ગુના ઉકેલનો દર ૮૫ ટકા

મુંબઈ: મુંબઈ પોલીસનો ગુના ઉકેલવાનો દર પહેલી જાન્યુઆરીથી ૩૧ ઑગસ્ટ દરમિયાન ૮૫ ટકા રહ્યો હતો, જે આ જ સમયગાળામાં છેલ્લાં છ વર્ષમાં સૌથી શ્રેષ્ઠ હોવાનું વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ મહિલાઓ વિરુદ્ધના ગુનામાં ચાર ટકાનો ઘટાડો થયો છે અને દરેક શ્રેણીમાં ગુના ઉકેલવાનો દર વધ્યો છે. સાયબર ફ્રોડમાં ગુમાવેલી રકમ પાછી મેળવવામાં નોંધપાત્ર કામગીરી બજાવાઈ છે, જ્યારે ડ્રગ્સ વિરોધી ઝુંબેશને પણ ઉલ્લેખનીય સફળતા મળી છે. મુંબઈ પોલીસ દ્વારા જારી કરાયેલા આંકડા દર્શાવે છે કે હત્યાના પ્રયાસ અને લૂંટના કેસ ૧૦૦ ટકા ઉકેલાયા છે, જ્યારે હત્યા જેવા ગંભીર ગુનામાં પણ ૯૯ ટકા કેસ સૉલ્વ થયા છે.

૨૦૨૬માં સાયબર ક્રાઈમ ઉકેલનારી પોલીસ ટીમ્સે છેતરાયેલા લોકોએ ગુમાવેલાં નાણાંમાંથી ૨૭.૬૩ ટકા રકમ બૅન્ક ખાતાઓમાં જ સીઝ કરી હતી, જે ૨૦૨૨માં ૪.૯ ટકાની સામે શ્રેષ્ઠ ગણી શકાય. સીઝ કરાયેલા ૧૮૬.૩૬ કરોડ રૂપિયા મૂલ માલિકને પાછા આપવામાં આવ્યા હતા.

યુવાનોને નશાના બંધાણી થતા રોકવા પોલીસ દ્વારા ડ્રગ્સ વિરોધી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ૨૦૨૪થી મુંબઈ પોલીસે ૩,૦૫૨ કેસ નોંધીને ૧,૬૦૬ કરોડ રૂપિયાનું ૬,૩૭૧ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ કાર્યવાહી દરમિયાન પોલીસ ટીમે ડ્રગ્સનું ઉત્પાદન કરતી ગેરકાયદે ૧૧ ફૅક્ટરીનો પર્દાફાશ કર્યો હતો.

એ સિવાય ૨૦૨૫-૨૬માં ડ્રગ્સના મોટા ઈન્ટરનૅશનલ નેટવર્ક સાથે સંકળાયેલા પાંચ મુખ્ય સભ્યને પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવામાં આવ્યા પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ)







# નગરસેવકો માટે 30 કરોડના ખર્ચે નવું સભાગૃહ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં આવેલા મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયમાં ઐતિહાસિક સભાગૃહમાં થનારી સામાન્ય સભા ભવિષ્યમાં હવે નવા સભાગૃહમાં યોજાશે.

મુંબઈના નગરસેવકોની સંખ્યા વધવાની સાથે જ અધિકારીઓ અને કર્મચારીઓ માટે અપૂરતી જગ્યા હોવાથી તેમ જ ભવિષ્યમાં નગરસેવકોની સંખ્યામાં હજી વધારો થવાની શક્યતાને પગલે પાલિકા મુખ્યાલયની સામે આવેલા જિમખાનાની બિલ્ડિંગમાં નવું સભાગૃહ બનાવવામાં આવવાનું છે. બહુ જલદી તેનો સુધારિત અંતિમ પ્લાન તૈયાર કરીને તેને સ્થાયી સમિતિમાં રજૂ કરવામાં આવવાનો છે. નવા સભાગૃહમાં ૩૩૦ લોકો બેસી શકે એ પ્રમાણેની વ્યવસ્થા રહેશે. પાંચ માળના બાંધકામનો ખર્ચ લગભગ ૩૦ કરોડ રૂપિયાની આસપાસ થવાનો અંદાજો છે.

હવે ટાઉન હોલ જિમખાનાના પ્રસ્તાવમાં ફેરફાર કરીને પ્રશાસને એક નવું ઓડિટોરિયમ બનાવવાની યોજના બનાવી છે. તે મુજબ અગાઉ ૩૫૦ની બેઠક ક્ષમતા હતી, તેમાં વધારો કરીને હવે ૩૨૯ની બેઠક ક્ષમતા હશે. અહીં ૮૦ વાહનોની પાર્કિંગ ક્ષમતા સામે હવે તેને ઘટાડીને ૬૦ વાહનોની કરવામાં આવવાની છે. પાંચ માળની ઇમારત બનાવતી વખતે હાલની ૧૬ દુકાનને ગ્રાઉન્ડ ફ્લોર પર જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઓડિટોરિયમ ચોથા અને પાંચમા માળે એકસાથે બનાવવામાં આવશે. અહીં પાર્ટી ઓફિસો પણ હશે.

# ગણેશોત્સવ દરમ્યાન બેસ્ટની રાતના સ્પેશ્યલ બસ સેવા ઉપલબ્ધ થશે

મુંબઈ: ગણેશોત્સવ દરમ્યાન મોટી સંખ્યામાં ગણેશભક્તોની ભીડ થતી હોવાથી બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમે સ્પેશિયલ બસ દોડાવવાનો નિર્ણય લીધો છે.

ગૌરી વિસર્જન પછી અનંત ચતુર્દશી સુધી વિવિધ વિસ્તારોમાં ગણેશ ભક્તોનો ભારે ધસારો હોવાથી મુસાફરોની સુવિધા માટે બેસ્ટે રાત્રિ વિશેષ બસો ચલાવવાનું આયોજન કર્યું છે. ૧૪ સપ્ટેમ્બરથી ૨૪ સપ્ટેમ્બર સુધી આ બસો રાતના ૧૦.૩૦ થી સવારે છ વાગ્યા સુધી વિવિધ રૂટ પર દોડાવવામાં આવશે.

બેસ્ટ પ્રશાસને ખાસ કરીને પરેલ, લાલબાગ, ગિરગાંવ અને ખેતવાડી વિસ્તારોમાં ગણેશોત્સવના ધસારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રાત્રે વિસર્જન સ્થળોએથી ગણેશ ભક્તોને ઘરે પાછા લઈ જવા માટે ૧૦ બસ રૂટ પર કુલ ૨૬ બસો દોડાવવામાં આવશે. આમાં એ-ફોર રૂટ પર ડો. એમ. ઇસ્માઇલ ચોકથી ઓશિવરા ડેપો, એ-આઠ રૂટની છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી શિવાજી નગર ટર્મિનસ, એ-૨૧ નંબરની છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી દેવનાર ડેપો અને બાંદ્રા ડેપોથી રાણી એ-૨૧ રૂટ પર વધારાની બસ સેવાઓ પૂરી પાડવામાં આવશે. ઉપરાંત એ-૪૨ કમલા નહેરુ ઉદ્યાન-મહારાણા પ્રતાપ ચોક (મઝગાંવ), એ-૪૪ વરલી ડેપો-શ્રવણ યશવંત ચોક (કાલા ચોકી), ૫૧ ઇલેક્ટ્રિક હાઉસ-સાંતાક્રુઝ ડેપો, ૬૪ દાદર રેલવે સ્ટેશન (પૂર્વ) - શ્રવણ યશવંત ચોકી (પૂર્વ), છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ-રાણી લક્ષ્મીબાઈ ચોક (સાયન) અને ૬૯ ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ચોક (મ્યુઝિયમ)-પ્રબોધનકાર ઠાકરે ઉદ્યાન (શિવાજી પાર્ક)નો સમાવેશ થાય છે.

# સ્કૂલ બસમાં ત્રણ વર્ષની વિદ્યાર્થિની સાથે શરમજનક કૃત્ય: ડ્રાઈવરની ધરપકડ

થાણે: નવી મુંબઈમાં બનેલી આંચકાજનક ઘટનામાં ત્રણ વર્ષની વિદ્યાર્થિની સાથે ખાનગી સ્કૂલ બસના ડ્રાઈવરે કથિત શરમજનક કૃત્ય આચર્યું હતું. કામોઠે વિસ્તારમાં બનેલી આ ઘટના પ્રકરણે પોલીસે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ કિંડરગાર્ટન અને પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવા માટે આરોપી ખાનગી બસનો ઉપયોગ કરતો હતો. બુધવારની બપોરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ ડ્રાઈવરે બધા વિદ્યાર્થીઓને તેમના સ્થાને છોડ્યા પછી બાળકી એકલી જ બસમાં હતી. બાળકીને એકલી જોઈ ડ્રાઈવરે જાતીય હુમલો કર્યો હતો.ઘર પહોંચ્યા પછી બાળકીએ પેટમાં દુખાવાની ફરિયાદ કરી હતી અને તેની સાથે બનેલી બીનાની દાદીને જાણ કરી હતી. (પીટીઆઈ)

# સારી શાળાની માગણી સરકાર વિરોધી કેવી રીતે હોઈ શકે: દીપકે

નાશિક: સારી શાળાઓ અથવા તેની સ્થિતિમાં સુધારાની માગણી સરકાર વિરોધી મુદ્દો કેવી રીતે કહી શકાય એવો સવાલ ઉઠાવી સીજેપીના સ્થાપક અભિજિત દીપકેએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને હકીકત જાણવા 'આશ્રમશાળાઓ'ની મુલાકાત લેવા વિનંતી કરી છે. નાશિકમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા આદિવાસી વિદ્યાર્થીઓને ગુરુવારે મળ્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં દીપકેએ એમ પણ જણાવ્યું હતું કે આદિવાસી વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ, ખોરાક અને શિક્ષણમાં અસમાનતા ચલાવી લેવાય એવી નથી. મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાંથી ૧૦૦થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓ નાશિકના ઈદગાહ મેદાનમાં વિરોધ પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યા છે, જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓ સારા ખોરાક અને વિદ્યાર્થીઓની સલામતી સહિતની અનેક માગણીઓના મુદ્દે ભૂખ હડતાળ પર છે. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ આશ્રમશાળાઓમાં શૌચાલયોની ખરાબ સ્થિતિ, આરોગ્ય સમસ્યાઓ અને શૈક્ષણિક સુવિધાઓના અભાવ તરફ પણ દીપકેનું ધ્યાન દોર્યું હતું.

# ઘરમાં કીમતી વસ્તુ ન મળતાં ચોર બે ગૅસ સિલિન્ડર ચોરી ગયા: ત્રણની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંદિવલીના ઘરમાં ચોરીને ઇરાદે ઘૂસેલા ચોરોને કોઈ કીમતી વસ્તુ હાથ ન લાગતાં બે ગૅસ સિલિન્ડર ઉઠાવી ગયા હતા. સમતાનગર પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓની ઓળખ મેળવી સાત દિવસમાં જ ત્રણની ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ સુમિત સંજીત સિંહ, ચંદન સુનીલ તિલક અને શિવમ બલદેવ તિવારી ઉર્ફે ગોર્યા તરીકે થઈ હતી. પોલીસે ચોરાયેલાં બન્ને સિલિન્ડર પણ જપ્ત કર્યાં હતાં. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીઓની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ફરિયાદી રેશમા ભુવડ (૪૯) પરિવાર સાથે કાંદિવલી પૂર્વમાં કાજુપાડા ખાતે ગાંવદેવી રોડ પરની ગોવિંદ મિસ્ત્રી ચાલમાં રહે છે. તે ઘરકામ કરે છે, જ્યારે પતિ રામચંદ્ર ભુવડ ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ફરિયાદ અનુસાર પચીસ ઑગસ્ટની સવારે નવ વાગ્યાની આસપાસ રેશમા પતિ અને દીકરા સાથે કામ નિમિત્તે ઠાકુર કૉમ્પ્લેક્સ જવા ઘરેથી નીકળી હતી. જોકે ઘરેથી નીકળતી વખતે પરિવારજનો મુખ્ય દરવાજો બંધ કરવાનું ભૂલી ગયા હતા. બપોરે ત્રણ વાગ્યાની આસપાસ રેશમા ઘરે પાછી ફરી ત્યારે ચોરીની જાણ થઈ હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓ ચોરીને ઇરાદે ઘરમાં ઘૂસ્યા હતા, પરંતુ આખું ઘર ખૂંદી વળ્યા છતાં કોઈ કીમતી વસ્તુ મળી નહોતી. આખરે એલપીજીનાં બે સિલિન્ડર ચોરી આરોપી ફરાર થઈ ગયા હતા. આ પ્રકરણે ગુનો નોંધાતાં જ પોલીસે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીઓની ઓળખ મેળવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસે ત્રણેયને તાબામાં લીધા હતા.

# બોમ્બે હાઈ કોર્ટે મહિલા માટે 'રૂઢિચુસ્ત' વિચારો પર આધારિત ફેમિલી કોર્ટનો આદેશ રદ કર્યો

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે એક સગીર પુત્રની વચગાળાની કસ્ટડી તેના પિતાને સોંપવાના ફેમિલી કોર્ટના આદેશને રદ કર્યો છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે ટ્રાયલ જજે બાળકના કલ્યાણનું સ્વતંત્ર રીતે મૂલ્યાંકન કરવાને બદલે પત્નીની ભૂમિકા અંગે ''પછાત'' અને ''રૂઢિચુસ્ત'' માન્યતાઓ પર આધાર રાખ્યો હતો.

ન્યાયમૂર્તિ ભારતી ડાંગરેના નેતૃત્વ હેઠળની ડિવિઝન બેન્ચે માતા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ મંજૂર કરી અને તેના પુત્રની કસ્ટડી પોતાની પાસે રાખવાની પરવાનગી આપી. સિંગાપોરમાં રહેતા પિતાને દર ત્રણ મહિને એકવાર બાળકને મળવાની અને અઠવાડિયામાં ઓછામાં ઓછી એકવાર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંપર્ક કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આ દંપતીએ ૨૦૧૨માં લગ્ન કર્યા હતા અને ૨૦૧૬માં તેમનો પુત્ર જન્મ્યો હતો. આ પરિવાર ૨૦૨૨માં સિંગાપોર સ્થળાંતર કરી ગયો હતો. લગ્નજીવનને લગતા વિવાદોને પગલે, માતા માર્ચ ૨૦૨૫માં બાળક સાથે પુણે પરત ફરી હતી. પિતાએ બાળકની વચગાળાની કસ્ટડી અને બાળકને સિંગાપોર લઈ જવાની માગણી કરી હતી. અગાઉ હાઈ કોર્ટે આ મામલો નિર્ણય માટે ફેમિલી કોર્ટને પરત મોકલ્યો હતો અને માતા-પિતા વચ્ચેના વિવાદને બદલે બાળકના કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ચોક્કસ નિર્દેશો આપ્યા હતા.



# દહીંહાંડી ૨૦૨૬: થાણેમાં ભવ્ય ઉજવણીની તૈયારીઓ

## ₹૭૧ લાખ સુધીનાં ઈનામો સાથે ૨૫૪ કાર્યક્રમોને અપાઈ મંજૂરી

થાણે: મહારાષ્ટ્રમાં દહીંહાંડીની ઉજવણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શનિવાર, ૫ સપ્ટેમ્બરે થાણે શહેરમાં દહીંહાંડીના અનેક ભવ્ય કાર્યક્રમો યોજાવાના છે. વિવિધ આયોજકો દ્વારા ગોવિંદા પથકો માટે લાખો રૂપિયાનાં રોકડ ઇનામોની જાહેરાત કરવામાં આવી છે. શહેરમાં યોજાનારા મોટા કાર્યક્રમોમાં કુલ ઇનામ રકમ ₹૭૧ લાખ સુધી પહોંચે છે.

પરંપરાગત રીતે ભગવાન શ્રીકૃષ્ણના બાળપણમાં દહીંહાંડી ફોડવાની લીલા સાથે જોડાયેલો આ તહેવાર હવે મહારાષ્ટ્રમાં એક મોટી રમતગમતના સ્વરૂપમાં વિકસ્યો છે. દહીંહાંડી દરમિયાન ગોવિંદા પથકો એકબીજાના ખભા પર ચઢીને ઊંચા માનવ પિરામિડ બનાવે છે. અનેક ટીમો નવ અને કેટલીક જગ્યાએ ૧૦ સ્તર સુધીના માનવ પિરામિડ બનાવવાનો પ્રયાસ કરશે. રાજકીય નેતાઓ તેમજ વિવિધ સ્થાનિક સંસ્થાઓ આ મોટા કાર્યક્રમોના મુખ્ય આયોજકોમાં સામેલ છે.

**પંચપખાડી અને હીરાનંદાની મીડોઝમાં ₹૭૧ લાખનું ઇનામ**

થાણેના પંચપખાડી અને હીરાનંદાની મીડોઝ ખાતે સ્વામી પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત દહીંહાંડી મુખ્ય આકર્ષણોમાંની એક રહેશે. ધારાસભ્ય શિવાજીરાવ પાટીલના આયોજન હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં કુલ ₹૭૧ લાખનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે. આયોજકોએ ગોવિંદા પથકોની સુરક્ષાને પણ પ્રાથમિકતા આપી છે. ભાગ લેનારાઓ માટે સેફ્ટી હાર્નેસ, વ્યાવસાયિક હાર્નેસ સિસ્ટમ તેમજ સંપૂર્ણ વીમા કવચની વ્યવસ્થા કરવામાં આવી છે.

શિવાજીરાવ પાટીલે જણાવ્યું હતું કે, અમારું ધ્યાન માત્ર ગોવિંદા પથકોના સાહસ અને રમતિયાળ પ્રતિભાને મોટી ઇનામી રકમથી પ્રોત્સાહન આપવા પૂરતું સીમિત નથી. દરેક ભાગ લેનાર આત્મવિશ્વાસ સાથે પ્રદર્શન કરી શકે તે માટે વિશ્વસ્તરીય સુરક્ષા સાધનો અને સંપૂર્ણ વીમા કવચની વ્યવસ્થા કરવામાં આવી છે.

**કાસલ મિલમાં ₹૫૫ લાખની ગોકુલ દહીંહાંડી**

કાસલ મિલ ખાતે ડેપ્યુટી મેયર કૃષ્ણા પાટીલ દ્વારા આયોજિત ગોકુલ દહીંહાંડી પણ આ વર્ષે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. અહીં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ગોવિંદા પથકો માટે કુલ ₹૫૫ લાખનાં ઈનામોની જાહેરાત કરવામાં આવી છે.

**વર્તકનગરમાં વિશ્વ રેકોર્ડ બનાવવાનો કરાશે પ્રયાસ**

વર્તકનગર ખાતે ધારાસભ્ય અને રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકના નેતૃત્વ હેઠળ સંસ્કૃતિ યુવા પ્રતિષ્ઠાન દ્વારા યોજાનારી દહીંહાંડીમાં ₹૨૧ લાખથી ₹૫૧ લાખ સુધીનાં ઇનામો જાહેર કરવામાં આવ્યાં છે. આ કાર્યક્રમ છેલ્લા કેટલાક સમયથી વિશ્વ રેકોર્ડ બનાવવાના પ્રયાસો માટે પણ ચર્ચામાં રહ્યો છે. પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે, દહીંહાંડી હવે મહારાષ્ટ્રમાં એક માન્ય એડવેન્ચર સ્પોર્ટ્સ તરીકે વિકસિત થઈ છે. અમારા યુવા ગોવિંદા પથકો જે ચોક્સાઈ, શિસ્ત અને એકતાનું પ્રદર્શન કરે છે તેના આધારે થાણે વિશ્વ રેકોર્ડ સ્થાપિત કરી શકે છે, તે ગૌરવની વાત છે.

**રહેજા પાર્કમાં વિશ્વ રેકોર્ડ તોડનાર ટીમને ₹૨૧ લાખ**

રહેજા પાર્ક ખાતે સંકલ્પ પ્રતિષ્ઠાન દ્વારા સતત ૨૧મા વર્ષે દહીંહાંડીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એમએલસી રવિન્દ્ર ફાટકે વિશ્વ રેકોર્ડ તોડનારી કોઈપણ ટીમને ₹૨૧ લાખના વિશેષ ઇનામની જાહેરાત કરી છે. આ ઉપરાંત મહિલા ગોવિંદા પથકો માટે પણ અલગ રોકડ ઈનામોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

**ટેંભી નાકાની દહીંહાંડી પણ ચર્ચામાં**

થાણેની સૌથી જૂની અને જાણીતી મોટા પાયાની દહીંહાંડી ઉજવણીઓમાંની એક ટેંભી નાકાની દહીંહાંડી પણ આ વર્ષે ભવ્ય રીતે યોજાશે. દિવંગત શિવસેના નેતા આનંદ દીઘેના સમર્થકો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ₹૧૧ લાખથી લઈને ₹૨૫ લાખથી વધુનાં ઇનામોની જાહેરાત કરવામાં આવી છે. ટેંભી નાકાની દહીંહાંડી વર્ષોથી થાણેની દહીંહાંડી ઉજવણીનું મહત્વનું કેન્દ્ર રહી છે અને આ વર્ષે પણ અહીં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાની શક્યતા છે.

**પંચપખાડી અને નૌપાડામાં પણ મોટાં ઇનામો**

ધારાસભ્ય જિતેન્દ્ર આવ્હાડ દ્વારા પંચપખાડી ખાતે યોજાનારી દહીંહાંડીમાં ₹૧૧ લાખથી ₹૨૫ લાખ સુધીના ઇનામો આપવામાં આવશે. જ્યારે નૌપાડામાં અવિનાશ જાધવના આયોજન હેઠળ યોજાનારી દહીંહાંડીમાં ₹૧૧ લાખથી ₹૨૧ લાખથી વધુનાં ઇનામોની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત બાળકોમાં દિવ્યાંગતા ધરાવતા ગોવિંદાઓ માટે પણ વિશેષ દહીંહાંડી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બાલકુમ અને નૌપાડા ખાતે આવા વિશેષ કાર્યક્રમો યોજાશે, જેથી દરેક વર્ગના લોકો તહેવારની ઉજવણીમાં ભાગ લઈ શકે.

**૨૫૪ કાર્યક્રમોને પોલીસની મંજૂરી**

દહીંહાંડીની ભવ્ય ઉજવણીને ધ્યાનમાં રાખીને થાણે પોલીસ કમિશનરેટ દ્વારા શહેરના પાંચ ઝોનમાં કુલ ૨૫૪ જાહેર કાર્યક્રમોને મંજૂરી આપવામાં આવી છે. મોટી સંખ્યામાં લોકો અને ગોવિંદા પથકો એકત્ર થવાના હોવાથી પોલીસ દ્વારા સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાને લઈને વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.શહેરમાં બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમાં સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવા ઉપરાંત સાદા વસ્ત્રોમાં પોલીસ કર્મચારીઓની તહેનાતી અને પોલીસ પેટ્રોલિંગમાં વધારો કરવામાં આવ્યો છે.

થાણેમાં દહીંહાંડીના વિવિધ કાર્યક્રમો દરમિયાન મોટી ભીડ એકત્ર થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને પોલીસ અને આયોજકો બંને સુરક્ષાને ખાસ પ્રાધાન્ય આપી રહ્યા છે. ઊંચા માનવ પિરામિડ અને મોટી સંખ્યામાં દર્શકોને કારણે સુરક્ષા વ્યવસ્થા આ વર્ષની ઉજવણીનું મહત્ત્વનું પાસું બની રહેશે. આ રીતે ₹૭૧ લાખ સુધીના આકર્ષક ઇનામો, ૯થી ૧૦ સ્તરના માનવ પિરામિડના પ્રયાસો, વિશ્વ રેકોર્ડ બનાવવાની તૈયારીઓ અને ૨૫૪ જાહેર કાર્યક્રમો સાથે થાણેમાં દહીંહાંડી ૨૦૨૬ની ઉજવણી ભવ્ય અને રોમાંચક બનવાની સંભાવના છે.

છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્ર સરકાર

જ મહત્ત્વપૂર્ણ દિવસો અને વિશેષ સમયગાળાઓ દર્શાવશે. તે ભારતીય સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય કાર્યક્રમો વિશેની માહિતી પણ પ્રદર્શિત કરી શકે છે.

પુરાતત્ત્વ અને સંગ્રહાલય નિયામક કચેરી તેની ખરીદી પ્રક્રિયા અને સાધનોની સમયાંતરે તકનિકી તપાસ હાથ ધરવા માટે જવાબદાર રહેશે. આદેશમાં જણાવ્યા અનુસાર, તેનો ખર્ચ પ્રવાસન અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ હેઠળ ઉપલબ્ધ ભંડોળમાંથી કરવામાં આવશે. (પીટીઆઈ)

### બીએમસી સ્કૂલના

હેઠળ સામાજિક કાર્યકરોએ મુંબઈ મહાનગરપાલિકા અને પોલીસ પ્રશાસનને આ અંગે ફરિયાદ કરી હતી. આ ફરિયાદની ગંભીર નોંધ લઈને ઉચ્ચ અધિકારીઓએ એસઆરપીએફના જવાનોને ૨૪ કલાકની અંદર વિદ્યાર્થીઓના ક્લાસરૂમમાંથી પોતાનો સામાન હટાવી લેવાનો આદેશ આપ્યો હતો અને આખરે બંને ક્લાસરૂમ ખાલી કરાવાયા.

‘સ્કૂલ ઠીક કરો’ અભિયાનને કારણે આખરે બે ક્લાસરૂમ ફરી સ્કૂલના હસ્તક આવી ગયા અને હવે તેનો ઉપયોગ વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય માટે કરવામાં આવશે.

### ભાજપના નેતાના

ડિવિઝનલ ઓફિસર રામદાસ દાઉદ, સબ ડિવિઝનલ પોલીસ ઓફિસર અનંત કુલકર્ણી, જાલના મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર રાજેશ રાઉત અને જાલના મામલતદાર ધૈર્યશીલ ગવળી સહિત અન્ય લોકોની હાજરીમાં તેમની સાથે ચર્ચા કરી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને જાલના જિલ્લાના પાલક મંત્રી પંકજા મુંડેને માગણીઓ વિશે માહિતગાર કર્યા હોવાનું કુલકર્ણીએ જણાવ્યું હતું.

ભાજપ પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે આ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે બ્રાહ્મણ સમુદાયના પ્રતિનિધિઓ અને ફડણવીસ વચ્ચે ટૂંક સમયમાં મુંબઈમાં બેઠક યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. દેશપાંડેએ જણાવ્યું હતું કે, રત્નાવારે પરશુરામ આર્થિક વિકાસ નિગમ માટે પૂરતા ભંડોળ, નિગમમાં બિન-સરકારી સભ્યો અને કર્મચારીઓની નિમણૂક, બ્રાહ્મણ સમુદાયના વિદ્યાર્થીઓ માટે મફત શિક્ષણ, આર્થિક દૃષ્ટિએ પછાત લોકોની અનામત માટે આવક મર્યાદામાં વધારો અને વિદ્યાર્થીઓ માટે મફત સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન કેન્દ્રોની માગ કરી રહ્યા છે. (પીટીઆઈ)

### ઉત્સવોમાં

લાઉડસ્પીકરના ઉપયોગનો વિરોધ કરી રહેલા બાપટ ગુરુવારે તિલક રોડ પર એક ટેલિવિઝન ન્યૂઝ ચેનલ સાથે વાત કરી રહ્યા હતા ત્યારે એક વ્યક્તિએ તેમની મારપીટ કરી હતી. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને પોલીસે બાદમાં મારપીટ કરનારની ધરપકડ કરી હતી.

પવારે કહ્યું કે ‘તહેવારોએ ખુશી ફેલાવવી જોઈએ અને ખલેલ પહોંચાડવી જોઈએ નહીં. તહેવારો આનંદદાયક હોવા જોઈએ. રસ્તાઓ પર ડીજે અને કાર્યક્રમોનો જોરદાર અવાજ તહેવારની ગંભીરતા છીનવી લે છે. હું વિદ્યાનંદ બાપટને ઓળખતો નથી, પણ તેમણે ઉઠાવેલો મુદ્દો સાચો છે. ગણેશોત્સવ ઉજવવાની પરંપરા છે, પરંતુ બાપટ ખોટી પ્રથા સામે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી રહ્યા છે. હું તેમના વલણને સમર્થન આપું છું.’

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને બાપટ પરના હુમલાની નિંદા કરતા કહ્યું કે મંતવ્યોના મતભેદ હિંસા તરફ દોરી ન જવા જોઈએ. કોઈએ આ મુદ્દા પર અભિપ્રાય વ્યક્ત કર્યો એટલે મારપીટ કરવી એ લોકશાહી પર હુમલો છે.

પુણે પોલીસ કમિશનર અને અન્ય અધિકારીઓએ આ મુદ્દા પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. સોલાપુરે ડીજે અંગે નિર્ણય લીધો એવા નિર્ણય લેવાની જરૂર છે.’

જનતાના આરોગ્યને ધ્યાનમાં રાખી તહેવારો દરમિયાન ધ્વનિ પ્રદૂષણ સામેના તેમના વલણને સમગ્ર મહારાષ્ટ્રમાં વધતો જતો ટેકો મળ્યો છે જે એક નાગરિક ચળવળમાં ફેરવાઈ રહ્યો હોય તેવું લાગે છે.

બાપટની મારપીટની રાજકીય નેતાઓએ તેની નિંદા કરી છે અને જાહેર ઉજવણી દરમિયાન અવાજના નિયમન અંગે પુણેમાં નવી ચર્ચા શરૂ થઈ છે. (પીટીઆઈ)

### ભંગાર જાહેર

સુરક્ષા એ સરકારની પ્રાથમિકતા હોઈ જોખમી અને નિયમ વિરુદ્ધ રસ્તા પર દોડનારી રિક્ષાઓને હવે કોઈ રાહત આપવામાં આવશે નહીં. ભંગાર તરીકે જાહેર થયેલી રિક્ષાના પુનઃઉપયોગ, બનાવટી દસ્તાવેજોને આધારે રજિસ્ટ્રેશન અને નિયમોનું ઉલ્લંઘન કરીને પ્રવાસીઓનું ટ્રાન્સપોર્ટેશન કરનારાં વાહનોની તપાસ માટે ખાસ ઝુંબેશ હાથ ધરાશે.

તપાસમાં દોષી જણાઈ આવનારાં વાહનો સામે દંડાત્મક કાર્યવાહી કરવા સહિત આવશ્યક આકરાં પગલાં લેવાનો નિર્દેશ પણ સંબંધિત અધિકારીઓને આપવામાં આવ્યો છે. રાજ્યના તમામ રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ પોતાની હદમાં આ ઝુંબેશ હાથ ધરશે.

આ બેઠકમાં રિક્ષા-ટેક્સી ડ્રાઈવરો અને યુનિયને પણ પ્રવાસીઓની સુરક્ષાને પ્રાધાન્ય આપીને નિયમોનું પાલન કરવાની અપીલ કરવામાં આવી હતી.

### ડીજે પર

ત્યારે તેનું મહત્ત્વ વધુ વધી જાય છે, પરંતુ વર્ષોથી વિકસેલી પ્રથાઓને માત્ર કાયદાકીય કાર્યવાહી દ્વારા નાબૂદ કરી શકાતી નથી. ‘‘કાયદાનો ઉપયોગ તો કરવો જ પડશે, નહીંતર આવી પ્રથાઓ અટકાવી શકાતી નથી. તેની સાથે સાથે, લોકોને વિશ્વાસમાં લઈને આગળનો રસ્તો શોધવો વધુ મહત્ત્વપૂર્ણ છે,’’ ફડણવીસે જણાવ્યું હતું.

હાઇ-પાવર ડીજેના ધ્રુજારીને ‘‘ધરતીકંપ’’ જેવી ગણાવતાં ફડણવીસે સ્પષ્ટ કર્યું હતું કે, રાજ્યવ્યાપી નીતિ તરત જ નહીં બને; પહેલાં તમામ પક્ષકારો સાથે ચર્ચા કરવામાં આવશે. ચર્ચાથી ૯૦ થી ૯૫ ટકા લોકો સહમત થઈ જાય છે, તેથી સૌની સંમતિ સાધીને જ આખરી નીતિ અને આદેશ જારી કરાશે, તેમણે ઉમેર્યું હતું.

આપણે પરંપરાગત ઉજવણી તરફ આગળ વધવું પડશે અથવા ઓછામાં ઓછું ખૂબ જ ઊંચા સ્તરના અવાજ પ્રદૂષણથી તો દૂર જવું જ પડશે,’’ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું.

### નણંદના કટાક્ષ

સુપ્રિયા સુળેએ એનસીપી પર ‘સત્તાનો સંતોષ માણવાનો’ આરોપ કર્યાના એક દિવસ બાદ સુનેત્રા પવારની ટિપ્પણી આવી છે. સુળેએ બુધવારે પુણેમાં એક પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે ‘મારા ભાઈ (પિતરાઈ ભાઈ અજિત પવાર)નાં મૃત્યુ અંગે એફઆઈઆર કેમ નોંધવામાં આવી નથી? અમે અમારા પરિવારના એક અગ્રણી સભ્યને ગુમાવ્યા છે. એનસીપી (અજિત પવાર જૂથ) વર્તમાન સરકારનો ભાગ છે.... શું તેમના ૪૦ વિધાન સભ્યો અથવા આઠ-નવ પ્રધાનમાંથી કોઈએ ક્યારેય મારા ભાઈના મૃત્યુની એફઆઈઆર અથવા યોગ્ય તપાસની માગણી કરતો એક પણ શબ્દ ઉચ્ચાર્યો છે? અમે ભાઈ ગુમાવ્યો છે, અને તેઓ સત્તાનો આનંદ માણી રહ્યા છે’. (પીટીઆઈ)

### રિક્ષા-ટેક્સીના

જપ્ત કરવામાં આવી હતી. રિક્ષા અને ટૅક્સીનાં મીટર સાથે કથિત ચેડાં કરી પ્રવાસીઓને લૂંટવામાં આવતા હોવાની માહિતી પરથી પોલીસે સંબંધિત ટૅક્સીની માહિતી મેળવી હતી. એ ટૅક્સીમાં ડમી ગ્રાહકે પ્રવાસ કરતાં મીટરમાં ગરબડ હોવાની ખાતરી થઈ હતી. શંકાને આધારે પોલીસે ટૅક્સીને તાબામાં લઈ બોરીવલી આરટીઓમાં મોકલવામાં આવી હતી.

ટૅક્સીના મીટરની તપાસ કરતાં ઈલેક્ટ્રોનિક રનિંગ સર્કિટ ગેરકાયદે ફિટ કરવામાં આવ્યું હોવાનું જણાયું હતું. ટૅક્સી ડ્રાઈવરની પૂછપરછ કરતાં ડિવાઈસ ઈલેક્ટ્રિશિયન એવા રિક્ષા ડ્રાઈવર અમીન પઠાણે ફિટ કર્યું હોવાનું જણાયું હતું. અમીને અન્ય વાહનોમાં પણ આ ડિવાઈસ બેસાડ્યું હોવાનું તપાસમાં જણાયું હતું. વધુ તપાસ બાદ પોલીસે અન્ય ચારને તાબામાં લઈ વાહનો જપ્ત કર્યાં હતાં. આરોપીઓ વિરુદ્ધ દહિસર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

### ઐતિહાસિક

જ મોત થયું હતું, જ્યારે વીરા અને ક્રાંતિ ગંભીર રીતે ઘાયલ થઇ હતી. બંને જણને તાત્કાલિક સારવાર માટે ધારાશિવની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઇ હતી, જ્યાં સારવાર દરમિયાન ક્રાંતિનું મૃત્યુ થયું હતું. વીરાની હાલત નાજુક હોઇ તે હાલ વેલ્ટિલેટર સપોર્ટ પર છે. દરમિયાન બનાવની જાણ થતાં નળદુર્ગ પોલીસ સ્ટેશનના અધિકારીઓ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પંચનામું કર્યા બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે અશ્વિનીએ ભરેલા અંતિમ પગલા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. અશ્વિની, તેના બંને સંતાનના મૃતદેહને બાદમાં કુટુંબીજનોને સોંપવામાં આવ્યા હતા.

અશ્વિની પોળે રાષ્ટ્રીય સ્તરની કુસ્તી સ્પર્ધાઓમાં મહારાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અશ્વિનીના પિતા પણ કુસ્તીબાજ હતા અને તેમણે પુત્રીને તાલીમ આપી હતી. થિરુવનંતપુરમમાં રાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધામાં અશ્વિનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ૨૦૦૮માં ગુરુદાસપુર તેમ જ ૨૦૦૯માં ચેન્નઇમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્પર્ધામાં પણ તેણે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. તે અગાઉ મુંબઈમાં મહારાષ્ટ્ર સિક્યુરિટી ફોર્સ (એમએસએફ)માં જોડાઇ હતી, પણ તેણે ચાર-પાંચ મહિના પહેલાં રાજીનામું આપી દીધું હતું. તે ત્રણ મહિનાથી સંતાનો સાથે પિયરમાં રહેતી હતી, એવું જાણવા મળ્યું હતું.

### તહેવારોમાં

દરમિયાન ધ્વનિ પ્રદૂષણ સામે ઝુંબેશ ચલાવનારા કાર્યકર્તા વિદ્યાનંદ બાપટ પર ગુરુવારે પુણેના તિલક રોડ પર એક ટેલિવિઝન ન્યૂઝ ચેનલ સાથે વાત કરતી વખતે હુમલો કરવામાં આવ્યો હતો. આ મારપીટ કેમેરામાં ઝડપાઈ હતી અને પોલીસે કથિત હુમલાખોરની ધરપકડ કરી હતી.

નાગપુર પોલીસે ગુરુવારે આગામી તહેવારોની મોસમ દરમિયાન ઉચ્ચ-શક્તિવાળા અને સંશોધિત સાઉન્ડ સિસ્ટમ્સ તેમજ બીમ અને લેસર લાઇટના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો છે. (પીટીઆઈ)

### ભૂખ હડતાલ

વાતચીતનું કોઈ પરિણામ ન આવતા તેમણે સમુદાયના સભ્યોને કુણબી જાતિના સર્ટિફિકેટો માટે અરજી કરવા આગ્રહ કર્યો હતો. મરાઠાઓ માટે અનામતની માંગ સાથે જરાંગે છેલ્લા એક અઠવાડિયાથી જિલ્લાના અંતરવલી સરાટી ગામમાં અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર ઉતર્યા છે.

પ્રધાનો રાધાકૃષ્ણ વિખે પાટીલ અને ઉદય સામંત અને વિધાન પરિષદના સભ્ય પ્રસાદ લાડ અને વિધાનસભ્ય મકરંદ પાટીલના બનેલા સરકારી પ્રતિનિધિમંડળે ગુરુવારે જરાંગેને મળ્યા હતા. જરાંગેની તબિયત લથડી હોવાથી વિખે પાટીલે તેમને ઉપવાસ સમાપ્ત કરવા અથવા મુલતવી રાખવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે સરકાર મરાઠા સમુદાયના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રતિબદ્ધ છે. સરકારે આશરે ૫૮ લાખ કુણબી રેકોર્ડ્સ શોધી કાઢ્યા હતા અને કુણબી સર્ટિફિકેટો જારી કરવાનું ઝડપી બનાવશે એવી હૈયાધારણ આપી છે. તેમણે જણાવ્યું હતું કે પ્રક્રિયા પર નજર રાખવા અને અરજદારોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. જોકે, જરાંગે નમતું જોખવા તૈયાર નથી. બેઠક પછી, તેમણે મરાઠાઓને અપીલ કરી કે હૈદરાબાદ ગેઝેટમાં મળેલા રેકોર્ડના આધારે તેઓ ૪ સપ્ટેમ્બરથી કુણબી સર્ટિફિકેટ માટે અરજી કરે. ગુરુવારે મોડી રાત્રે જરાંગેએ સરકારને માગણીઓ સ્વીકારવા માટે તાકીદ કરી કહ્યું હતું કે જો માગણી નહીં સ્વીકારાય તો તેઓ પોતાનો વિરોધ પ્રદર્શન મુંબઈ લઈ જશે. આ મારી છેલ્લી ભૂખ હડતાળ છે. મારું શરીર હવે મને સાથ નહીં આપે. જો હું ફરીથી વિરોધ કરીશ તો મારું મૃત્યુ થશે... હું તમને ૧૧ સપ્ટેમ્બર સુધીનો સમય આપું છું. જો ૧૧ સપ્ટેમ્બર સુધીમાં અમારી માગણીઓ લાગુ નહીં થાય તો હું મુંબઈ પહોંચી ૧૨ સપ્ટેમ્બરે વિરોધ પ્રદર્શન કરીશ’ એમ તેમણે જણાવ્યું છે.

### ઘરેલું વિવાદમાં

થઇ હતી. દંપતી મજૂરીકામ કરતું હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વહેલી સવારે એહસાન અને તેની પત્ની વચ્ચે ઘરેલું બાબતોને લઇ ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બનતાં એહસાન રસોડામાં ગયો હતો અને ત્યાંથી ચાકુ લાવીને તેણે જન્નતનું ગળું ચીર્યું હતું અને બાદમાં એ જ ચાકુથી પોતાનું ગળું ચીરી નાખ્યું હતું. બંનેને તાત્કાલિક સારવાર માટે નાયર હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં, જ્યાં ડોક્ટરોએ જન્નતને તપાસીને મૃત જાહેર કરી હતી. એહસાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. દરમિયાન બનાવની જાણ થયા બાદ આગ્રીપાડા પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તપાસ આદરી હતી. એહસાન અને જન્નતના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા બાદ પોલીસે એહસાન વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

## હિન્દુ મરણ

કરાંચીવાળા હાલ પુના, શ્રી હસમુખ અમૃતલાલ બુદ્ધદેવ (ઉં. વ. ૮૦) સ્વ. ધનલક્ષ્મી અમૃતલાલ બુદ્ધદેવના સુપુત્ર. સ્વ. નર્મદાબેન લીલાધર પોપટના જમાઈ. તે મોહિનીના પતિ, પ્રેમલ અને મેઘનાના પિતા. સૌ. વિશાખા અને પ્રશાંતના સસરા. સૌ. નયના મનોજ ભીડે અને સૌ. નીતા દેવાંગ ગાંધીના ભાઈ. તા. ૦૪/૦૯/૨૦૨૬ (શુક્રવાર)ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વહેવાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

પ્રવીણચંદ્ર મુલજીભાઈ દેસાઈ (ઉં. વ. ૯૨) તા. ૨-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઈલાબેનના પતિ. સ્વ. મુલજીભાઈ અને મણીબેન દેસાઈના પુત્ર. રાકેશ, દીપાના પિતાશ્રી. તેજલ, રાજુના સસરા. તેમની પ્રાર્થનાસભા તા. ૬-૯-૨૬ રવિવારના સાંજે ૫ થી ૭. ઠેઃ ફેલોશિપ ઑફ ધ ફિઝિકલી હેન્ડીકેપ્ડ, ૫મો માળ, એફપીએચ બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૩૪. લૌકિક પ્રથા સદંતર બંધ રાખવામાં આવી છે.

**કચ્છી લોહાણા**

વર્ષામેડી કચ્છ, હાલ મુલુંડના હરીશકુમાર ગોવિંદજી માણેક (ઉં. વ. ૭૭) તે અ. નિ. કમળાબેન તથા ગોવિંદજી રતનશી માણેકના પુત્ર. હિરાગૌરીબેનના પતિ તા. ૩-૯-૨૬ ગુરુવારના શ્રીસ્વામીનારાયણચરણ પામેલ છે. વિઠ્ઠલદાસ, અ. નિ. ડૉ. સુરેશકુમાર, અ. નિ. દમયંતીબેન તથા ગં. સ્વ. કસ્તુરબેનના ભાઈ. અ. નિ. પ્રેમાબેન પ્રાગજી રણછોડદાસ ઠક્કરના જમાઈ. તે કલ્પેશ, ધવલના પિતાશ્રી. ગીતા, અર્ચના, યેશાના સસરાજી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૫-૯-૨૬, શનિવાર સાંજે ૫-૭. વાગે સ્થળઃ મહાજનવાડી, પવાણી હોલ, મુલુંડ (વેસ્ટ). બહેનોએ પણ તે જ દિવસે આવી જવું.

**શ્રીમાળી સોની**

ગં. સ્વ. મિનાક્ષી દ્વારકાદાસ સોની મૂળ પોરબંદર હાલ ગિરગામ નિવાસી ભદ્રેશ તથા કૈલાશના માતુશ્રી. અલ્પા, મનિષકુમારના સાસુ. મીતી, કાર્તિકના દાદી. નિરવના નાની તા. ૩-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૫-૯-૨૬ના સાંજે ૫ થી ૭ નિવાસસ્થાને. પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

ગામ સલાયાના વતની, હાલ કાંદિવલી નિવાસી, ચિ. બ્રીન્દા (ગુડ્ડી) (ઉં.વ. ૩૯), સ્વ. કુસુમ જયકુમાર પાલેજાની પૌત્રી. સ્વ. જયેશ જયકુમાર પાલેજા તથા મીના પાલેજા (અલાદિયા)ની સુપુત્રી. કિન્નરી (બિટ્ટુ)ની નાની બહેન, રશ્મિરાજુ પાલેજાની ભત્રીજી. સ્વ. રંજનબેન શાંતિલાલ મહેતાની દોહિત્રી તથા જીજ્ઞા ધર્મેશ મહેતાની ભાણેજ, તા. ૩-૯-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રાહ્મક્ષત્રિય**

બગસરાવાળા (કાળીબાપા), સ્વ.ભીખાલાલ ત્રિભોવનદાસ પડિયાના પુત્ર મધુકાંત (ઉં. વ. ૬૩) તે ઉષાબેનના પતિ. સ્વ. હિંમતલાલ ત્રિભોવનદાસ પડિયાના ભત્રીજા. ભીખુભાઇ, સ્વ. રાજુભાઇ તથા ધીરુભાઇ ગણપતલાલ છાટબારના ભાણેજ. નેહા દિલીપ છાટબાર, વૈભવી ગૌરવ મણિયાર તથા વિશાલ પડિયાના પિતરાઈ ભાઈ. તા. ૧/૯/૨૦૨૬ મંગળવારના બગસરા મુકામે શ્રીજીચરણ પામ્યા છે. સાદડી પ્રથા બંધ છે.

**ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ**

ગં. સ્વ. ભારતીબેન તથા સ્વ. અરુણ જયેન્દ્રપ્રસાદ દવેના સુપુત્ર સ્વ. આશિષ દવે (ઉં. વ. ૪૯) તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ખ્યાતિના પતિ. આલાપના પિતા. સ્વ. અંજનાબેન તથા વિનોદભાઈ જોશીના જમાઈ. રિતેશ, જાનકી, કૌશલ તથા મિલોનીના ભાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૬ સપ્ટેમ્બર, રવિવારના સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર તથા મરણોત્તર વિધિની પ્રથા બંધ રાખવામાં આવેલ છે.

**દશા સોરઠિયા વણિક સમાજ**

આણંદપુર નિવાસી હાલ સાંતાક્રુઝ, શ્રી હરીશભાઈ નવલચંદ સાંગાણી (ઉં. વ. ૮૪) ગુરૂવાર તા. ૩-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. નૈનેશભાઈ અને પ્રિતેશભાઈના પિતા. અંજલિબેન અને ધરાબેનના સસરા. સ્વ. કિશોરભાઈ, કૃષ્ણકાંતભાઈ, વિજયભાઈ અને નીતાબેન લલિતકુમાર માલવીયાના ભાઈ. સ્વ. દેવચંદ વલ્લભજી વખારીયા (કુંકાવાવ) ના જમાઈ. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

રાણપુર નિવાસી હાલ બોરીવલી જશવંતભાઈ હિમ્મતલાલ સોલંકી (પાણસણિયા) (ઉં. વ. ૮૧) ૩૧/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સુશીલાબેનના પતિ. અનુરાગ તથા હેમા હરેશ પતાણીના પિતા. જ્યોતિ સુરેશભાઈ સોલંકીના ભાઈ. રાણપુર નિવાસી સ્વ. ઈશ્વરલાલ વનરાવનદાસ મિસ્ત્રીના જમાઈ. માર્મિક તથા વરૂણના નાના. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૫/૮/૨૬ શનિવારના ૪ થી ૬ કલાકે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, આંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી પાટણ વિશા દિશાવાળ**

હાલ કાંદિવલી નિવાસી, વીરેન્દ્ર મંગળદાસ પોપટલાલ પરીખના ધર્મપત્ની અ.સૌ. હંસાબેન (ઉં.વ. ૮૨) ૨/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે ભાવેશ-સમીરના માતુશ્રી. નેહા તથા બીજલના સાસુ. પિયરપક્ષે કલોલ નિવાસી સ્વ. શાંતિલાલ ભોલાભાઈ શાહના દીકરી. સ્વ. હિરેન્દ્ર, શકુંતલા, સ્વ. ચારુબેનના ભાભી. પ્રાર્થનાસભા ૬/૯/૨૬ના રોજ ૪ થી ૬ કલાકે. બાલાશ્રમ હોલ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ઉગલવાણવાળા હાલ ભાયંદર, સ્વ. કાંતિલાલ હરિલાલ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. ચારૂલત્તા (ઉં. વ. ૭૩) ૨/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે આરતી પટેલ, રૂપા જીજ્ઞેશ અવલાણી, નીરજ, હેતલ કામેશ શેઠના માતુશ્રી. સોનમના સાસુ. પિયરપક્ષે ઈશ્વરીયાવાળા સ્વ. ધનગૌરીબેન છોટાલાલ વિઠ્ઠલદાસ મથુરીયાના દીકરી. સ્વ. હર્ષદરાય, સ્વ. અનંતરાય, સુરેશભાઈ, સ્વ. કળાબેન, સ્વ. વનિતાબેન, સ્વ. મધુબેન, કુંદનબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરતી વિસા દિશાવાળ વણિક**

નીતિન જયંતિલાલ જરીવાલા (ઉં. વ. ૮૦) હાલ મુંબઇ, તે સ્વ. વિણાબેન અને સ્વ. જયંતિલાલ નાનાભાઈ જરીવાલાના સુપુત્ર, સૌ. વર્ષા અશોકભાઈ સુતરીયા, સ્વ. દેવકીબેન જરીવાલા અને પંકજ જરીવાલાના ભાઈ. સૌ. પલ્લવી પંકજ જરીવાલાના જેઠ. હરીન અશોકભાઈ સુતરીયા અને કનક આનંદ મોદીના મામા. નિસર્ગ પંકજ જરીવાલા અને રીષિક પંકજ જરીવાલાના કાકા. તા. ૩૧-૮-૨૬ને સોમવાર શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકીક વ્યવહાર બંધ છે. ઠે. ૧૦૦૧, પૂન્ય એપાર્ટમેન્ટ, ડો. વિલ્સન સ્ટીટ, વી. પી. રોડ, મુંબઈ-૦૪.

**ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ.**

મુળી નિવાસી હાલ મુંબઈ. સ્વ. લલિતાબેન વિરજીભાઈ મકવાણાના પુત્ર અમિતભાઈ (ઉં. વ. ૬૭) તા. ૨/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. આકાશ અને કોમલના પિતા, સ્વ. લલિતાબેન સ્વ. ધીરજલાલ ચાનપુરાના જમાઈ. સ્વ. પ્રફુલ્લાબેન સ્વ. વ્રજલાલ ગદ્દાણી, સ્વ. અરુણાબેન સરેશચનદર પાટડીયા, સ્વ. રેખાબેન ધનેશ સોલંકી, નીતાબેન પંકજભાઈ સોલંકી, રરાકેશભાઈ, સ્વ. જયંત ભાઈના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૯/૨૦૨૬ રવિવારના રોજ ૩ થી ૫. સહકાર નીવાસ, હાજીઅલી હીરા પન્ના નજીક,મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

ભાઈ ભુપેન્દ્ર સંપટ તે સદગુણવંતી (નંદુબેન) સુંદરદાસ (ઓખોભા) સંપટના પુત્ર (ઉ.વ.૭૭) કલ્પનાના પતિ, હેમેનના પિતા તા. ૩/૯/૨૬ના મુંબઈ શ્રીચરણ પામેલ છે લોકિક પ્રથા બંધ રાખેલ છે.

## પારસી મરણ

પેરીન કેરસી પટેલ તે મરહુમ કેરસીના ધન્યાની. તે મરહુમો સુનાબાઈ હોરમુજી ભગવાગરના દીકરી. તે રુમી, રોશન તથા મરહુમ ફ્રેડીના માતાજી. તે ફિરુઝા, હોમીયાર ને ખુરશીદના સાસુજી. તે મરહુમો રોશન, બાનુ, પરવેઝના બહેન. તે આરઝાન, ફરઝાદ, ઝહીરના બપઈજી. (ઉં. વ. ૯૮) રે.ઠે.: દેહનું બિલ્ડિંગ, એ બ્લોક, પહેલે માળે, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૯-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં. ૧માં ડુંગરવાડી પર.

## જૈન મરણ

શિહોર નિવાસી હાલ માટુંગા સ્વ. ધીરજલાલ કેશરીચંદ શાહના ધર્મપત્ની મહેન્દ્રાબેન (ઉં. વ. ૮૫) અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયંતભાઈ તથા ભાવનાબેનના માતુશ્રી. જીનલબેન તથા હિમાંશુકુમારના સાસુમા. અભી, પ્રિયાના દાદી. અંકિત, સચિના નાની. ઈશા, વર્શીપકુમારના નાનીસાસુમા. પ્રાર્થનાસભા રવિવાર, ૬-૯-૨૬, સમય ૩.૩૦ થી ૫. ઠેઃ સુમતિનાથ જિનાલય, નૂતન આરાધના ભુવન, ગુજરાતી ક્લબની બાજુમાં, માટુંગા-ઈ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર નવીનચંદ્ર કાળીદાસ દેસાઈ (ઉં. વ. ૮૨) ગુરુવાર, તા. ૩-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નયનાબેનના પતિ. જય, અનીષના પિતાશ્રી. કાનન, સોનલના સસરા. મિનોલી પ્રિયાંક નંદુ, અનુજ, શુભના દાદા. ગઢડા નિવાસી લાભુબેન પ્રભુદાસ ગોસલીયાના જમાઈ. સ્વ. પ્રાણભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. ભરતભાઈ તથા ઈન્દુબેન હસમુખરાઈ શાહ, સ્વ. દમયંતીબેન ઈન્દુકુમાર જાટકિયા, સ્વ. મૃદુલાબેન પ્રવિણચંદ્ર શેઠ, સરયુબેન કમલેશભાઈ દોશીના ભાઈ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૫-૯-૨૬ના સાંજે ૪ થી ૫.૩૦. ઠેઃ ભાનુશાળી વાડી, ૧લે માળે, તિલક રોડ, ઘાટકોપર ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ ગામદેવી મુંબઈ, સ્વ. શાંતિબેન અમુલખરાઈ હરજીવનદાસ દોશીના પુત્ર દિપકભાઈ (ઉં. વ. ૬૦) તા. ૨-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રીટાબેનના પતિ. તેમજ રાજના પિતાશ્રી. ભાવનાબેન નીતિનકુમાર શાહના ભાઈ. સ્વ. સોમચંદ પાનાચંદના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

જામકંડોરણા નિવાસી હાલ વિરાર, સ્વ. દિલીપભાઈ જયશંકર કામદાર (ઉં. વ. ૬૯) તે ભારતીબેનના પતિ. સ્વ. જયશંકર પાનાચંદ કામદારના પુત્ર. પોપટલાલ મોહનલાલ શાહ સુરેન્દ્રનગરના જમાઈ. અભિષેક, સેફાલી, અજયના પિતા. યશ લલિતભાઈ દવે, રશ્મિતાના સસરા. ૨/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

નવાગામ નિવાસી હાલ દહિસર, સ્વ. હરિલાલ વીરચંદભાઈ વોરાના પુત્ર. દિનેશભાઇ (ઉં. વ. ૭૦) ૩/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્મિતાબેનના પતિ. સોનલ, હાર્દિક, ભાવિનના પિતા. વિરાંગકુમાર, પ્રિયલ, બીજલના સસરા. સ્વ. જગદીશભાઈ, મુકેશભાઈ, હસમુખભાઈ, ધર્મેન્દ્રભાઈના ભાઈ. મનસુખલાલ નંદલાલ શાહ દિહોરવાળાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૯૦૪, જૈનમ ટાવર, દહિસર ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નાના લીલીયા નિવાસી હાલ મીરા રોડ, સ્વ. નર્મદાબેન મણિલાલ ગીરધરભાઇ વોરાના પુત્ર જયંતિભાઈના ધર્મપત્ની સ્વ.ચંદ્રિકાબેન (ઉં. વ. ૬૪) તા. ૩૧/૦૮/૨૬ સોમવારના અરિહંતશરણ પામ્યા છે. ગુણીબેન, સ્વ. શારદાબેન, જીતુબેન, હંસાબેન, રમાબેન, ભાનુબેનના ભાભી તથા બિજલ, રોહિતના માતુશ્રી. ઉષા સચિન મોદીના સાસુ. પિયરપક્ષે કાંતિલાલ રઘુભાઈ ગાંડાણી ઉગામેડીવાળાના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૦૬/૦૯/૨૬ના બપોરે ૩.૩૦ થી ૫.૩૦. સ્થળ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય સેક્ટર ૬, શાંતિનગર, મીરા રોડ ઇસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

રાજકોટ નિવાસી કાંદીવલી, હાલ સુરત, સ્વ. ન્યાલચંદ ગોપાલજી ગાંધીના પુત્રવધુ અ.સૌ. પ્રવીણા રજનીકાંત ગાંધી (ઉં. વ. ૭૫) તે રજનીકાંતના ધર્મપત્ની. રસીકભાઈ, દિલીપભાઈ, મધુ હર્ષદ ગોયાણી, મીના પરેશ મગીયાના ભાભી. સચીન, વિપુલ(બંટી)ના માતુશ્રી. મયુરી, દિક્ષાના સાસુ. બગસરા નિવાસી સ્વ. ચંપકલાલ ભીમજી ઘેલાણીના પુત્રી. શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૬.૦૯.૨૬ના સવારે ૧૦ થી ૧૨. લોટસ હોલ, રઘુલીલા મોલ, પોઈસર ડેપો પાસે કાંદીવલી વેસ્ટ.

**ખંભાત વિશાશ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ ચોપાટી મુંબઈ, વિશાલભાઈ રવિન્દ્રભાઈ કાપડિયા (ઉં.વ. ૪૮) કાશ્મીરાબેન રવિન્દ્રભાઈના સુપુત્ર. તેજલબેનના પતિ. યશના પિતાશ્રી. પૂરબભાઈના ભાઈ. શિવાનીબેનના દિયર. રાણપુર નિવાસી સ્વ. મૃદુલાબેન પ્રવીણચંદ્ર પરીખના જમાઈ. તા ૪-૯-૨૬ શુક્રવાર અવસાન પામેલ છે.પ્રાર્થનાસભા રવિવાર તા. ૬.૯.૨૦૨૬ના રોજ સવારના ૧૦ થી ૧૨. સરનામું - યશવંતરાય ચૌહાણ સેન્ટર, રંગસવર હોલ, ચોથે માળે, જન. જગન્નાથ ભોંસલે માર્ગ, નરીમન પોઇન્ટ, મુંબઈ ૪૦૦૦૨૧.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@
bombaysamachar.com

# આઈપીએલમાં મજા- આંતરરાષ્ટ્રીય મૅચોમાં ઈજા ને ટીમ ઈન્ડિયાને સજા

### ઘણા ખેલાડીઓ કરોડો રૂપિયા અપાવતી વિશ્વ વિખ્યાત ટૂર્નામેન્ટમાં પૂરું રમે, પણ ઈન્ટરનૅશનલ સિરીઝ વખતે ઘાયલ થઈ જાય જેનાથી ભારતીય ટીમને મોટું નુકસાન થાય છે

ટેસ્ટ ક્રિકેટનો એક સમયનો વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ ૨૦૨૬ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં ૧૩ મૅચ રમ્યો જેમાં ફક્ત ચાર વિકેટ લઈ શક્યો હતો. એક સમયનો વર્લ્ડ નંબર-વન ટી-૨૦ ઑલરાઉન્ડર અને મુંબઈ ઇન્ડિયન્સનો કૅપ્ટન હાર્દિક પંડ્યા આ વર્ષની આઇપીએલમાં ૧૦ મૅચ રમ્યો અને માત્ર ચાર વિકેટ લઈ શક્યો હતો. જોકે અહીં આપણે કોણે કેટલી વિકેટ લીધી એ વિશે ચર્ચા નહીં કરીએ. મુખ્ય મુદ્દો એ છે કે ૨૦મી મે સુધીમાં આઇપીએલની સંખ્યાબંધ મૅચો રમનાર બુમરાહ એ ટૂર્નામેન્ટ બાદ ભારત વતી માત્ર બે મૅચ રમી શક્યો. હાર્દિક પંડ્યા તો ૨૪મી મેએ મુંબઈ ઇન્ડિયન્સ વતી રમ્યા પછી ભારત વતી રમી જ નથી શક્યો.

કહેવાનો ભાવાર્થ એ છે કે આઇપીએલના મિશન સુધી બધું બરાબર ચાલે છે, પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવાનો સમય આવે ત્યારે ઈજાગ્રસ્ત ભારતીય ક્રિકેટરોનો જાણે રાફડો ફાટી નીકળે છે. ખાસ કરીને બેંગ્લૂરુ-સ્થિત બોર્ડ ઑફ કંટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)માં કૉન્ટ્રૅક્ટ હેઠળના ખેલાડીઓની ગીરદી વધી જાય છે. આઇપીએલની પહેલાં બને એટલું ઓછું રમવું કે જેથી કરોડો રૂપિયા આપતી આઇપીએલમાં પોતાના ફ્રૅન્ચાઇઝીને ઊની આંચ ન આવે અને પછી આઇપીએલ બાદ આંતરરાષ્ટ્રીય મૅચોમાં ઈજાને કારણે રમી ન શકાય એટલે સ્વસ્થ થવા માટે સારવાર લેવા સીઓઇમાં પહોંચી જવું. ક્યારેક તો એવું લાગે કે સીઓઇ જાણે કૉન્ટ્રૅક્ટેડ પ્લેયર્સની સુવિધા માટે જ બન્યું છે.

થોડા અઠવાડિયા પહેલાં ભારતની ઇન્જર્ડ ઇલેવન બનતાં બનતાં રહી ગઈ હતી. છથી સાત ખેલાડી ઈજાને લીધે સારવાર હેઠળ હતા અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર હતા અને એમાં જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા, હર્ષિત રાણા, નીતીશ કુમાર રેડ્ડી, આકાશ દીપ, વૉશિંગ્ટન સુંદર અને ટી-૨૦નો વર્લ્ડ નંબર-વન બોલર વરુણ ચક્રવર્તી. વિકેટકીપર રિષભ પંત અને કૅપ્ટન શુભમન ગિલ પણ ઈજાનો શિકાર થયા હતા.



આઇપીએલમાં ૧૦થી ૧૩ મૅચ રમનાર હાર્દિક અને બુમરાહને વારંવાર ઈજા અને ફિટનેસની સમસ્યા નડે છે.

બુમરાહ, નીતીશ, હર્ષિત અને સુંદરના નામ અફઘાનિસ્તાન સામે દિલ્હીમાં આ મહિને રમાનારી ટી-૨૦ સિરીઝની ટીમમાં સમાવવામાં તો આવ્યા છે, પણ તેઓ પૂરેપૂરા ફિટ હશે તો જ રમી શકશે. સપ્ટેમ્બર મહિનો તો આવી ગયો. બીજા બે-ચાર મહિનામાં આ ખેલાડીઓ થોડું-ઘણું રમશે અને ત્યાં તો નવી આઇપીએલનો સમય નજીક આવી જશે. આમાંના અમુક ખેલાડીઓ ૨૦૨૬ની આઇપીએલમાં પૂરું નહોતા રમી શક્યા એ વાત ખરી, પણ તેમની કરીઅરના ભાવિ વિશે બીસીસીઆઇ ચિંતિત તો હશે જ.

ભારતના મુખ્ય ખેલાડીઓ (ખાસ કરીને બોલર) ઈજાને લીધે વિદેશી ટૂર પર નથી જઈ શક્તા એટલે ભારતીય ટીમે નામોશી સાથે પાછા આવવું પડે છે. આ વર્ષના જૂન-જુલાઈમાં જે બની ગયું એનો આઘાત ભારતીય ક્રિકેટપ્રેમીઓના દિલોદિમાગમાંથી જરાય નહીં ઓસર્યો હોય. એ દુઃસ્વપ્ન સમાન બે મહિનામાં ભારતીય ક્રિકેટરોની નામોશી થઈ હતી. પહેલાં તો નવા ટી-૨૦ સુકાની શ્રેયસ ઐયરના નેતૃત્વમાં ભારત પહેલી વખત આયરલૅન્ડની ધરતી પર મૅચ હાર્યું હતું. એ એક હાર જાણે પૂરતી ન હોય એમ ભારતીય ટીમ સિરીઝ ૦-૨થી હારી ગઈ હતી. ત્યાર પછી ખેલાડીઓ ઇંગ્લૅન્ડ ગયા હતા જ્યાં પ્રથમ ટી-૨૦ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી અને પછી ભારતીયો એક પછી એક ચારેય ટી-૨૦ હારી જતાં ટીમ ઇન્ડિયાનો ૦-૪થી વાઇટ-વૉશ થયો હતો. અધૂરામાં પૂરું, વન-ડે શ્રેણી ૧-૨થી હારી ગયા હતા. જો બુમરાહ, હર્ષિત, નીતીશ રેડ્ડી અને વૉશિંગ્ટન સુંદર તમામ અપેક્ષિત મૅચો રમ્યા હોત તો ઇંગ્લૅન્ડમાં ભારત બન્ને અથવા બેમાંથી એક શ્રેણી જીત્યું જ હોત.



જૂન-જુલાઈમાં શ્રેયસના સુકાનમાં ટી-૨૦ ટીમનો આયરલૅન્ડમાં ૦-૨થી અને ઇંગ્લૅન્ડમાં ૦-૪થી પરાભવ થયો હતો.



નીતીશ કુમાર રેડ્ડી ઈજાને કારણે ટીમમાં ઑલરાઉન્ડર તરીકે સ્થાન જમાવી નથી શક્તો.

ઉપર આપણે જે ઈજાગ્રસ્ત ખેલાડીઓની વાત કરી એ બધા જો આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડમાં રમ્યા હોત તો ભારતની નાલેશી ન થઈ હોત. આઇપીએલ હવે તો ભારતને ત્રણ-ત્રણ ઇન્ટરનૅશનલ ટીમ આપી શકે એમ છે, પરંતુ મુખ્ય ખેલાડીઓ જ જો ઈજાનો શિકાર થતા હોય તો કરવું શું? ત્રણ ટીમ ભલે મળે, પણ એક મજબૂત ટીમ તો હોવી જોઈએને? આયરલૅન્ડ જેવી ૧૧મા નંબરની ટીમ વર્લ્ડ નંબર-વન ભારતને હરાવી જાય એ તો ખરાબ જ કહેવાયને.

ટેસ્ટ-ક્રિકેટની વાત કરીએ તો શ્રીલંકાના ટેસ્ટ પ્રવાસમાં ભારતને બુમરાહ જેવા કેટલાક ચુનંદા ખેલાડીઓની ગેરહાજરી નડી હતી. જો બુમરાહ રમી શક્યો હોત તો સોનાલ દિનુશા નામનો શ્રીલંકાનો નવોસવો બૅટ્સમૅન બીજી ટેસ્ટના બીજા દાવમાં ૪૨૦ મિનિટ સુધી ક્રીઝમાં ટકી શક્યો ન હોત અને ૨૬૪ બૉલમાં અણનમ ૧૩૩ રનની ઇનિંગ્સથી ભારતને જીતથી વંચિત રાખી શક્યો ન હોત. ભારતના પાંચ રેગ્યુલર બોલર (પ્રસિદ્ધ ક્રિષ્ના, મોહમ્મદ સિરાજ, માનવ સુથાર, રવીન્દ્ર જાડેજા, સારાંશ જૈન) તેમ જ ત્રણ નૉન-રેગ્યુલર બોલર (શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ, ધ્રુવ જુરેલ) છેક સુધી દિનુશાને આઉટ નહોતા કરી શક્યા અને તે છેલ્લો આખો દિવસ રમીને ટેસ્ટને ડ્રૉમાં લઈ જવામાં સફળ થયો હતો. ભારત ૨-૦થી ક્લીન સ્વીપ ન કરી શક્યું એટલે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલની રેસમાં ટકી રહેવું ભારત માટે મુશ્કેલ થઈ ગયું છે.

બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ ગુરુવારે મુંબઈમાં ગૌતમ ગંભીર, વીવીએસ લક્ષ્મણ, શુભમન ગિલ અને શ્રેયસ ઐયર સહિતના દિગ્ગજો સાથેની ઉચ્ચ-સ્તરિય બેઠક પછી પત્રકારો સમક્ષ ચિંતા વ્યક્ત કરી હતી કે ‘થોડા સમયથી મોટી સંખ્યામાં ભારતીય ક્રિકેટરો વારંવાર ઈજા પામે છે એ વિશે ક્રિકેટ બોર્ડ ચિંતિત છે અને આ પરિસ્થિતિના ઉપાયની શોધમાં જ છે. અમુક ખેલાડીઓએ મોટી સંખ્યામાં મૅચો રમવી પડતી હોવાથી તેઓ ઈજાનો શિકાર થતા રહે છે. ઇંગ્લૅન્ડમાં વન-ડે શ્રેણી માટેની ટીમના ૧૫માંથી ત્રણ-ચાર ખેલાડી ઈજા પામ્યા હતા. જોકે તેઓ એ ટૂરની પહેલાં બે મહિના આઇપીએલમાં રમ્યા હતા જેની અસર તેમની ફિટનેસ પર જોવા મળી છે.’

હમણાં તો ભારતીય ક્રિકેટરોની જ્યારે પણ વાત નીકળે છે ત્યારે તેમના રન, વિકેટ, કૅચ કે રેકૉર્ડ કરતાં ઈજા, વર્કલૉડ અને ફિટનેસના જ મુદ્દા આગળ આવી જતા જોવા મળ્યા છે. એશિયન ગેમ્સની ક્રિકેટ ટૂર્નામેન્ટને માંડ બે અઠવાડિયા બાકી રહ્યા છે. યાદ રહે, આવતા વર્ષે વન-ડેના વર્લ્ડ કપને આડે આ બધી સમસ્યા ન આવવી જોઈએ. આઇપીએલમાં વધુ પડતું રમીને થતી ઈજા ત્યારે નિમિત્ત ન બનવી જોઈએ. નહીં તો, ૨૦૨૩માં ઘરઆંગણે રમાયેલા વન-ડે વર્લ્ડ કપની (અમદાવાદની) ફાઇનલમાં (ઑસ્ટ્રેલિયા સામે) હારી ગયા હતા એવી નિરાશા ૨૦૨૭માં સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં સંયુક્ત રીતે રમાનારા ઓડીઆઇ વર્લ્ડ કપમાં ન જોવી પડે એવી તકેદારી ક્રિકેટ બોર્ડ અને ટીમ ઇન્ડિયાના મૅનેજમેન્ટે રાખવી જ પડશે. ■

---

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

# ફ્રીડરિક્સહાઇન-ઓસ્લોથી ઊતર્યાં બર્લિનમાં અટક્યાં...













**યુરોપિયન** સમર આ વર્ષે જાણે ખુદ સૂરજ સેલિબ્રેટ કરવા માટે આવીને વસી ગયો હોય તેવો બની ગયો છે. હવે ઓલમોસ્ટ પૂરો થવા આવ્યો છે ત્યારે પણ પ્રમાણમાં ઠંડી તો ઓછી લાગી જ રહી છે. છેલ્લાં પાંચેક વર્ષથી સરખી ગરમી પડતી જ ન હતી. મોટાભાગના ઉનાળો ખુશનુમા રહે, માંડ પાંચ-છ છૂટાછવાયા દિવસો આવે જ્યાં ૩૫ ડિગ્રીમાં લોકો ગરમીથી મરવા લાગ્યાં હોવાના સમાચાર આવવા લાગે. આ વર્ષે બે દશકમાં પહેલી વાર ખબર પડી કે અહીંની ખરી ગરમી કેવી હોય છે. તેમાં વળી દુનિયાભરથી અહીં આવીને વસેલાં લોકો યુરોપની ૩૫ ડિગ્રી, ભારતની ૪૫ ડિગ્રી કરતાં શા માટે વધુ કપરી લાગે છે તેની થિયરી આપવા માંડતાં હતાં. તેમાં ઘણાં પાસે તો એ પણ સાંભળવા મળ્યું કે ભારતમાં પોલ્યુશન અને સ્મોગ ગરમી સોક કરી લે એટલે લોકો પર સીધી ન આવે. અને અહીં વાતાવરણ અને હવા સાવ ચોખ્ખાં હોવાના કારણે ગરમી સીધી માણસો પર પડે છે, વચ્ચે જરાય બરફ નથી. આવું લોજિક પણ લોકોને ગરમીથી માથું ખરાબ થયા પછી જ સૂઝતું હશે.

ગયા વર્ષે સમરનાં સૌથી ગરમ અઠવાડિયાં નોર્વેમાં વિતાવેલાં. આ વર્ષે પણ સ્કેન્ડિનેવિયામાં તો ઉનાળો હૂંફાળો જ હતો. નોર્વેની મજા મનમાં એવી ઘર કરી ગઈ છે કે ફરી એ દિશામાં જવાનું થવાનું છે એ નક્કી જ છે. કદાચ સ્થળો બદલાય, પણ હજી લોફોટન ટાપુઓ અને ટ્રોમ્સોની લાઇટ્સ, આર્કટિક સર્કલ તરફ ઘણું જોવાનું પણ બાકી છે. ઓસ્લોથી પાછાં આવીને એક વીકેન્ડ કોલોન, એક વિકેન્ડ એમ જ બ્લેક ફોરેસ્ટમાં નાની-નાની સમર ટ્રિપ્સ ચાલુ રહેલી, પણ એક વિચિત્ર નાનકડી બર્લિનની મુલાકાત હવે ખાસ મગજમાં ઘર કરી ગઈ હતી. આમ તો બર્લિન જવા માટે ભાગ્યે જ કોઈ ખાસ કારણની જરૂર હોય, પણ ક્યારેક ફૂટબોલ માટે તો ક્યારેક મિત્રોને ફેરવવા માટે, બર્લિન જવાનું થયા જ કરે છે. અને દર વખતે જાણે તેનો અલગ ચહેરો જોવા મળી જાય છે.

આ વખતે અમે માત્ર ચોવીસ કલાક માટે બર્લિન જવાનાં હતાં. દુનિયાનો સૌથી ખ્યાતનામ એક્ટિવ સ્ટેન્ડ-અપ કોમેડિયન રિકી જરવેઝ બર્લિનમાં પરફોર્મ કરવાનો હતો. અમે સવારે નીકળીશું, બપોરે બર્લિન પહોંચીશું, મજેદાર દેશી ફૂડ ખાઈશું, ઇસ્ટ-સાઇડ ગેલેરી અને નદી પાસે લટાર મારીશું, સાંજે શો જોઈશું, હોટલ પર જઈશું, સવારે હોટલનો બ્રેકફાસ્ટ દબાવીને બીજી સાંજ સુધીમાં ઘર ભેગાં થઈ જઈશું એવું પ્લાનિંગ કરેલું. આમ તો આજકાલ ડોઇચે-બ્હાનની ટ્રેનોનો ખાસ ભરોસો રહ્યો નથી, પણ તે દિવસે અમે એકદમ સમયસર બર્લિન તો પહોંચી જ ગયાં. અને ત્યાં સ્ટેશનથી નજીક એક ફૂડ-ટ્રક ફેસ્ટિવલ ચાલી રહ્યો હતો. ત્યાં એક ટ્રક પર છોલે, કુલચા, સમોસાં અને લસ્સી એવાં મળ્યાં જે સાઉથ જર્મનીમાં ભાગ્યે જ મળતાં હોય છે.

બર્લિન બધી વાતે ફટાક છે, એમાં ઇન્ડિયન ફૂડ પણ આવી ગયું. હજી અમે સ્ટેશનની આસપાસના વિસ્તારમાં જ હતાં અને ઓલરેડી મોટી સંખ્યામાં ભારતીયો સહિત માઇગ્રન્ટ્સ દેખાવા લાગેલા. થોડાં વર્ષો પહેલાં પણ બર્લિન તો મલ્ટિકલ્ચરલ જ હતું, પણ હવે તો જાણે બર્લિન મેલ્ટિંગપોટ જેવું જ બની ચૂક્યું છે. જોકે તેના કારણે પાર્ટી સીન અને કલ્ચરલ રંગ જામ્યો છે, સાથે અસામાજિક તત્ત્વોનો પણ વધારો થયો છે. બર્લિન પહેલાં જેટલું સેફ ફિલ ન થયું. જોકે તેનું કારણ કંઈ માત્ર બહારથી આવેલાં લોકો નથી. દુનિયાભરમાં માહોલ જ જરા વિચિત્ર થઈ ચૂક્યો છે. એવામાં ત્યાં અમે પેટપૂજા કરીને સીધાં ફ્રીડરિક્સહાઇન વિસ્તારમાં પહોંચી ગયાં. ઇસ્ટસાઇડ ગેલેરીની દીવાલ છેલ્લે પાંચેક વર્ષ પહેલાં જોઈ હતી ત્યાર પછી ફરી અપડેટ થઈ છે. અમૂક મ્યુરલ તો ત્યાં પરમેનેન્ટ છે, પણ કેટલાંક નવાં પણ બનાવવામાં આવ્યાં છે. તે બધાં વચ્ચે ત્યાંની લટાર હંમેશાં નવો દૃષ્ટિકોણ પણ ડિમાન્ડ કરે છે.

તે સમયે ગરમીમાં નદી કિનારે પિકનિક કરનારાંઓની પણ કોઈ કમી ન હતી. અમે ચાર વાગ્યે ત્યાં આંટા મારવા માટે પહોંચી ગયેલાં. સાત વાગ્યે ઉબર થિયેટરમાં એન્ટ્રી શરૂ થવાની હતી. ત્યાં સુધી ટાઇમ આ વિસ્તારમાં પાસ થઈ જ જવાનો હતો. તેમાં વળી અમે ઓબરબાઉમ બ્રિજ પહોંચી ગયાં પછી લાગ્યું કે શો થોડો મોડો ચાલુ થાય તો પણ વાંધો નહીં. આ ઓબરઆઉમ બ્રિજ આ વખતે જરા વધુ પ્રભાવશાળી લાગ્યો. દર વખતે અહીં આસપાસ થોડા ફોટા પાડીને નીકળી જતાં. આ વખતે અહીં થોડો સમય વિતાવ્યો તો ખબર પડી કે તેની આસપાસ જ જાણે આ વિસ્તારની સોશ્યલ લાઇફ પણ ધબકી રહી છે. તેમાંય અહીં સ્પ્રી નદીમાં ચાલતાં ટૂરિસ્ટ ક્રુઝની ચિચિયારીઓ, સારાં વેધરને એન્જોય કરવા નીકળેલાં સ્થાનિકોનો ઉત્સાહ, બધું અહીં મજામાં વધારો કરી રહ્યું હતું.

શોનો ટાઇમ નજીક આવ્યો તેમાં અમે જરા વધુ પડતી અપેક્ષાઓનો શિકાર બની ગયાં. રિકી જરવેઝ ખ્યાતનામ સીરીઝ ‘ધ ઓફિસ’નો લેખક છે. તેની બીજી પણ સિરીઝ અને સ્ટેન્ડ અપ શો, એન્કરિંગ, બધું જ અમને મજા કરાવતું. તેને લાઇવ જોવા માટે અમે એકદમ મોટું પ્લાનિંગ કરીને દૂર સુધી ગયેલાં. તે પછીનો દોઢ કલાક રિકીએ અમારી અપેક્ષાઓ પર પાણી ફેરવવામાં ગાળ્યો. તેનું મોટાભાગનું મટીરિયલ કોઈને ખાસ ઇમ્પ્રેસ કરી રહ્યું હોય તેવું ન લાગ્યું. તેને જોવા માટે અમારી જેમ લોકો દૂર દૂરથી આવ્યાં હતાં. તે દિવસે રિકીને લાઇવ જોયા પછી હવે જ્યારે પણ તે ટિવી પર કે સોશ્યલ મીડિયા પર દેખાઈ જાય છે તો અમે ચેનલ બદલી નાંખતાં થઈ ગયાં છીએ. ક્યારેક મનપસંદ કલાકારોને લાઇવ જોવાનું આ જોખમ પણ ખરું. શહેરોને લાઇવ જોવામાં એમ નિરાશ થવાનું ઓછું બનતું હોય છે. બર્લિનને તો અમે જ્યારે પણ જોઇએ છીએ, ત્યાં ફરી પણ આવીશું જ એ આપમેળે જ નક્કી થઈ જાય છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# છેડા ભેગા થાય એ પહેલાં છૂટાછેડા?




**તાજેતરમાં** મારા એક મિત્ર રોકીના છૂટાછેડા થઈ ગયા. છૂટાછેડાનું કારણ શું? કોઈ આડાસંબંધ? ના. વહુનો અહંકાર? ના. સાસુનો ત્રાસ? અરે, ના ભાઈ ના! કારણ હતું: 'જો છૂટાછેડા થાય, તો લગ્નમાં આવેલા ચાંદલાના પૈસા કોણે કોને પાછા આપવાના?'

છે ને ઈન્ટ્રસ્ટિંગ?

ફેરા અને વિદાય વચ્ચેનો નવરાશનો સમય એવું લાગે કે હોવો ન જોઈએ. નવરા બેઠા ચર્ચા કરો પણ આવો કોઈ વિષય હોય? ધારો કે આ લગ્નમાં છૂટાછેડા થાય તો ચાંદલા કર્યા તેનું શું?

બસ, આ એક જ વૈજ્ઞાનિક અને તત્ત્વજ્ઞાનથી ભરપૂર દલીલમાં બે પરિવાર સામસામે આવી ગયા, કાયદાની કલમો ફાટી પડી અને છેવટે મામલો લગ્નમાંથી છૂટાછેડા સુધી પહોંચી ગયો!

માજરો કંઈક એવો હતો કે રોકી અને તેની પત્ની સ્વીટુ વચ્ચે નાની-મોટી બોલાચાલી ચાલી રહી હતી. હજુ તો વાત 'તું મારા ઘરનું નથી સાંભળતી' અને 'તમારા ઘરના બધા ચમચા છે' જેવા પ્રાથમિક તબક્કામાં જ હતી. ત્યાં અચાનક સ્વીટુના બાપે (જે ગામમાં 'ડાયરેક્ટ ડિપોઝિટ' તરીકે ઓળખાય છે) વચ્ચે ટાપશી પુરાવી, 'જો ભાઈ રોકી, વાત જામતી ન હોય તો આપણે છૂટા પડવું સારું, પણ હા, લગ્નમાં અમારા તરફથી તમારા સગા-સંબંધીઓએ જે ૫૦૦-૫૦૦ રૂપિયાના ચાંદલા લખાવ્યા હતા એ બધું રોકડું પાછું આપવું પડશે!'

બસ, આ વાક્ય બોલાયું અને રોકીના બાપના કાનમાંથી ધુમાડા નીકળવા મંડ્યા. રોકીના બાપે ચમચો હવામાં અધ્ધર કરીને કહ્યું, 'અરે વેવાઈ! ચાંદલો એ કઈ ફિક્સ ડિપોઝિટ છે કે વ્યાજ સાથે પાછો માગો છો? ચાંદલો તો ગિફ્ટ કહેવાય, ગિફ્ટ! અને વળી ચાંદલો તો છોકરાના પક્ષનો હોય, કારણ કે મંડપમાં રોટલા મારા છોકરાના ભાગના રૂપિયાના ખાધા છે!'

સ્વીટુના બાપે ચશ્માં સરખા કરતા કહ્યું, 'મંડપમાં પૂરી-શાક અને ગુલાબજાંબુ અમારા પૈસાના હતા! તમારા મામાએ જે ₹૧૧૦૦ નો ચાંદલો કર્યો હતો, એમાંથી ₹૫૦૦ ના તો એમના પાંચ છોકરા ગુલાબજાંબુ ઝાપટી ગયા હતા! હિસાબ બરાબર જ થાય!'

આ સાંભળીને રોકીએ વચ્ચે કૂદીને પૂછ્યું, 'પણ કાયદો શું કહે છે? છૂટાછેડા થાય તો ચાંદલો પાછો દેવો પડે કે નહીં?'

દોસ્તો, આ પ્રશ્ન એવો છે જેનો જવાબ ભારતના બંધારણમાં નથી, સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમાં નથી, ચાંદલો લખવા બેઠેલા બેન્કર ફુવાએ મોંમાં મુખવાસ મૂકતાં કહ્યું, 'જુઓ રોકીભાઈ, ચાંદલો એ એક પ્રકારનું 'રીફંડેબલ સિક્યોરિટી ડિપોઝિટ' છે. જો સંબંધ પૂરો થાય, તો સેવાઓ બંધ થાય અને ડિપોઝિટ જપ્ત થાય!'

સામેથી સટોડિયા સાઢુએ વિરોધ કર્યો, 'ના હોં! ચાંદલો તો 'શેર બજાર' જેવો છે. મ્યુચ્યુઅલ ફંડની જેમ 'સબ્જેક્ટ ટુ માર્કેટ રિસ્ક'! લગ્ન ચાલ્યા તો ડિવિડન્ડ મળે, છૂટાછેડા થયા તો મૂડી ધોવાઈ જાય! આમાં કોઈ પાછું ન માગી શકે!'

હવે તમે જ વિચારો, આ દેશમાં લગ્ન એ કોઈ સંસ્કાર નથી રહ્યો, પણ એક મોટું 'ઈકોનોમિક મોડેલ' બની ગયું છે. લગ્નમાં જ્યારે કોઈ મહેમાન કવરમાં ₹૫૦૧/- મૂકે છે ત્યારે એ કોઈ પ્રેમથી નથી મૂકતો. એક્ચ્યુઅલી એ ₹૫૦૧ એ ભવિષ્યમાં પોતાના ઘરે આવનારા ₹૫૦૧નું 'એડવાન્સ બુકિંગ' છે! આપણે ત્યાં તો કવર ઉપર નામ પણ એવી રીતે લખવામાં આવે છે જાણે ઈન્કમ ટેક્સની રિટર્ન ફાઈલ કરતા હોય! કવર ખોલીને ઘરના વડીલો તરત જ લાલ ચોપડામાં નોંધ કરે છે: 'સુરેશભાઈ શાહ - ₹૫૦૧ (નોંધ: એમના દીકરાના લગ્નમાં આપણે ₹૫૦૧ જ આપવાના છે, એક રૂપિયો વધારે નહીં!)'

હવે જો રોકી અને સ્વીટુના છૂટાછેડા થઈ જાય, તો આ લાલ ચોપડાના ડેટાબેઝનું શું કરવું? સોફ્ટવેર ક્રેશ થઈ જાય!

રોકીના સાસરી પક્ષનું કહેવું હતું કે: જો છૂટાછેડા થાય તો લગ્નમાં આવેલા તમામ ચાંદલા અડધા-અડધા વહેંચાવવા જોઈએ.

જે સંબંધીઓ વરપક્ષ તરફથી આવ્યા હતા અને કન્યા પક્ષનું ખાણું ખાધું હતું, એમનો ચાંદલો કન્યા પક્ષને મળવો જોઈએ.

કાકા, મામા કે ફોઈએ આપેલા 'સોનાના સિક્કા' ઉપર ફુગાવો ગણીને વર્તમાન ભાવ પ્રમાણે રોકડા ચૂકવવા!

સામે રોકીના બાપનો તર્ક એવો હતો કે : 'ચાંદલો એ 'નોન-રિફંડેબલ' ફી છે.'

લગ્નના ફોટોગ્રાફી અને ડીજેના જે પૈસા વપરાયા, એમાં સ્વીટુએ પણ 'નાગિન ડાન્સ' કર્યો હતો, તો એનું મનોરંજન ટેક્સ બાદ થવું જોઈએ!

જો ચાંદલો પાછો આપવાનો થાય તો લગ્નમાં વરરાજાને મળેલા રૂમાલ, પંખા અને સ્ટીલના ડબ્બા પણ પાછા લેવા પડશે!

આ દલીલ એટલી હદે વધી ગઈ કે વાત 'કોણ સાચું ને કોણ ખોટું' પરથી હટીને 'ચાંદલાની રિકવરી' પર આવી ગઈ. બંને પક્ષે પોતપોતાના વકીલો બોલાવી લીધા. વકીલે પણ માથું ખંજવાળીને કહ્યું, 'અરે ભાઈ, મેં હિન્દુ મેરેજ એક્ટમાં સ્ત્રીધન વિશે સાંભળ્યું છે, ભરણપોષણ (Alimony) વિશે સાંભળ્યું છે... પણ આ 'ચાંદલા રિટર્ન પોલિસી' વિશે ક્યાંય લખ્યું નથી!'

છેવટે, લગ્ન તૂટી ગયા! પત્ની ઘર છોડીને જતી રહી, પ્રેમ હવામાં ઊડી ગયો, પણ 'ચાંદલાના હિસાબ'નું કાગળ હજીય રોકીના હાથમાં છે.

હવે સ્થિતિ એ છે કે રોકી રોજ સાંજે ચોપડો લઈને બેસે છે. જે સંબંધીઓએ લગ્નમાં ચાંદલો આપ્યો હતો, એમને રોકી ફોન કરીને પૂછે છે, 'મામા, તમે લગ્નમાં ₹૧૧૦૦ આપ્યા હતા. હવે અમારા છૂટાછેડા થઈ ગયા છે. તો એ પૈસામાંથી ₹૫૫૦ હું તમને પાછા મોકલું કે તમે સ્વીટુ પાસેથી વસૂલ કરશો?'

મામા ફોન કાપી નાખે છે!

આ આખી ઘટના પરથી મને તો એક જ જ્ઞાન મળ્યું છે: જો તમારે લગ્નજીવન ટકાવી રાખવું હોય તો પતિ-પત્નીના વિચારો મળે કે ન મળે, પણ ચાંદલાના હિસાબ ક્યારેય ન ખોલવા! લગ્નમાં કવર આપતી વખતે જ નીચે નાની અક્ષરે લખી દેવું જોઈએ: 'આ ચાંદલો બિન-પરતપાત્ર છે. લગ્ન તૂટવાની સ્થિતિમાં પૈસા ડૂબત ખાતે ગણાશે. શરતો લાગુ!'

અને હા, જો કોઈ તમને પૂછે કે 'છૂટાછેડા થઈ જાય તો ચાંદલો પાછો દેવો પડે કે નહીં?' તો એને કહેજો કે ચાંદલો પાછો આપવા જશો તો બીજા ચાર સંબંધીઓ સાથે છૂટાછેડા થઈ જશે! એટલે શાંતિથી જીવો, ચાંદલો ભૂલી જાવ અને દાંડિયારાસ માણો! ■

**વિચારવાયુ**

*છૂટાછેડાનું મૂળ કારણ શું?*
*લગ્ન બીજું શું?!*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# નાના આવાસની આવશ્યકતા





**બધું** જ હાથવગું હોય, બધું જ પહોંચમાં હોય, બધું જ જરૂરિયાત મુજબનું જ હોય અને તે બધાં સાથે મકાનની દરેક પરિસ્થિતિ સાથે આત્મીયતાની સંભાવના હોય, નાનું આવાસ મજાનું હોય.

મોટા આવાસનો આગ્રહ કેટલો વ્યાજબી છે તે સંશોધનનો વિષય છે. માનવીનું માપ ચોક્કસ પ્રમાણેનું છે, તેની જરૂરિયાતો પણ વ્યવસ્થિત નિર્ધારિત થઈ શકે તેમ છે, આ જરૂરિયાત - સગવડતા માટે પણ ચોક્કસ માપનું અનુસરણ જરૂરી છે. જેમ જમવાની થાળી એક મીટર વ્યાસની હોય તો તકલીફ વધુ રહે તેમ આવાસ માટે પણ કહી શકાય. આવાસ-લક્ષી માનવીની જરૂરિયાતોમાં નાટકીય બદલાવની સંભાવના નથી, કૌટુંબિક સમરસતા માટે પણ સામીપ્ય જરૂરી હોય છે, તે છતાં પણ જ્યારે વિશાળ આવાસની અપેક્ષા રાખવામાં આવે ત્યારે પ્રશ્ન તો થાય. આજના સંદર્ભમાં તો પ્રશ્નો થવાં પણ જોઈએ.

રાજા મહારાજાઓની કે તેમને સમકક્ષ માનવીઓની વાત અહીં નથી કરવાની. તેમને તો પોતાનું રાજવીપણું સ્થાપિત પણ કરવું હતું અને દર્શાવવું પણ હતું. આ કદાચ તેમની મનોવૈજ્ઞાનિક જરૂરિયાત થશે. હકીકતમાં તો તેમનાં નોકરચાકરની અલગ વ્યવસ્થા હોય, હાથી-ઘોડા માટે પણ અલાયદી વ્યવસ્થા હોય, મોટાભાગના મહેમાનોને પણ ચોક્કસ દુરી પર રાખવામાં આવે, તેવા સંજોગોમાં વિશાળ મહેલ માત્ર સમૃદ્ધિ, સામર્થ્ય, સત્તા અને સલામતીના પ્રતિક તરીકે જ હોઈ શકે. આજના સમયમાં આવી આવશ્યકતા હોતી જ નથી.

વિશ્વમાં અત્યારે આવાસ કે તે પ્રકારની સગવડતા માટેનું જેટલું બાંધકામ પ્રાપ્ત હશે, તેને સમગ્ર વિશ્વની માનવ-વસ્તી વડે ભાગવામાં આવે તો કયો 'આંકડો' સ્થાપિત થાય તે વિચાર કરવાં જેવું છે. ભલે આ સામ્યવાદી વિચારધારા ગણાય, તેનો સ્વીકાર ન કરવાની સ્વતંત્રતા દરેક પાસે છે - સામ્યવાદી વિચારધારાનો અસ્વીકાર કરવો જરૂરી પણ છે કારણ કે તેનાથી માનવી સાથે જોડાયેલી ઘણી મૂળભૂત સંભાવનાનો છેદ ઊડી જતો હોય છે. પરંતુ એક શૈક્ષણિક અભિગમ તરીકે આ આંકડો જણાવો જરૂરી ગણાય. આ આંકડો, આવાસના સંદર્ભમાં, નાનું અને મોટું કે વિશાળની વ્યાખ્યા સ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકે.

ક્યારેક સામાન્ય કહી શકાય તેનાં કરતાં મોટાં આવાસની જરૂરિયાત ઊભી થાય. જ્યારે કુટુંબ મોટું થાય, જીવનશૈલી બદલાતાં સગવડતાની વ્યાખ્યા જ વિસ્તૃત થઈ જાય, કુટુંબ પાસે સગવડતા માટેનાં ઉપકરણોની સંખ્યા તથા તેની જટિલતા વધી જાય અને કોઈપણ પરિસ્થિતિમાં સંતોષ સ્થપાવાની સંભાવના ન હોય, તો નાના આવાસથી ન ચાલે. પછી તો દુર્વ્યય ગણી શકાય તેવાં મોટાં આવાસની રચના જ માનવી ઈચ્છે. ક્યારેક આવાસની અંદર જ કેટલીક સામાજિક કે વ્યવસાયિક ક્રિયાઓનો સમાવેશ કરવો જરૂરી બને તો પણ પ્રમાણમાં મોટા આવાસની જરૂરિયાત ઊભી થાય. પૈસાની



આવક તથા સંપત્તિનો સંગ્રહ વધે એટલે મોટાં આવાસની જરૂરિયાત ઊભી થાય તેમ નથી.

એક અભ્યાસ મુજબ, સ્થાપત્યના ક્ષેત્રમાં સૌથી મોટું બજાર આવાસનું છે. જો આવાસ નાનું થાય તો દુનિયાના કેટલાંક મૂળભૂત પ્રશ્નોનો ઉકેલ આવતો જાય. દુનિયામાં પ્રવર્તમાન આવાસની અછતના પ્રશ્નનું નિરાકરણ થઈ શકે, બાંધકામ નાનું થવાથી સામગ્રીની બચત થઈ શકે અને પર્યાવરણ પર ભાર ઓછો આવી શકે, બાંધકામ ઓછું થવાને કારણે તેનો અંગાર-પાદ ચિહ્ન પણ સ્વાભાવિક રીતે નાનો થાય, બાંધકામ મુક્ત જમીનનો બીજો અસરકારક ઉપયોગ થઈ શકે, અને અમુક વર્ષો પછી જ્યારે મકાન તોડીને નવી જરૂરિયાત પ્રમાણે નવું બાંધકામ થાય ત્યારે જૂની સામગ્રીનો બગાડ પણ ઓછો થઈ શકે. આવાસના ઉપયોગમાં વપરાતી ઊર્જા ઓછી થઈ શકે. આવવાના રખરખાવનો ખર્ચ પણ ઓછો આવે. આ બધાં આ સાથે કુટુંબમાં સહકાર અને સહયોગની ભાવના પણ દ્રઢ બની શકે, કુટુંબની અંદર આત્મીયતા વધુ દ્રઢ થઈ શકે. નગર આયોજનની દ્રષ્ટિએ વિચારીએ તો કહી શકાય કે માનવી માનવીની વધુ નજીક આવી શકે. નગરની સંરચનાનું માળખું પણ નાનું રહે જેથી ઘણી રીતે બચત થઈ શકે. તે સાથે ખેતીલાયક જમીન પરનું દબાણ પણ ઓછું થાય.

સૌ પહેલાં તો ઇચ્છિત સગવડતાને અગ્રતાક્રમ પ્રમાણે ગોઠવી તેની જરૂરિયાતોને વ્યવસ્થિત સમજવી પડે.

અહીં દરેક ચોરસ ફુટનો મહત્તમ ઉપયોગ થવો જોઈએ. જરૂર જણાય ત્યાં ઉપયોગિતાને એકબીજા સાથે સાંકળવી પડે. સમય અનુસાર જુદાં જુદાં સ્થાનનો જુદાં જુદાં સમયે જુદાં જુદાં પ્રકારનો ઉપયોગ સંભવ બને અને સગવડતા જળવાઈ રહે તેવી રચના કરવી પડે. 'મલ્ટી ફંક્શનલ' અર્થાત બહુહેતુક સિદ્ધાંતનું અનુસરણ પણ ઘણી મદદ કરી શકે. જરૂરી જણાય ત્યાં અને જરૂરી હોય ત્યાં મોડ્યુલર કે પ્રિ-ફેબ્રિકેટેડ વ્યવસ્થાનો ઉપયોગ પણ ઈચ્છનીય ગણાય. આમાં બાંધકામનાં વિવિધ અંગો જ નહીં પરંતુ રાચરચીલાનો પણ સમાવેશ થઈ જાય. મકાનના સંભવિત બદલાવના સમાવેશ માટેની પણ વ્યવસ્થા હોવી જોઈએ. આવાસમાં નાનાં-મોટાં બદલાવ માન્ય રખાવાં જોઈએ અને તે બદલાવ સરળતાથી શક્ય બને તેવી તકનીક વપરાવવી જોઈએ. સૌંદર્યલક્ષી ભાવનાને નજરઅંદાજ નથી કરવાની. આવાસ સાથે જોડાયેલી જરૂરી 'ગૌરવ'ની લાગણી ઓછી નથી કરવાની. સ્થપતિએ નાની રચનાને પણ અતિ પ્રશંસનીય બનાવવાની છે. જરૂરિયાત સાથે બાંધછોડ નથી કરવાની. વળી સ્થાપત્યના ક્ષેત્રમાં જે જે નવી એઆઈ આધારિત ટેક્નોલોજી સ્વીકૃત બની રહી છે તેનો પણ ઉપયોગ થવો જોઈએ, ક્યાંક તે આવાસમાં રહેનાર માનવીને એમ ન લાગવું જોઈએ કે તે પાછળ રહી ગયો છે. સ્થપતિએ શક્ય હોય તેટલું સર્જનાત્મક થવું પડે.

પડકાર સ્થપતિએ એ લેવાનો છે. સમાજે નાના આવાસની વિચારધારાને સ્વીકારવાની છે. સરકારે તે માટે પ્રોત્સાહન આપવાનું છે. ઇજનેરોએ બાંધકામની યોગ્ય અસરકારક તથા કરકસર યુક્ત પદ્ધતિ માટે વધુ ધ્યાન આપવાનું છે. આ વિચારધારા ચળવળ સમાન બની રહેવી જોઈએ.

સાહિત્યના ક્ષેત્રમાં લઘુ-કાવ્ય અને લઘુ-કથાની રચના વધુ મુશ્કેલ કહેવાય છે. એક કલાકમાં કોઈ વાત કહેવી સહેલી બની રહે ત્યારે તે જ વાત પાંચ મિનિટમાં કહેવી હોય તો વધુ તૈયારીની જરૂર પડે. મોટાં કેનવાસ પર રંગ ઢોળીને ચિત્ર બનાવી શકાય - અને આમ થતું પણ હોય છે - પરંતુ મીનિએચર પેન્ટિંગ માટે ઘણી ચીવટતા તેમજ સ્પષ્ટતા જોઈએ. કોઈક મહેમાનને ખુશ કરવા માટે બત્રીસ પકવાન બનાવી શકાય, પરંતુ એક જ પકવાનથી જ્યારે તેટલી જ ખુશીની અપેક્ષા હોય ત્યારે વસ્તુ મુશ્કેલ બને, પરિસ્થિતિ મુશ્કેલ બની જાય, તેમાં પાકશાસ્ત્રમાં પૂરેપૂરી નિપુણતા જોઈએ. સમય ઓછો હોય, સંસાધનો ઓછાં હોય, ન્યૂનતમ જરૂરિયાત સાથે કોઈ બાંધછોડની શક્યતા ન હોય, અને ઇચ્છિત પરિણામ સિદ્ધ કરવાનું હોય તો તેમાં સૌથી વધુ સંવેદનશીલતા અને સર્જનાત્મકતાની જરૂર રહે. આજના સ્થપતિએ આ ક્ષમતા દર્શાવવાની ખૂબ જરૂર છે. ■

## વિશેષ

શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

# શિક્ષક હવે કન્ટેન્ટ ક્રિએટર્સ પણ બન્યા છે!



એક સમય હતો જ્યારે શિક્ષકની દુનિયા શાળાના બેલ, ક્લાસરૂમની ચાર દીવાલો, બ્લેકબોર્ડ અને વિદ્યાર્થીઓની નોટબુક સુધી સીમિત માનવામાં આવતી હતી, પરંતુ આજે એ જ શિક્ષક મોબાઈલ કેમેરા સામે ઊભો છે, યુટ્યૂબ પર લેક્ચર આપી રહ્યો છે, ઇન્સ્ટાગ્રામ પર કોઈ અઘરા વિષયને ૬૦ સેકન્ડની રીલમાં સરળતાથી સમજાવી રહ્યો છે, પોડકાસ્ટમાં શિક્ષણ પર ચર્ચા કરી રહ્યો છે અને ઓનલાઇન કોર્સ દ્વારા દેશના દૂર-દૂરના વિદ્યાર્થીઓ સુધી પહોંચી રહ્યો છે. કહેવાનો અર્થ એ છે કે શિક્ષકનો ક્લાસરૂમ હવે માત્ર એક રૂમ સુધી સીમિત નથી, પરંતુ ઇન્ટરનેટ પર ખુલતી અસંખ્ય બારીઓમાંથી ઝાંખી રહ્યો છે. શિક્ષક હવે માત્ર 'નોલેજ પ્રોવાઇડર' નથી રહ્યો, પરંતુ કન્ટેન્ટ ક્રિએટર, કમ્યુનિકેટર, મેન્ટર અને ક્યારેક પોતે જ એક 'એજ્યુકેશન બ્રાન્ડ' પણ બની ગયો છે.

એક શિક્ષક જે ક્યારેક ૪૦-૫૦ કે વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને એક વર્ગમાં ભણાવતા હતા, આજે ઇન્ટરનેટના માધ્યમથી તેઓ હજારો, લાખો વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે. પહેલાં જ્યાં કોઈ શિક્ષકનો વર્ગ, વર્ગ પૂરો થયા પછી સમાપ્ત થઈ જતો હતો, પરંતુ આજે જો કોઈ શિક્ષક ઓનલાઇન વર્ગ લઈ રહ્યા છે, તો તેઓ ભલે ૪૦-૫૦ કે ૬૦ મિનિટ પછી ક્લાસ પૂરો કરી દે, પણ તેમનું ભણાવેલું ક્યારેય સમાપ્ત થતું નથી. તે વર્ષો સુધી ડિજિટલ દુનિયામાં ઉપલબ્ધ રહે છે. આ ટેકનોલોજીનો જ કમાલ છે કે આજે કોઈ દૂર-દૂરના ગામડામાં રહેલો વિદ્યાર્થી દિલ્હી, મુંબઈ કે બેંગલુરુના કોઈ શિક્ષકના લેક્ચરને જોઈ શકે છે, સાંભળી શકે છે અને તેનાથી શીખી શકે છે.

કન્ટેન્ટ ક્રિએટર બન્યા પછી શિક્ષકનું કામ માત્ર ભણાવવા પૂરતું નથી રહ્યું, હવે તેમણે એ પણ વિચારવું પડે છે કે આખરે કેવી રીતે ભણાવવું અને પોતાના વિષયને કેવી રીતે રજૂ કરવો જેથી સમગ્ર દુનિયામાં તેમની વાહવાહ થાય. વાસ્તવમાં એક સારા ક્લાસરૂમ લેક્ચર અને ડિજિટલ કન્ટેન્ટ વિડીયો વચ્ચે તફાવત હોય છે. કેમેરા સામે શિક્ષકે પોતાની ભાષા, અવાજ, બોડી લેંગ્વેજ, લાઈટિંગ, પ્રેઝન્ટેશન અને ઓડિયન્સ રિટેન્શન સુધીની બાબતોનું ધ્યાન રાખવું પડે છે. ક્લાસરૂમમાં ભણાવતી વખતે શિક્ષક જો એકાદ શબ્દની ભૂલ પણ કરી દે, તો વર્ગ પૂરો થયા પછી તે વાત વિસરાઈ જતી હોય છે અથવા તો એવું કહી શકાય કે આગામી વખતે શિક્ષક તેને સુધારી શકે છે. પરંતુ જો એકવાર વીડિયોમાં કોઈ શિક્ષકે કંઈક ખોટું બોલી દીધું, તો વર્ષો સુધી તેમની ભૂલ પકડવા માટે ત્યાં ઉપલબ્ધ રહે છે. એનો અર્થ એ છે કે આજે જ્યારે શિક્ષક કન્ટેન્ટ ક્રિએટર બની ગયા છે, ત્યારે તેમણે ક્લાસરૂમ કરતાં દસ ગણું વધુ સચેત રહેવું પડે છે. માત્ર પોતાની ભાષા માટે જ નહીં, પરંતુ પોતાના ઉચ્ચારણ અને ભણાવતી વખતે ઉપયોગમાં લેવાયેલા તથ્યોની સત્યતા પણ સુનિશ્ચિત કરવી પડે છે. કારણ કે જો ભૂલથી પણ કંઈક ખોટું ભણાવી દીધું, તો તેને પકડવું હવે ખૂબ સરળ બની ગયું છે. આજે શિક્ષકે માત્ર ભણાવવાનો ઉપક્રમ નથી કરવાનો હોતો, પરંતુ ભણાવવાની કળામાં નિપુણ પણ બનવું પડે છે. કારણ કે ડિજિટલ કન્ટેન્ટમાં ક્યારેક કોઈ વિષય ૫૦ મિનિટમાં ભણાવવાનો હોય છે, તો ક્યારેક એ જ વિષય માત્ર પાંચ મિનિટના શોર્ટ વીડિયોમાં સમજાવવાનો હોય છે. આ સાથે જ ઇન્ફોગ્રાફિક, ક્વિઝ અને પોડકાસ્ટમાં અલગ શૈલી અપનાવવી પડે છે, એટલે કે શિક્ષકે હવે માત્ર ભણાવવાનું નથી હોતું, પરંતુ કમ્યુનિકેશનની કળામાં એટલે કે ભણાવવાની પદ્ધતિમાં પણ મહારત હાસિલ કરવી પડે છે.

આનો સૌથી મોટો ફાયદો એ થયો છે કે શિક્ષણની પહોંચ ખૂબ દૂર સુધી થઈ ગઈ છે. પહેલાં, જો કોઈ વિદ્યાર્થી ક્લાસમાં કોઈ વિષય સમજી શકતો ન હતો, તો તેમના માટે શિક્ષકને ફરીથી સમજાવવાનું કહેવું ઘણીવાર મુશ્કેલ હતું.

આજે આ સમસ્યા બિલકુલ દૂર થઈ ગઈ છે. જો કોઈ વિદ્યાર્થીને એકવારમાં વીડિયો સમજમાં ન આવે, તો તે તેને વારંવાર જોઈને સમજી શકે છે. જ્યાં સમજવું અઘરું લાગી રહ્યું હોય, ત્યાં તેને પોઝ બટન દબાવીને વારંવાર આગળ-પાછળ કરીને સાંભળી કે જોઈને પણ સમજી શકે છે. વીડિયો ટીચિંગના કારણે આજે વિદ્યાર્થીઓને કોઈ વિષયના વિશ્લેષણને સમજવામાં વધુ સરળતા રહે છે. પહેલાં એકવાર શિક્ષકે જે બોલી દીધું, તેને સમજવામાં જો વિદ્યાર્થી ચુકી ગયા, તો કોઈ ગેરંટી ન હતી કે ફરીથી તેને સમજવાની તક મળી જ જાય. પરંતુ આજે ઈચ્છે તો કોઈ વિદ્યાર્થી ગમે તેટલી વાર તેને સાંભળી શકે છે અને સાંભળીને સમજી શકે છે. આ પરિસ્થિતિ ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે, જેઓ મોટાં શહેરોની મોંઘી કોચિંગ સંસ્થાઓ સુધી પહોંચી શકતા નથી. આવા વિદ્યાર્થીઓ સારા શિક્ષકોના ડિજિટલ કન્ટેન્ટનો લાભ ઉઠાવી શકે છે. કદાચ એટલા માટે જ આજે સારા શિક્ષકોની પહોંચ ખૂબ દૂર સુધી થઈ ગઈ છે.

આજે અવધ ઓઝા, વિકાસ દિવ્યકીર્તિ અને ખાન સર જેવા શિક્ષકો કોઈ કોલેજ, કોઈ ક્લાસરૂમ, કોઈ કોચિંગ એકેડેમી કે કોઈ શહેર સુધી સીમિત નથી. તેઓ દેશના ખૂણે-ખૂણામાં સાંભળવામાં અને સમજવામાં આવે છે. કન્ટેન્ટ ક્રિએશને શિક્ષકોને પોતાની પ્રોફેશનલ ઓળખ બનાવવામાં ભરપૂર મદદ કરી છે. આજે જો કોઈ વ્યક્તિ પોતાના વિષયનો નિષ્ણાત હોય, તો તેણે ભલે ઔપચારિક રીતે શિક્ષણની ડિગ્રી ન પણ લીધી હોય, તો પણ તે દેશ અને દુનિયાનો લોકપ્રિય શિક્ષક બની શકે છે; એટલે કે ટેકનોલોજીએ માત્ર શિક્ષણના વ્યવસાયને જ અત્યંત સમૃદ્ધ નથી બનાવ્યો, પરંતુ શિક્ષકને પણ મહત્ત્વપૂર્ણ બનાવ્યા છે, પરંતુ આ બધાની વચ્ચે આ સુવિધામાં કેટલાંક જોખમો પણ રહેલા છે. કારણ કે આજે શિક્ષણ અને મનોરંજન વચ્ચેની સીમા ધૂંધળી થઈ ગઈ છે. ઘણા શિક્ષકો લોકપ્રિય શિક્ષણના નામે ભણાવવાની જગ્યાએ મનોરંજન કરવા લાગે છે અને તેઓ આ બધામાં ખૂબ લોકપ્રિય પણ બની જાય છે.■

# ડચ ભાષાઃ માનપાન સાથે મમત્વ

## નેધરલેન્ડ્સના લોકોમાં માતૃભાષા માટે અનન્ય આદર છે

એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

છેલ્લા કેટલાક સમયથી મહારાષ્ટ્રમાં ટૅક્સી અને રિક્ષા ડ્રાઈવર માટે ખપ પૂરતું મરાઠી આવડવું ફરજિયાત કરવા માટે સખતાઈ થઈ રહી છે. મરાઠી શીખી લેવા માટે તેમને એક વર્ષની મુદત આપવામાં આવી છે. ભાષાનો આગ્રહ અને ભાષાની સખતાઈ એ બે અલગ બાબત છે. નૅધરલેન્ડ્સમાં કોઈ સ્ટોરમાં ખરીદી કરવા જાઓ ત્યારે ફૂડ પેકેટ્સ પરની જાણકારી સહિત અનેક બાબતમાં ડચ ભાષાનો જ આગ્રહ જોવા મળે છે. જોકે, ડચ ભાષા ન આવડતી હોય તો ખરીદી કરવા પર કોઈ પ્રતિબંધ નથી. સાવકો વ્યવહાર પણ નહીં. સ્ટોરનો કર્મચારી ફાંકડું અંગ્રેજી જાણતો હોય અને તમને બનતી બધી જ મદદ કરવા તત્પર હોય છે. બિલિંગ કાઉન્ટર પર પણ ડચ ભાષામાં જ *Contant of Pinnen? (Cash or Card?)* એવો સવાલ કરવામાં આવે પણ ઓન્લી ઈંગ્લિશ (મને અંગ્રેજી જ આવડે છે) એમ કહો ત્યારે સસ્મિત અંગ્રેજીમાં વાત કરી તમારું કામ પૂરું કરી આપે. પણ જો ડચ ભાષા આવડતી હોય તો સ્ટોરમાં ડાફેરા ઓછા મારવા પડે. કાઉન્ટર પર બેઠેલો કર્મચારી તમે નેધરલેન્ડ્સના ન હોવા છતાં ખપ પૂરતું ડચ જાણો છો એ વાતે રાજી થાય.

### ખપ પૂરતું ડચ

મહારાષ્ટ્રમાં કેબ અને રિક્ષાચાલકો માટે ખપ પૂરતું મરાઠી ફરજિયાત રાખવામાં આવતા ડ્રાઈવરોએ એ શીખવાનું શરૂ કરી દીધું છે. નૅધરલેન્ડ્સના ત્રણ મહિનાના લાંબા મુકામ વખતે દૈનિક જરૂરિયાતની વસ્તુઓ ખરીદતી વખતે અને અન્ય સ્થળે સમસ્યા ન નડે એટલે અમે પણ કેટલાક શબ્દો શીખી લીધા. આહારમાં કાંદા - લસણ વર્જ્ય હોવાથી એ બે શબ્દો તેમ જ સાકર, માખણ - બટર, શીંગદાણા વગેરે નિયમિત વપરાશની વસ્તુના ડચ પર્યાય મોબાઈલમાં સેવ કરી ગોખી લીધા. નમકીન આઈટમના ફૂડ પેકેટ્સ ખરીદતી વખતે એની ઉપર ખાસ ચકાસી લેવાનું કે zonder ui, zonder knoflook or vrij van ui en knoflook લખ્યું છે કે નહીં. Ui એટલે કાંદા, Knoflook એટલે લસણ, Zonder એટલે નથી અને Vrij van એટલે એનાથી મુક્ત છે. ટૂંકમા zonder ui, zonder knoflook એટલે કાંદા - લસણ નથી અને vrij van ui en knoflook એટલે કાંદા લસણ મુક્ત આઈટમ છે એવો અર્થ થાય.







### ભાષામાં ડેરી પ્રોડક્ટ્સ

ભાષા અને આહારને સંબંધ હોય? હા, ભાષા અને આહાર વચ્ચે ખૂબ જ ઊંડો અને રસપ્રદ સંબંધ છે. આપણી ખાવા-પીવાની વિભિન્ન ટેવ, સંસ્કૃતિ અને આપણે જે ભાષા બોલીએ છીએ તે બધું એકબીજા સાથે જોડાયેલું હોય છે ડચ ભાષામાં ચીઝ અને માખણ (બટર) સંબંધિત રૂઢિપ્રયોગો છે, કારણ કે ડેરી ફાર્મિંગ અને દૂધની બનાવટો સદીઓથી નેધરલેન્ડની સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થાનો મુખ્ય પાયો રહ્યા છે. ચીઝ અને માખણ ડચ લોકોના ભોજન અને રોજિંદા જીવનનો અનિવાર્ય ભાગ છે અને લોકો માટે વેપાર અને કમાણીનું મુખ્ય સાધન હતા એટલે લોકોના વ્યવહાર અને વાતોમાં આ ચીજો સહજ રીતે વણાઈ ગઈ. એક ડચ કહેવત છે De kaas van je brood laten eten - To let the cheese on your bread be eaten. શબ્દાર્થ થાય બ્રેડ પર માખણ તમે લગાડ્યું અને એ બીજું કોઈ ખાઈ જાય. કોઈ તમારો લાભ ઉઠાવી જાય કે તમારી મહેનતના મીઠાં ફળ બીજું કોઈ ઝાપટી જાય એ એનો ભાવાર્થ છે. બીજી કહેવત છે Ergens geen kaas van hebben gegeten - To have eaten no cheese of something. કોઈ બાબતથી સદંતર અજાણ હોવું એવો ભાવાર્થ છે. ચીઝ ડચ લોકોના આહાર અને સાંસ્કૃતિક જીવનનો અભિન્ન હિસ્સો છે એટલે નેધરલેન્ડ્સની વ્યક્તિને ચીઝ વિશે જાણકારી ન હોય એ એકદમ વિચિત્ર બાબત ગણાય એ એનો અસલી ભાવાર્થ છે. Leder kaasje heeft zijn gaatje -Every little cheese has its hole. ચીઝ બનાવતી વખતે ફરમેન્ટેશન (આથો લાવવો) પ્રક્રિયા દરમિયાન એમાં છિદ્રો રહી જાય છે એટલે કે તૈયાર કરેલી ચીજમાં કોઈ નજીવી ખામી રહી જાય છે એ શબ્દાર્થ છે. એ જ રીતે જીવનમાં કોઈ પરિપૂર્ણ નથી હોતું, દરેકના પોતપોતાના દોષ હોય છે એ એનો ભાવાર્થ છે.આવા અન્ય ઉદાહરણ પણ છે. રસપ્રદ વાત એ છે કે વ્યવહારિક અને સાંસ્કૃતિક જીવનમાં મહત્ત્વ ધરાવતી બાબત ભાષામાં પણ સરસ રીતે વણાઈ ગઈ છે. ડચ લોકોનો સાંસ્કૃતિક પ્રેમ તો બેજોડ છે જ, તેમનો ભાષા પ્રેમ પણ બિરદાવવા જેવો છે.

### લાઈબ્રેરીની લાક્ષણિકતા



પુસ્તકાલય - લાઈબ્રેરી કેવળ પુસ્તકો રાખવાની જગ્યા નથી, પરંતુ તે સમાજનો વૈચારિક અને સાંસ્કૃતિક અરીસો છે અને એનો વારસો છે. નૅધરલેન્ડ્સમાં અદ્ભુત અને આધુનિક લાઈબ્રેરીઓ છે. ભાષા પ્રેમનો વિસ્તાર છે. આ પુસ્તકાલયો પુસ્તકો વાંચવા માટે જ નહીં, પરંતુ તેમના આર્કિટેક્ચર માટે પણ વિશ્વભરમાં પ્રખ્યાત છે. દેશમાં પબ્લિક લાઈબ્રેરી નેટવર્ક છે. ચાર વર્ષ પહેલા દેશના ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૨૦ લાખ બાળક અને કિશોરો લાઈબ્રેરીના મેમ્બર હતા. આ આંકડો નેધરલેન્ડ્સના યુવા વર્ગના ૬૫% હતો. અમારો મુકામ હતો એ આલમીર શહેરમાં એક ત્રણ માળની આલીશાન લાઈબ્રેરી છે. સવારના ૧૦ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી ખુલ્લી રહે. લાઈબ્રેરીમાં જ્યાં જુઓ ત્યાં કેવળ અને કેવળ ડચ ભાષામાં જ વિવિધ વિષયના પુસ્તકો જોવા મળે. અંગ્રેજી સેક્શન રીતસરનું શોધવું પડ્યું અને પુસ્તકોની સંખ્યા અત્યંત નજીવી. ડચ ભાષાના ત્રીસેક હજાર (સંભવતઃ એથી વધુ) પુસ્તકો સામે અંગ્રેજી પુસ્તકો માંડ હજારેક. માતૃભાષા માટે કેવું મમત્વ અને માનપાન. બાળકો માટે ઈન્ટરએક્ટિવ સેશન્સ જેમાં સ્ટોરી ટેલિંગ, વિવિધ પ્રકારની ગેમ્સ. લાઈબ્રેરીમાં ફ્રી વાઈ ફાઈ ઉપલબ્ધ. ગમે ત્યાં બેસીને કામ કરવાની છૂટ અને હા, લાઈબ્રેરીમાંથી વોટ્સઍપ કોલ ન થઈ શકે, માત્ર મેસેજ કરી શકાય. એક સાથે ૫૦૦થી ૧૦૦૦ લોકો હોય તો પણ જરાય ખલેલ ન પડે. ■

---

# બદલાતી વિચારધારા... પલટાતો માહોલઃ જિંદગી આ જ રીતે જીવાય?

ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

૧૯૬૦ના દાયકાની દુનિયા અલગ રીતે શરૂ થઇ હતી. બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમમાં ઉદ્યોગ વધી રહ્યો હતો, બજાર નવેસરથી કરવટ બદલી રહ્યું હતું. શહેરો આધુનિક બની રહ્યાં હતાં અને યુવાનોને પહેલાં કરતાં વધારે તક મળવા લાગી હતી.

૧૯૬૦ના દાયકાની સૌથી મોટી ક્રાંતિ રસ્તા પર કે ઓફિસમાં નહોતી થઈ. પણ માણસના મનમાં થઈ હતી. વિશ્વયુદ્ધ પછી નવેસરથી સમૃદ્ધિ આવી. નવી ટેક્નોલોજી, વધતી ખરીદશક્તિ અને આધુનિક બનતાં શહેરોની વચ્ચે પશ્ચિમની યુવા પેઢીનો સંઘર્ષ ઘટી ગયો હતો. તેણે પોતાને જ સવાલ પૂછવાનું શરૂ કર્યું, બધું સુખ મળ્યા પછી હવે જીવવાનું કેવી રીતે? સારી નોકરી, ઘર, લગ્ન, બાળકો, પૈસા અને નિવૃત્તિ માતા-પિતાએ જે રસ્તો પસંદ કર્યો હતો એ જ રસ્તે ચાલવું શા માટે?

આ પેઢીના વિચારશીલ ભાગને અંદરથી કંઈક ખટકતું હતું. દુનિયા આધુનિક થઈ રહી છે. દુનિયા બદલાવા લાગી હતી દુનિયાની રાજનીતિ હોય કે વિજ્ઞાનમાં માતબર ફેરફાર આવ્યા.. પ્રશ્ન એ થવા લાગ્યો કે બધું બદલાય તો પછી માણસના જીવનની વ્યાખ્યા નવી કેમ નહીં?

ત્યારે સમસ્યાઓ રાજકારણમાં નહીં, સંસ્કૃતિમાં દેખાઈ. ફ્રાન્સમાં યુવાન ફિલ્મકારોએ ફિલ્મને જ સવાલ કરવાનું શરૂ કર્યું. ફિલ્મો ઇતિહાસ, સમાજ કે સમસ્યાઓના જવાબ હતી. ફ્રાંસ્વા ત્રુફોની ' ધ ૪૦૦ બ્લોઝ (૧૯૫૯) ' અને ઝાં-લુક ગોદાર્દની 'બ્રેથલેસ (૧૯૬૦)' જેવી ફિલ્મોએ સ્ટુડિયોની ગોઠવેલી દુનિયાથી કેમેરાને બહાર કાઢ્યો. પેરિસની ગલીઓ, કેફે, કાર, યુવાનો, પ્રેમ, એકલતા, મૂંઝવણ જીવન જેવું છે એ જ રીતે પડદા પર આવવું જોઈએ એવો આગ્રહ હતો. ગોદાર્દે તો ફિલ્મના પરંપરાગત એડિટિંગ અને સ્ટોરી ટેલિંગ રીત સાથે અઢળક નવા પ્રયોગો કર્યા. ફિલ્મ બનાવવામાં સવાલ પૂછતાં, આ રીતે જ કેમ, જૂનું બદલવામાં શું સમસ્યા છે? નવું કેમ નહીં?

અમેરિકામાં સવાલ થોડો વધુ મોટો હતો. ત્યાં યુવાનોને ફિલ્મના નિયમો નહીં, જીવનના નિયમો પર વાંધો હતો. વિયેતનામ લડાઈ સામેનો વિરોધ વધતો ગયો. નાગરિક અધિકારોની ચળવળ, નવા સંગીત, બિઝનેસ જ અગત્યનો થવા લાગ્યો હતો. આ સામે અસંતોષ અને વ્યક્તિગત સ્વતંત્રતાની ઇચ્છા વધવા લાગી. બધું ભેગું થયું અને એક વિશાળ કલ્ચર એટલે Hippie યુગ આવ્યો : 'દુનિયા ગઈ ભાડમાં મને જીવવા દો' એ પેઢીનો પ્રશ્ન માત્ર અમને શું મળ્યું? એવો નહોતો. પ્રશ્ન હતો કે, અમારા માટે નક્કી કોણ કરશે કે જીવનની વ્યાખ્યા શું છે?




ગોદાર્દની 'બ્રેથલેસ' - દેવ આનંદની 'હરે રામ' : પલટાતા મિજાજની ઝલક




હિપ્પી શબ્દ ધીમે ધીમે માત્ર લાંબા વાળ, રંગીન કપડાં કે સંગીત બહાર નીકળ્યો એ પેઢી વડીલ બનીને આદર્શ જ્ઞાન આપવા નીકળે છે. યુદ્ધથી કંટાળેલી, ભૌતિક સફળતાની એકસરખી દોડથી અસંતુષ્ટ અને જીવનની બીજી શક્યતા શોધતી પેઢી હતી.

૧૯૬૯નું વુડસ્ટોક જે એ પેઢીને દુનિયાની સામે ઊભી કરી ગયું. ન્યૂ યોર્ક નજીક ૧૫થી ૧૮ ઑગસ્ટ દરમિયાન યોજાયેલા સંગીત મહોત્સવમાં આશરે ચાર લાખ લોકો પહોંચ્યા. શરૂઆતમાં જે સંખ્યા ધારવામાં આવી હતી એ કરતાં ભીડ એટલી વધી ગઈ કે કાર્યક્રમ નિઃશુલ્ક બની ગયો. વરસાદ, કાદવ, ભીડ, ખોરાક અને રહેવાની મુશ્કેલીઓ વચ્ચે પણ લોકો ત્રણ દિવસ સંગીત સાંભળતા રહ્યા. આજે આ ઘટના યાદ કરીએ ત્યારે માત્ર સંગીતકારો યાદ આવતા નથી; એક એવી પેઢીનો ચહેરો યાદ આવે છે જેને પહેલી વાર લાગ્યું હતું કે પોતાના જેવા વિચારતા લોકો દુનિયામાં ઘણા બધા છે.

આ જ સમયગાળામાં પશ્ચિમના યુવાનોની નજર ભારત તરફ વળી. સંગીત, ધ્યાન, આધ્યાત્મિકતા અને પશ્ચિમના ભૌતિક જીવનથી અલગ જીવનપદ્ધતિ વિશેની ઉત્સુકતા વધી. બીજી બાજુ ભારતીય સિનેમા પણ પશ્ચિમના સંગીત, ફેશન અને યુવા સંસ્કૃતિના પ્રભાવથી અજાણ્યું નહોતું. આ બે દિશા વચ્ચે ૧૯૭૧માં દેવ આનંદની 'હરે રામ હરે કૃષ્ણ' ફિલ્મ આવી. ઝીનત અમાનની જસબીર, જેને જેનિસ તરીકે ઓળખવામાં આવે છે એણે હિપ્પી જીવનને ભારતીય પડદા પર આબાદ મૂકી દીધું.

અહીંથી પેરિસના ગોદાર્દની 'બ્રેથલેસ'નો યુવાન અને 'હરે રામ હરે કૃષ્ણ'ના જેનિસ વચ્ચે અંતર હોવા છતાં સંવાદ દેખાય છે. બંને કોઈ ચળવળના ભાગ નથી. ગોદાર્દ ફ્રેન્ચ સિનેમાની ભાષા બદલી રહ્યો છે, અમેરિકન કાઉન્ટરકલ્ચરની અસર સાથે પોતાનું અસ્તિત્વ શોધી રહ્યો છે. એ અને 'હરે રામ'ની જેનિસની એક જ પ્રકારની બેચેની છે.

આ બધા વચ્ચે આર્ટ ફિલ્મોનો મૌલિક યુગ શરૂ થયો. દુનિયાની ક્રાંતિએ આ ફિલ્મોને નવો દર્શક વર્ગ આપ્યો. નસીરુદ્દીન શાહ, સ્મિતા પાટીલ, શબાના આઝમી હોય કે ઓમ પુરી ડાર્ક મુવીનો સુવર્ણ યુગ આવ્યો હતો...

હિપ્પી સંસ્કૃતિનાં નામ પર બદીઓ ફેલાવા લાગી. એ બદનામ બન્યા અને મૂળ હેતુ માર્યો ગયો. પણ હા, ભારતમાંથી પ્રબુદ્ધ ચિંતકો મળ્યા ક્રિશ્નમૂર્તિથી માંડીને ઓશો અને પરમહંસ યોગાનંદ, સ્વામી રામથી માંડીને નીમ કરોલી બાબા સુધીના વિદ્વાનોએ જગતને સ્વ તરફ વળવાનો પ્રકાશનો માર્ગ ચીંધ્યો.

એ યુગના યુવાનોના સવાલ ધીમે ધીમે દુનિયાભરમાં ફેલાવા લાગ્યા. સંગીત બદલાયું. ફિલ્મોની ભાષા બદલાઈ. કપડાં બદલાયાં. પ્રેમ અને સંબંધો વિશે વાત કરવાની રીત બદલાઈ. યુવાનો માત્ર દર્શક ન રહ્યા. તે જીવનની સ્વતંત્રતા પર મુક્ત બનીને ચર્ચામાં ઉતર્યા.

૧૯૬૦ના દાયકાની બદલાતી તસવીરની પાછળ સામાન્ય માણસ હતો, જે કદાચ એકલો બેઠો હતો અને વિચારતો હતો, મને જે જીવન મળ્યું છે એ જ જીવન જીવવું પડશે?

આ સવાલનો રેડીમેડ ઉત્તર નહોતો આજે પણ નથી આપણી અંદરનો કોઈ માણસ બોલે છે અને ધીમેથી પૂછે છે, તું જે જીવે છે એ ખરેખર તારી પસંદગી છે? કે પછી તું પણ ઈમ્તિયાઝ અલીની 'હાઇ-વે' કે 'તમાશા'ની જેમ પચાસ વર્ષ પછી પણ હજુ ભટકી જ રહ્યો છે? ■

**ધ એન્ડ**

*મગજ ખુલ્લું રાખવામાં એક જ સમસ્યા છે કે લોકો પોતપોતાની વાતો એમાં નાખવાની કોશિશ કરતા રહે છે.*

*- ટેરી પ્રેચેટ*

---

# આ પત્રકારો કેમ કપડાં તથા ખાણીપીણીની પંચાત વધુ કરે છે?

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

## કેરલમ્‌ના પત્રકારોએ બે અલગ-અલગ ઘટનામાં અભિનેત્રીઓને એવા પ્રશ્નો પૂછ્યા જેના કારણે ચર્ચા જાગી છે કે ત્યાંના પત્રકારો આટલા બધા પંચાતણા કેમ છે?




માલવિકા - પ્રિયા : આ બન્નેને કેવા અનુભવ થયા?



દીપિકા પદુકોણઃ માય બોડી માય ચોઇસ



દક્ષિણમાં 'કિસ ઑફ લવ' આંદોલન

'શું ખાવા-શું પીવું - કેવાં કપડાં પહેરવાનું અને કેવાં નહીં એ કહેનાર તમે કોણ?'

આવું કોઈ કહે તો આપણને લાગે કે એ લેફ્ટ અથવા લિબરલ હશે. અને જો તેની ભાષા દક્ષિણની હોય તો સંભવ છે કે તે કેરલમ્‌નો હોઈ શકે.

પરંતુ કેરલમ્‌માં તમે જાવ અને તમને પૂછવામાં આવે કે 'તમે બીફ (ગોમાંસ) ખાવ છો?' તો તમને ૪૪૦ વોટનો ઝટકો લાગે કે નહીં.?

ત્યાં તમે જાવ અને તમને પૂછવામાં આવે કે 'ઓ મેડમ, તમે આ કેસરી રંગનો ડ્રેસ કેમ પહેર્યો છે?' તો.?

તમને એમ થાય કે અહીં તો બધા પ્રકારની છૂટ હશે. આ તો હંડ્રેટ પર્સન્ટ લિટરસીવાળો પ્રદેશ, પરંતુ થોડા સમય પહેલાં ઘટેલી બે ઘટના વિશે જાણશો તો તમને આવા જ ઝટકા લાગશે.

વાત એમ બની કે મહારાષ્ટ્રમાં જન્મેલી અભિનેત્રી માલવિકા શર્મા પોતાની મલયાલમ ભાષાની ફિલ્મ 'ખલીફા'નું પ્રમોશન કરવા કેરલમ્ ગઈ હતી. ત્યાં તેને એક પત્રકારે એમ પૂછ્યું કે તું બીફ (ગોમાંસ) ખાય છે?

પત્રકાર હોય અને પોતાની ફિલ્મ રિલીઝ થતી હોય એટલે પત્રકાર સાથે બથોડા કેવી રીતે લઈ શકાય? એવું બને કે તે તમને નેગેટિવ ચિતરી દે. ફિલ્મ હિટ જવાના બદલે કદાચ ફ્લોપ થઈ જશે એવો ભય પણ લાગે.

માલવિકાએ ખૂબ જ નમ્રતા સાથે અને સ્મિત સાથે કહ્યું, 'ના. હું શાકાહારી છું.'

માલવિકાની જગ્યાએ જો દીપિકા પદુકોણ, સ્વરા ભાસ્કર, આલિયા ભટ્ટ કે દિયા મિર્ઝા જેવી અભિનેત્રી હોત તો અને તેમને પૂછાયું હોત કે 'તમે બીફ કેમ ખાવ છો?' તો એમણે આ વાતને મુદ્દો બનાવીને આખા દેશમાં ચર્ચા જગાવત કે 'હવે સમાજ નક્કી કરશે કે અમારે શું ખાવું અને શું નહીં.?'

જોકે માલવિકાએ તેવું ન કર્યું. હા, કોઈ નેટવાસીએ જરૂર ચર્ચા જગાડી કે 'આ છે કેરલમ્‌ના હિન્દુ વિરોધી પત્રકારો...'

બીજા કિસ્સામાં પ્રિયા પ્રકાશ વેરિયર નામની એક અભિનેત્રી એક કાર્યક્રમમાં ગઈ હતી. બાય ધ વે, અભિનેત્રી પ્રિયા એટલે એ જ જે થોડાં વર્ષો પહેલાં સ્કૂલમાં આંગળીથી પિસ્તોલૉ ચલાવવાના ઈશારા અને આંખ મારવાના દશ્યથી જાણીતી બની ગઈ હતી. તે એક કાર્યક્રમમાં જે બ્રાન્ડનો પ્રચાર કરવા ગઈ હતી તે એક મોઢે લગાડવાનો પાવડર હતો જે કેસરી રંગના ડબ્બામાં આવે છે. આથી પ્રિયા ભગવા રંગનો પોશાક પહેરીને ગઈ હતી. તે સુંદર દેખાતી હતી, પરંતુ કેરલમ્‌ના પત્રકારે તેને પૂછ્યું, તેં સેફ્રોન રંગનો ડ્રેસ કેમ પહેર્યો છે? પ્રિયાએ પણ માલવિકાની જેમ ખૂબ જ નમ્રતાથી હસતાં-હસતાં કહ્યું, 'બ્રાન્ડનો રંગ છે, તેથી પહેર્યો છે.'

આ એ જ કેરલમ્ છે જ્યાં દેશમાં જ્યારે કેન્દ્ર સરકારે પશુ ધન વેચવા પર નિયંત્રણો મૂક્યાં ત્યારે યુવા કૉંગ્રેસના કાર્યકર્તાઓએ વાછરડાની હત્યા કરી બીફ ખાઈ વિરોધ નોંધાવ્યો હતો. આ એ જ કેરલમ્ છે, જ્યાં મોરલ પોલિસિંગના વિરોધમાં 'કિસ ઑફ લવ' એટલે કે જાહેરમાં ચુંબન કરીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જો આ બધું અભિવ્યક્તિની સ્વતંત્રતામાં કે જીવન મુક્ત રીતે જીવવાના અધિકાર મુજબ થઈ શકતું હોય તો, કોઈ અભિનેત્રી બીફ ખાય છે કે નથી ખાતી, કોઈ અભિનેત્રીએ કેસરી રંગનાં કપડાં શું કામ પહેર્યાં છે તેનું મોરલ પોલિસિંગ શા માટે?

કેરલમ્‌માં એક આંદોલનકારી નારી છે રેહાના ફાતીમા, જેણે 'કિસ ઑફ લવ' વિરોધ પ્રદર્શનમાં તેમજ સબરીમાલામાં બધી વયની સ્ત્રીઓને દર્શનની છૂટના આંદોલનમાં ભાગ લીધો હતો. બીએસએનએલની કર્મચારી હતી ત્યારે રેહાના ફાતીમાએ પોતાના ઉપરના અર્ધ નગ્ન શરીર પર સગીર વયનાં બાળકો પેઇન્ટિંગ કરતા હોય તેવો વીડિયો મૂક્યો હતો જેની સામે કેસ થયો હતો. આની વિરુદ્ધ કેરલમ્‌ના ઉચ્ચ ન્યાયાલયમાં કેસ થયો ત્યારે હાઇ કોર્ટે કહ્યું હતું કે એમાં કોઈ અશ્લીલતા નથી. સ્ત્રીને તેના શરીર વિશે સ્વતંત્ર રીતે પસંદગી કરવાનો અધિકાર છે.

જો આવો નિર્ણય હાઇ કોર્ટમાં થતો હોય તો પછી માલવિકા શર્મા શું ખાય છે અને શું નહીં એવો પ્રશ્ન કેરલમ્‌ના પત્રકારના મનમાં કેમ ઉદ્ભવે છે? તેની એ જ રીતે પ્રિયા પ્રકાશ વેરિયર પોતાની બ્રાન્ડને પ્રમોટ કરવા તેને અનુરૂપ કેસરી રંગનાં કપડાં પહેરે તેમાં શું વાંધો હોઈ શકે? એણે કંઈ અણછાજતાં કપડાં તો નહોતાં પહેર્યાં. ન તો એણે કોઈ અજુગતું લાગે, અંગપ્રદર્શન થાય તેવાં વસ્ત્રો પહેર્યાં અને પહેર્યાં હોય તોય કેરલમ્‌માં તો ખાસ, 'માય બોડી માય ચોઇસ'વાળી માનસિકતા છે તો પછી? ■

# ભારતીય ક્રિકેટરોની બાવીસમી સપ્ટેમ્બરે જાપાનમાં ઐતિહાસિક ટી-૨૦ મૅચ

## પીએમ મોદી અને જાપાનના વડા પ્રધાન વચ્ચે નક્કી થયેલી ‘સ્પોર્ટ ૭૫’ પહેલના ભાગરૂપે રમાશે આ ટી-૨૦ મૅચ

નવી દિલ્હીઃ જાપાન ક્રિકેટમાં નવોસવો દેશ છે અને આ દેશ હજી સુધી એક પણ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચ નથી રમ્યું, પણ હવે એમાં જાપાનની કરીઅર શરૂ થાય એ દિવસ દૂર નથી, કારણકે બીસીસીઆઇ અને જાપાન ક્રિકેટ બોર્ડ દ્વારા સંયુક્ત રીતે આનંદપૂર્વક જાહેરાત કરવામાં આવી છે કે બાવીસમી સપ્ટેમ્બરે ભારત સામે જાપાન પોતાની ઐતિહાસિક ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચ રમશે.

**સવારે ૯.૩૦ વાગ્યાથી મૅચ**

૧૯મી સપ્ટેમ્બરે જાપાનમાં એશિયન ગેમ્સ શરૂ થશે. એમાં જે ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાશે એમાં ભારતની પ્રથમ મૅચ છેક ૨૮મી સપ્ટેમ્બરે રમાશે. એ પહેલાં, જાપાનની પહેલી મૅચ ૨૪મી સપ્ટેમ્બરે અફઘાનિસ્તાન વિરુદ્ધ રમાવાની છે, પણ એના બે દિવસ પહેલાં એટલે કે બાવીસમી સપ્ટેમ્બરે જાપાનમાં ટૉચિગી પ્રીફેચરના સાનો ઇન્ટરનૅશનલ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ભારત અને જાપાન વચ્ચે ઐતિહાસિક ટી-૨૦ ક્રિકેટ મૅચ રમાશે જેનાથી જાપાનની ક્રિકેટમાં નવું પ્રકરણ શરૂ થશે. એ મૅચ ભારતીય સમય અનુસાર સવારે ૯.૩૦ વાગ્યે શરૂ થશે.


જાપાનનો કેપ્ટન કેન્ડેલ અને ભારતનો શ્રેયસ ઐયર

**કોણ છે બન્ને ટીમના કૅપ્ટન?**

શ્રેયસ ઐયર ભારતની ટી-૨૦ ટીમનો કૅપ્ટન અને તિલક વર્મા વાઇસ-કૅપ્ટન છે. આ મૅચમાં ટીનેજ-સ્ટાર વૈભવ સૂર્યવંશી તેમ જ સંજુ સૅમસન પણ રમશે. કેન્ડેલ કાદોવાકી-ફ્લેમિંગ જાપાનની ટીમનો સુકાની છે.

**૭૫ વર્ષના ગાઢ સંબંધોના અવસરે...**

આ માત્ર ક્રિકેટ-સંબંધોનો અવસર નહીં હોય. ભારત અને જાપાન વચ્ચેના રાજદ્વારી સંબંધોને ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને એની ઉજવણીના ભાગરૂપે આ ઐતિહાસિક મૅચનું ‘સ્પોર્ટ ૭૫’ની પહેલ હેઠળ આયોજન કરવામાં આવ્યું છે. ‘સ્પોર્ટ ૭૫’નામની પહેલ શરૂ કરવાનું તાજેતરમાં પીએમ નરેન્દ્ર મોદી અને જાપાનના વડા પ્રધાન સાને તાકાઇચી વચ્ચેની મંત્રણા દરમ્યાન નક્કી થયું હતું. આ પહેલ પાછળનો ઉદ્દેશ ખેલકૂદ દ્વારા બન્ને દેશ વચ્ચેના સંબંધો અને દોસ્તીને વધુ મજબૂત કરવાનો છે. આ પહેલ ૨૦૩૬માં કદાચ ભારતમાં યોજાનારી ઑલિમ્પિક ગેમ્સ અને પૅરાલિમ્પિક્સની યજમાનીનું સપનું વધુ સારી રીતે સાકાર કરવાના હેતુથી પણ કરવામાં આવી છે.

**ગૌરવનો દિવસઃ બીસીસીઆઇ**

બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ એક યાદીમાં જણાવ્યું, ‘જાપાનમાં જઈને ઐતિહાસિક ટી-૨૦ મૅચ રમવી ભારતીય ટીમ માટે મોટા ગૌરવ અને ગર્વની વાત છે. આ મૅચ મારફત જાપાનમાં અને પૂર્વ એશિયાના દેશોમાં ક્રિકેટની રમતને લોકપ્રિય બનાવવામાં મદદરૂપ થશે.’ ■

# સ્મૃતિની રેકૉર્ડ-બ્રેક ઇનિંગ્સ સાથે ભારત એશિયા કપની સેમિ ફાઇનલમાં

## ભારતને પાકિસ્તાન એક જ વખત હરાવી શક્યું છે, આજે રાત્રે ૮.૦૦ વાગ્યાથી ટક્કર

દુબઈઃ મહિલાઓની એશિયા કપ ટૂર્નામેન્ટ ટી-૨૦ ફૉર્મેટમાં ૧૪ વર્ષથી રમાય છે જેમાં ભારત સૌથી વધુ ત્રણ વખત ચૅમ્પિયન બન્યું છે અને હવે ચોથા ટાઇટલથી ફક્ત બે ડગલાં દૂર છે. ગુરુવારે દુબઈમાં એશિયા કપની લીગ મૅચમાં ભારતે સ્મૃતિ મંધાનાની રેકૉર્ડ-બ્રેક ઇનિંગ્સની મદદથી હોંગ કોંગને ૧૩૭ રનના તોતિંગ માર્જિનથી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ વખતે સેમિ ફાઇનલમાં પહોંચનાર ભારત પહેલો દેશ બન્યો છે. હરમનપ્રીતની ટીમ હવે આજે ફાતિમા સનાની પાકિસ્તાની ટીમ સામે લીગ મૅચ (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) રમશે. એશિયા કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચે સાત મૅચ રમાઈ છે જેમાં પાકિસ્તાન એક વખત જીત્યું છે.


હોંગ કોંગની ખેલાડીઓ સાથે સ્મૃતિ મંધાના (બીસીસીઆઈ)

**સ્મૃતિના ૭ છગ્ગા અને ૧૪ ચોગ્ગા**

પ્લેયર ઑફ ધ મૅચ સ્મૃતિ મંધાનાએ માત્ર ૬૪ બૉલમાં સાત છગ્ગા અને ૧૪ ચોગ્ગાની મદદથી ૧૨૪ રન બનાવ્યા હતા. ટીમમાં સેકન્ડ હાઈએસ્ટ રન શેફાલી વર્મા (૨૮ રન)ના હતા.

**સ્મૃતિએ રચ્યા બે મોટા વિશ્વ વિક્રમ**

મહિલાઓની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં હવે સ્મૃતિ મંધાના ૧૮ સેન્ચુરી સાથે અવ્વલ સ્થાને છે. તેણે ૧૭-૧૭ ઇન્ટરનેશનલ સેન્ચુરી ધરાવતી ઑસ્ટ્રેલિયાની મેગ લૅનિંગ અને સાઉથ આફ્રિકાની લૉરા વૉલવાર્ટનો સંયુક્ત વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે. મહિલાઓની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અત્યાર સુધી ભારતની ભૂતપૂર્વ ખેલાડી મિતાલી રાજ કુલ ૧૦,૮૬૮ રન સાથે દુનિયાભરની ખેલાડીઓમાં મોખરે હતી. હવે સ્મૃતિ મંધાના (૧૦,૮૮૦ રન) અવ્વલ સ્થાને છે.

**૧૯૩માંથી ૧૨૪ રન સ્મૃતિના**

ભારતે પહેલાં બૅટિંગ મળી એનો પૂરો ફાયદો ઉઠાવ્યો હતો અને ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૯૩ રન કર્યા હતા. એમાંથી ૧૨૪ રન સ્મૃતિના હતા. સ્મૃતિ-શેફાલી વચ્ચે ૭૪ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. શેફાલીની વિકેટ ભારતીય મૂળની સ્પિનર રુચિતા વેન્કટેશે લીધી હતી, જ્યારે સ્મૃતિ સતત બીજી મૅચમાં રનઆઉટ થઈ હતી.

**દીપ્તિની ઓવરમાં પડી ત્રણ વિકેટ**

હોંગ કોંગની ટીમ માટે ૧૯૪ રનનો લક્ષ્યાંક અશક્ય હતો. તેમણે બીજી જ ઓવરથી વિકેટ ગુમાવવાનું શરૂ કરી દીધું હતું. ૩૧ રનના કુલ સ્કોર પર તેમની બે જ વિકેટ હતી, પરંતુ અચાનક ધબડકો શરૂ થઈ ગયો હતો અને સમયાંતરે વિકેટો પડતી રહી હતી. સ્પિનર દિપ્તી શર્માની એક ઓવરમાં ત્રણ વિકેટ પડી હતી જેમાંની એક વિકેટ ભારતને રનઆઉટમાં મળી હતી.

**હોંગ કોંગ ૫૬ રનમાં ઑલઆઉટ**

હોંગ કોંગની ટીમે ૧૭મી ઓવર સુધી ભારતને લડત આપી હતી. તેમનો દાવ ૧૬.૨ ઓવરમાં બનેલા કુલ ૫૬ રનના સ્કોર પર પૂરો થયો હતો અને ભારતે ૧૩૭ રનના તફાવતથી વિજય મેળવ્યો હતો. ત્રણ સ્પિનરમાંથી દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ, શ્રી ચરનીએ બે વિકેટ અને પ્રેમા રાવતે પણ બે વિકેટ લીધી હતી. બે વિકેટ પેસ બોલર નંદની શર્માને મળી હતી. ■

# ઓહ માય ગૉડ! ભારતના ૬૫ ક્રિકેટરે બતાવેલી ઉંમરમાં ફરકઃ પ્રતિબંધ મુકાયો!

કોલકાતાઃ હજી માંડ દોઢ મહિના પહેલાં શ્રીલંકાના પ્રવાસે જઈ આવેલા અન્ડર-૧૯ લેગ સ્પિનર રોહિત યાદવ દ્વારા ઉંમર બતાવવામાં કથિત છેતરપિંડી થઈ હોવાનું જણાતાં તેના રમવા પર બે વર્ષનો પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો એ શૉકિંગ સમાચાર બહાર આવ્યા જ છે, જાણે એ અપૂરતું હોય એમ અન્ય કેટલાક અહેવાલો પરથી જાણવા મળ્યું છે કે ક્રિકેટ અસોસિયેશન ઑફ બેન્ગાલ (સીએબી)એ બીજા ૬૪ ખેલાડીની ઉંમરની બાબતમાં ફરક જોવા મળતાં તેમને તાબડતોબ સત્તાવાર ક્રિકેટ મૅચો રમવાની મનાઈ કરવામાં આવી છે.

**ઉંમરમાં ૨૭ મહિનાનો ફરક!**

આ સનસનાટીભરી ખબરને લીધે ક્રિકેટ જગતમાં અત્યારે ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટની વધુ ચર્ચા થવા લાગી છે. ભારતની ઘરેલું સ્તરની ક્રિકેટ હચમચી ઊઠી છે. રોહિત યાદવ બેન્ગાલ વતી વિવિધ વય-જૂથની ટૂર્નામેન્ટોમાં રમી ચૂક્યો છે. કહેવાય છે કે તેણે જે ઉંમર બતાવી હતી અને તપાસ પછી તેની જે ઉંમર જાણવા મળી એ વચ્ચે ૨૭ મહિનાનો ફરક જોવા મળ્યો છે. આ જાણકારી સીએબી તરફથી અપાઈ હોવાનું ક્રિકેટની એક ખૂબ જાણીતી વેબસાઇટ પર જણાવવામાં આવ્યું હતું.

**રોહિત યાદવ ઑસ્ટ્રેલિયા નહીં જઈ શકે**

આ મહિને ભારતના અન્ડર-૧૯ ક્રિકેટરો પાંચ વન-ડે અને બે મલ્ટિ-ડે મૅચ રમવા ઑસ્ટ્રેલિયા જવાના છે. જોકે એ માટેની ટીમમાંથી રોહિત યાદવનું નામ કાઢી નાખવામાં આવ્યું છે. ઑસ્ટ્રેલિયા જનારી આ અન્ડર-૧૯ ટીમમાં વીરેન્દર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગ અને રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડના પણ નામ છે.

**વર્લ્ડ કપનો ખેલાડી પણ લિસ્ટમાં**

પશ્ચિમ બંગાળનો લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન અને લેફ્ટ-આર્મ પેસ બોલર રવિ કુમાર ૨૦૨૨ના અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં બહુ સારું રમ્યો હતો. યશ ધુલના નેતૃત્વમાં ભારત એ વિશ્વ કપ જીત્યું હતું. ઇંગ્લૅન્ડ સામેની ફાઇનલમાં રવિ કુમારે ૩૪ રનમાં ચાર વિકેટ લીધી હતી. તેના ચાર શિકારમાં ઓપનર જેકબ બેથેલ (બે રન) પણ સામેલ હતો. જોકે એ જ રવિ કુમારનું નામ બંગાળમાં ઉંમરના ફરકને લગતી તપાસમાં પ્રતિબંધ હેઠળ મૂકવામાં આવેલા ખેલાડીઓમાં છે.

**તમામ રેકૉર્ડ રદબાતલ થશે**

રવિ કુમારના ૨૦૨૫-’૨૬ની સીઝન સુધીના તમામ વય-જૂથના રેકૉર્ડ હવે રદબાતલ જાહેર કરવામાં આવશે. બીજી રીતે કહીએ તો તેની શરૂઆતની કરીઅરના આંકડા હવે ભૂંસાઈ જશે. એક વેબસાઇટના અહેવાલ મુજબ રવિ કુમારની વયને લગતી તપાસમાં ૪૦ મહિનાનો ફરક જોવા મળ્યો છે.

**સિસ્ટમ વિશે થોડું જાણી લઈએ...**

સામાન્ય રીતે અન્ડર-૧૯ સ્તરના ખેલાડીઓ માટેની ઉંમરની ચકાસણીની પ્રક્રિયામાં તેમના બર્થ સર્ટિફિકેટ, સ્કૂલ-કૉલેજના રેકૉર્ડ તેમ જ અન્ય જરૂરી દસ્તાવેજો તપાસવામાં આવે છે. જોકે કોઈ ખેલાડીએ ખોટા સર્ટિફિકેટ પૂરાં પાડ્યાં હોય અને (તપાસ પ્રક્રિયામાં કચાશને કારણે) જુનિયર સ્તરે રમવાનો મોકો લઈ લીધો હોય એવા કિસ્સા હવે મોટા પ્રમાણમાં બહાર આવી રહ્યા છે. ■

# સ્મૃતિ ભારતની નંબર-વન સિક્સ-હિટિંગ બૅટરઃ આજે મિતાલીનો વધુ એક રેકૉર્ડ તોડી શકે

દુબઈઃ વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ ગુરુવારે અહીં ટી-૨૦ એશિયા કપમાં હૉન્ગ કૉન્ગ સામેની મૅચમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય સદી અને સૌથી વધુ આંતરરાષ્ટ્રીય રન, એમ મહિલા ક્રિકેટમાં એક સાથે બે નવા વિશ્વવિક્રમ રચ્યા એ ઉપરાંત તેણે વધુ કેટલીક સિદ્ધિઓ પણ મેળવી હતી જેમાં એક રેકૉર્ડ સિક્સરને લગતો છે. તે હવે ટી-૨૦માં ભારતની નંબર-વન સિક્સ-હિટિંગ મહિલા ખેલાડી બની છે.

સ્મૃતિના નામે ટી-૨૦માં હવે ૯૫ છગ્ગા છે. તેણે ગુરુવારની મૅચમાં ૧૪ ચોગ્ગા ઉપરાંત સાત છગ્ગા ફટકાર્યા હતા અને હરમનપ્રીત કૌરનો ૮૯ સિક્સરનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો હતો. એ સાથે, સ્મૃતિને હવે ટી-૨૦ ઇન્ટરનૅશનલ ફૉર્મેટમાં ૧૦૦ સિક્સર ફટકારનાર ચોથી બૅટર બનવા માત્ર પાંચ છગ્ગાની જરૂર છે.

સ્મૃતિના નામે હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૯૩ ફિફ્ટી-પ્લસ સ્કોર છે. તેણે મિતાલી રાજના આ વર્લ્ડ રેકૉર્ડની બરાબરી કરી છે. સ્મૃતિ શનિવારે પાકિસ્તાન સામે વધુ એક ફિફ્ટી-પ્લસ સાથે મિતાલીનો વિશ્વ વિક્રમ તોડી શકશે.

ભારતીય મહિલા ક્રિકેટરોમાં એક ઇનિંગ્સમાં સૌથી વધુ આઠ સિક્સર મારનાર હરમનપ્રીત પછી હવે સ્મૃતિ સાત છગ્ગા સાથે બીજા સ્થાને છે. સ્મૃતિએ ગુરુવારની મૅચમાં ૬૪ બૉલમાં ૧૨૪ રન બનાવ્યા હતા. એશિયા કપમાં આ હાઇએસ્ટ વ્યક્તિગત સ્કોર છે. તેણે શ્રીલંકાની ચમારી અથાપથ્થુ (૧૧૯)નો વિક્રમ તોડ્યો છે. ■

# એમસીએફ સ્ક્વૉશ ટૂર્નામેન્ટ

મુંબઇ : મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા આયોજિત એમસીએફ સ્ક્વૉશ ટૂર્નામેન્ટમાં બિગિનર્સ સિંગલ્સ નિલય મહેતાએ જીતી હતી અને સાચી ઝવેરી બીજી આવી હતી. ચેલેન્જર્સ સિંગલ્સ પ્રથમેશ સોની વિજેતા અને પ્રતીક દાદરકર બીજા, પ્રો સિંગલ્સમાં ધ્રુવ સંઘવી વિજેતા અને શ્રેય મહેતા બીજા તેમ જ પ્રો ડબલ્સમાં શ્રેય મહેતા અને યોગેશ દાભાડેની જોડી વિજેતા બની, જ્યારે કેદાર આંબેકર અને પ્રકાશ ઐયંગરની જોડી બીજી આવી હતી. વિજેતાઓને ટ્રૉફી અને મેડલ અપાયા હતા. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.



## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પ્રતિકૃતિ | તેજ |
| પ્રતિજ્ઞા | રુકાવટ |
| પ્રતિબંધ | મૂર્તિ |
| પ્રતિભા | શપથ |
| પ્રતિમા | નકલ |

## જાણવા જેવું

પેઈન્ટિંગમાં નાળું ઓળંગતા ખેડૂતની ગાય ડોકું પાછું ફેરવી આંખોમાં માતાસહજ ચિંતા સાથે પાછળ આવતા વાછરડા તરફ નજર નાખે છે. અહીં ગાયના મુખ અને તેની આંખોનો ભાવ વાસ્તવિક છે. ગાયની શરીરરચના અને સ્નાયુ-હાડકાંનું આલેખન પણ વાસ્તવિક છે. વાછરડાના મુખ પર બાળસહજ નિર્દોષતા જોવા મળે છે.

## ગુજરાત મોરી મોરી રે

વિવિધ ભાષાના સાહિત્યકારો તખલ્લુસ રાખવા માટે જાણીતા છે. કયા સર્જકનું તખલ્લુસ ‘સ્નેહરશ્મિ’ હતું એ શોધી કાઢો.

અ) ઉમાશંકર જોશી
બ) પન્નાલાલ પટેલ
ક) ઝીણાભાઈ દેસાઈ
ડ) હરકિસન મહેતા

## નોંધી રાખો

*કિરણ સૂરજનું હોય કે પછી આશાનું હોય, જીવનના સર્વ અંધકાર દૂર કરી દેવાનું ગજબનું સામર્થ્ય એનામાં હોય છે.*

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧. ઉચ્છૃંખલ, અવિનયી (૩)
૩. દેખરેખ, જાપતો (૪)
૬. માથાફોડ (૫)
૭. --- વરસવી=જોશભેર વરસવું (૨)
૮. પીડા, ઉપાધિ (૩)
૧૦. ભમ્મર (૨)
૧૧. બોલી, વાચા (૨)
૧૪. નવવધૂ (૩)
૧૫. મા, જનની (૨)
૧૬. પળ (૨)
૧૭. વય (૩)
૧૯. જેની આગળ બળ પાણી ભરે તે (૨)
૨૦. હથિયાર (૨)
૨૨. કામઠું, ધનુષ્ય (૩)
૨૪. પત્ની (૨)
૨૫. માફી માગવી તે (૫)
૨૬. આદેશ, હુકમ (૪)
૨૭. સૂર્ય (૩)

### ઊભી ચાવી

૧. કમળ (૩)
૨. રાત્રે ઝીણા અવાજે બોલતું એક જીવડું (૩)
૩. --- ને તેડું નહીં (૩)
૪. આમ્રફળ (૨)
૫. રાજી થવું (૩)
૯. મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ (૩)
૧૨. વેલ (૨)
૧૩. કાંકરો (૩)
૧૪. બનાવટી (૩)
૧૬. ભૂલ (૨)
૧૮. મોટાઈ, ગૌરવ (૩)
૨૦. નાણાવટી, ધીરધારનો ધંધો કરનાર (૩)
૨૧. સરખું (૩)
૨૨. તંબૂની કપડાની ભીંત (૩)
૨૩. વંદન (૩)
૨૫. વીરનું ભૂષણ (૨)

### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?

1982માં સત્તાવાર ટેસ્ટ ક્રિકેટ રમવાનું શરૂ કરનારી શ્રીલંકાની ટીમએ પહેલો ટેસ્ટ વિજય મેળવ્યો ત્યારના કેપ્ટનની ઓળખાણ પડી?

અ) બંડૂલા વર્ણપુરા
બ) વિક્રમા જયસિંઘે
ક) દુલીપ મેન્ડીસ
ડ) અર્જુન રણતુંગા



## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ઓલિમ્પિક ગેમ્સનો પ્રારંભ ઈસવીસન પૂર્વે થયો હતો. 1896માં શરૂ થયેલા મોડર્ન ઓલિમ્પિકસનું આયોજન ક્યાં થયું હતું?

અ) યુએસએ  બ) ગ્રીસ  ક) ફ્રાંસ  ડ) જર્મની

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: 19, 41, 67, 97... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે 97 પછી કઈ સંખ્યા આવે?

અ) 119  બ) 127  ક) 131  ડ) 138

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૮ | ૩ | | | | | |
| ૫ | | | ૪ | | | | | ૨ |
| | ૩ | | ૨ | | | ૪ | ૭ | |
| | ૭ | ૯ | | | | | | ૩ |
| | | | ૯ | | ૬ | | | |
| ૧ | | | | | | ૯ | ૨ | |
| | ૧ | ૫ | | | ૨ | | ૮ | |
| ૮ | | | | | ૩ | | | ૯ |
| | | | | | ૮ | ૭ | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૬ | ૨ | ૧ | ૩ | ૭ | ૪ | ૯ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ |
| ૨ | ૩ | ૧ | ૭ | ૯ | ૪ | ૬ | ૫ | ૮ |
| ૬ | ૨ | ૯ | ૧ | ૪ | ૮ | ૩ | ૭ | ૫ |
| ૪ | ૧ | ૭ | ૫ | ૩ | ૨ | ૯ | ૮ | ૬ |
| ૮ | ૫ | ૩ | ૯ | ૭ | ૬ | ૨ | ૧ | ૪ |
| ૩ | ૪ | ૨ | ૬ | ૫ | ૧ | ૮ | ૯ | ૭ |
| ૭ | ૬ | ૮ | ૪ | ૨ | ૯ | ૫ | ૩ | ૧ |
| ૧ | ૯ | ૫ | ૩ | ૮ | ૭ | ૪ | ૬ | ૨ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પ્રણય | પ્રેમ |
| પ્રણામ | નમસ્કાર |
| પ્રત | નકલ |
| પ્રતાપ | પ્રભાવ |
| પ્રતિકાર | સામનો |

ગુજરાત મોરી મોરી રેઃ જયશંકર

ઓળખાણ પડી? સુથાર

માઈન્ડ ગેમ : ૧૯૪૪

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : નવી દિલ્હી

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ભરત કજરિયા (૫) ધીરેન્દ્ર મુલરાજ (૬) પ્રતિમા પમાણી (૭) ભામિની સંપટ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મીનળ કાપડિયા (૧૧) કમલ માતલિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) કુંદન કે. મારુ (૧૫) મહેશ એન. સંઘવી (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) ભાવના કર્વે (૨૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૨) વિણા સંપટ (૨૩) નિતીન જયંતીલાલ બજરિયા (૨૪) વિપીન શાહ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૭) નૂતન વિપીન શાહ (૨૮) અરવિંદ કામદાર (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) અંજુ ટોલિયા (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) ડાયના સંતોકે (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) હિનાબેન દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) અલકા વાણી (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેશ દોશી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) હિંમત ખોલીયા (૪૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૮) વિજય આસર

# ગુજરાત કૃષ્ણભક્તિમાં લીનઃ દ્વારકા, ડાકોર અને શામળાજી મંદિરોમાં જન્માષ્ટમીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જન્માષ્ટમી નિમિત્તે અનેક મંદિરોમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. દ્વારકામાં આવેલા જગત મંદિર સાથે યાત્રાધામ શામળાજી અને ડાકોરમાં પણ જન્માષ્ટમીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ત્રણેય મંદિરો ખાતે પ્રભુ શ્રી કૃષ્ણના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તોનું મહેરામણ ઊમટી પડ્યું હતું. વહેલી સવારે ૬ કલાકે મંદિરના દ્વાર ખુલતાની સાથે જ દર્શન માટે ભક્તોનું વિશાળ મહેરામણ ઊમટી પડ્યું હતું.

દ્વારકામાં પણ મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે પધાર્યા હતાં. આ દરમિયાન 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી' નાદ સાંભળવા મળ્યાં હતાં. દ્વારકાધીશ મંદિર ખાતે સવારે ૬ વાગે મંગળા આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ૮ વાગે ખુલ્લા પરદે પ્રભુને સ્નાન અભિષેક કરવામાં આવ્યો હતો. તે પછી ૧૧ વાગ્યે શૃંગાર આરતી, ૧૧:૧૫ વાગ્યે ગ્વાલ ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. ૫ વાગ્યે ઉત્થાપન દર્શન બાદ સાંજે ૦૭:૩૦ વાગ્યે સંધ્યા આરતી કરવામાં આવી હતી. રાત્રે ૧૨ વાગ્યે જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે આરતી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં.

ડાકોરની વાત કરવામાં આવે તો, ખેડા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં પણ જન્માષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો રાજા રણછોડના દર્શન માટે પહોચ્યાં હતાં. રાત્રે ૧૨ વાગ્યે જન્માષ્ટમીના સૌથી મહત્ત્વપૂર્ણ પ્રસંગની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમીને ધ્યાને રાખી ડાકોર ટેમ્પલ કમિટીએ ભગવાનના દર્શનના સમયમાં ફેરફાર કર્યો હતો.

ભગવાનના દર્શન કરવા માટે વહેલી સવારે દ્વાર ખોલી દેવામાં આવ્યાં હતા, જે બપોરે ૧ વાગ્યા સુધી ખુલ્લા રાખવામાં આવ્યાં હતા. તે પછી બપોરે ૧ વાગ્યે મંદિરના દ્વાર બંધ કરી દેવામાં આવ્યાં હતાં. ફરી ભક્તોને દર્શન કરવા માટે મંદિરના દ્વાર ૪:૪૫ વાગ્યે ખોલવામાં આવ્યાં હતા

શામળાજીમાં જન્માષ્ટમીના દિવસે વહેલી સવારે ૬ વાગ્યે મંદિરના દ્વાર ખુલતાની સાથે જ ઠાકોરજીને દાંતણ અર્પણ કરી માખણ-મીસરીના મંગલ ભોગ સાથે મંગલા આરતી કરાઈ. સવારે ૮ વાગ્યે વર્ષમાં માત્ર બેવાર યોજાતી વિશેષ પરંપરા મુજબ ભગવાનને ખુલ્લા પડદે સ્નાન કરાવવામાં આવ્યું હતું, જેમાં ગૌશાળાના ૧૧ લિટર દૂધ, દહીં, ઘી, કેસર અને ગંગાજળ વડે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે અભિષેક થયો હતો. અભિષેક બાદ ઠાકોરજીને ખાસ કેસરી રંગના રેશમી વાઘા, સિલ્કનું પિતાંબર અને સોના-ચાંદીના કિંમતી આભૂષણોથી સજાવવામાં આવ્યા હતા. બપોરે રાજભોગ બાદ સોનાના પાસાથી ચોપાટ રમાડવાની પરંપરા નિભાવવામાં આવી હતી. આ દરમિયાન સમગ્ર મંદિર પરિસર 'જય શ્રીકૃષ્ણ'ના નાદથી ગૂંજી ઊઠ્યું હતું. ■

## અંજાર પાલિકામાં ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે સત્તા પક્ષમાં કલહઃ પત્ર વાઈરલ થતાં ગરમાટો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અંજાર નગરપાલિકામાં કથિત ભ્રષ્ટાચાર, કર્મચારીઓની પજવણી અને આંતરિક જૂથબંધીના ગંભીર આરોપો સાથે સત્તાપક્ષ ભાજપના જ સંગઠન હોદ્દેદારોનો એક વિવાદિત પત્ર સોશ્યલ મીડિયા પર વાઇરલ થતાં ભારે ચકચાર જાગી છે. શહેર ભાજપ પ્રમુખ હિતેન વ્યાસ, મહામંત્રી અશ્વિન સોરઠિયા અને ક્રિપાલસિંહ રાણાની સહીવાળા જિલ્લા ભાજપ પ્રમુખને સંબોધાયેલા પત્રમાં પાલિકા પ્રમુખના પ્રતિનિધિ (પતિ) સામે ગંભીર આક્ષેપો કરાયા છે. પાર્ટીના નામે ફંડ ઉઘરાવવાની મનાઈ હોવા છતાં નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે તથા કોન્ટ્રાક્ટરોના ચુકવણા અટકાવી બિનઅધિકૃત રીતે નાણાં માંગવામાં આવે છે. અગાઉ પણ શૌચાલય કૌભાંડ મામલે પાલિકાનાં કામોની તપાસ એસીબી સુધી પહોંચેલી છે. તમામ આક્ષેપોને ફગાવતાં પાલિકા પ્રમુખના પતિ શામજી ખાંડેકાએ જણાવ્યું હતું કે, આ તમામ આરોપો પાયાવિહોણા છે અને તેઓ આવા કોઈ પત્ર અંગે અજાણ છે. આંતરિક વિખવાદ અને પક્ષની પ્રતિષ્ઠા ખરડાતાં ભાજપના જિલ્લા મોવડી મંડળે તમામ પદાધિકારીઓને તેડાવી કડક શબ્દોમાં ઝાટકણી કાઢી હોવાનું અને આ મુદ્દે શિસ્તભંગના પગલાં લેવાય તેવી શક્યતા હોવાનું અંતરંગ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ■

## અમદાવાદમાં રેડીમેડ ગાર્મેન્ટના ૧૫ શો-રૂમ, આણંદ અને વડોદરામાં ૨૦ જ્વેલર્સને ત્યાં જીએસટીના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નારણપુરા, મેમનગર, ગુરુકુળ અને સરદાર પટેલ કોલોની રોડ સહિત અનેક વિસ્તારોમાં ૧૫ થી ૨૦ જેટલા ડ્રેસ મટીરીયલ્સ અને રેડીમેડ ગાર્મેન્ટના શોરૂમ ઉપર સ્ટેટ જીએસટીની ટીમે દરોડા પાડીને લાખો રૂપિયાની ગેરરિતીના બિનહિસાબી દસ્તાવેજો જપ્ત કરીને તપાસ ચાલુ રાખી છે. આ દરમિયાનમાં આણંદ અને વડોદરામાં ૧૫ થી ૨૦ જેટલા જ્વેલર્સના વેપારીઓ એટલે કે જ્વેલર્સના શોરૂમ ઉપર દરોડાની કામગીરી હાથ ધરતા ફફડાટ ફેલાઈ ગયો હતો. તહેવારોમાં અંડર બીલિંગ કરતા હોવાના કિસ્સા ડિપાર્ટમેન્ટના ધ્યાન ઉપર આવતા દરોડાની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. જ્વેલર્સના ત્યાં દરોડાની કામગીરી ચાલી રહી છે, ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે, જ્વેલર્સના માલિકો અન રજીસ્ટર વેપારી પાસેથી ખરીદી કરીને દાગીનો તૈયાર કરાવે તેની મજૂરી અને ઘડાઈ ના હિસાબો ચોપડે બતાવતા નથી જેને સામાન્ય રીતે આરએમસી કહેવામાં આવે છે એટલે કે રિવર્સ ચાર્જ મિકેનિઝમ ચોપડે બતાવતા નથી એટલું જ નહીં ત્રણ ટકા જીએસટી અને ત્રણ ટકા મેકિંગ ચાર્જ વચ્ચે પણ મોટા તફાવત જોવા મળે છે. દાગીના રિપેર કરવામાં આપેલા હોય તેના બિલ કે ગોલ્ડનો ઉમેરો કરવામાં આવ્યો હોય તેના કોઈ બિલ બનાવતા નથી ગ્રાહક જુના દાગીના નું ત્રણ લાખ રૂપિયામાં વેચાણ કરીને ૪,૦૦,૦૦૦ રૂપિયાના નવા દાગીના ખરીદ કરે તો વેપારી ને જે ત્રણ લાખ રૂપિયા મળ્યા છે તેના ઉપર રિવર્સ ચાર્જ મિકેનિઝમ ચૂકવવો પડે છે તે ચૂકવવામાં આવતો નથી આ પ્રકારે ટેક્સની ચોરી કરવામાં આવતી હોય છે તમામ પ્રકારના ટેક્સ છુપાવવા માટે કેટલાક બિલો એટલે કે ૫૦ ટકા બિલ જ બનાવવામાં આવતા હોવાનું ડિપાર્ટમેન્ટના ધ્યાન પર આવ્યું હતું.

ગોલ્ડના ભાવ દિવસે દિવસે વધતા જાય છે જેના કારણે જૂના દાગીનાનું વેચાણ કરીને નવા દાગીના ખરીદવામાં આવતા હોય છે પરંતુ જૂના દાગીનાની રકમ બાદ કરીને નવા દાગીના માટેની રકમ વસુલ કરતી વખતે અન્ડર વેલ્યુએશન કરવામાંાવતું હોય છે ત્રણ ટકા જીએસટી અને ત્રણ ટકા મેકિંગ ચાર્જ બચાવવા માટે ગ્રાહકો પણ દાગીના મોંઘા પડે તે માટે બિલ લેતા હોતા નથી તેવું પણ ડિપાર્ટમેન્ટના ધ્યાન ઉપર આવ્યું હતું. અગાઉ ડાયરેક્ટર જનરલ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ દ્વારા પણ અમદાવાદ સહિત રાજ્યભરના ૨૦ જેટલા મોટા જ્વેલર્સને નોટિસો આપવામાં આવી હતી. ■

## વડોદરા એસએસજી હૉસ્પિટલમાં રેસિડન્ટ તબીબોની ફરિયાદ બાદ ડૉ. ચિરાગ બારોટની બદલીનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ ગત રોજ વડોદરાની એસએસજી હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજની સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન મેડિકલ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. સાઇકાઇટ્રિક વિભાગના રેસિડેન્ટ ડોક્ટર્સ દ્વારા આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયા સમક્ષ સાયકિયાટ્રી વિભાગના ડો. ચિરાગ બારોટ વિરુદ્ધ લેખિતમાં ગંભીર ફરિયાદો કરવામાં આવી હતી.

આ ફરિયાદમાં મેડિકલ કોલેજના આર૧, આર૨, આર૩ અને સિનિયર રેસિડેન્ટ સહિત આશરે ૧૮ જેટલા તબીબોએ આરોપ લગાવ્યો હતો કે, ડો. બારોટ દ્વારા તેમની શારીરિક અને માનસિક હેરાનગતિ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત રજૂઆતમાં રેગિંગ, અભદ્ર મેસેજ મોકલવા, કામકાજના સમય પછી પણ અયોગ્ય માગણીઓ કરવી, હોસ્ટેલના રૂમ નંબર પૂછવા તેમજ ચાલુ કામ દરમિયાન અશ્લીલ ટિપ્પણીઓ કરવા જેવા ચોંકાવનારા આક્ષેપો કરાયા હતા. આ ઉપરાંત, ડોક્ટરોને થિસિસ અને પરીક્ષામાં ફેલ કરવાની ધમકીઓ અપાતી હોવાનું પણ લેખિત રજૂઆતમાં જણાવાયું હતું.

પ્રફુલ પાનશેરીયાએ સાઇકાઇટ્રિક વિભાગના રેસિડેન્ટ ડોક્ટરોની રજૂઆતને અત્યંત ગંભીરતાથી લઈ ત્વરિત અને હકારાત્મક નિર્ણય લીધો હતો. રજૂઆતના ટૂંક જ સમયમાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવી હતી. જે અંતર્ગત ડો. ચિરાગ બારોટની સરકારી મેડિકલ કોલેજ, વડોદરાથી તાત્કાલિક અસરથી સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર ખાતે બદલી કરવામાં આવી હતી.

આ મામલે કડક વલણ અપનાવતા પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને તબીબોની સુરક્ષા, માન-સન્માન તથા માનસિક શાંતિ સાથે કોઈ પણ પ્રકારની સમજૂતી કરવામાં આવશે નહીં. રેગિંગ, શારીરિક-માનસિક શોષણ કે ગેરવર્તણૂક સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતની કોઈપણ મેડિકલ શૈક્ષણિક સંસ્થામાં આવી અશિસ્ત કે હેરાનગતિ જરાય ચલાવી લેવાશે નહીં અને દોષિતો સામે ભવિષ્યમાં પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ આરોગ્ય પ્રધાનએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું. ■

## ગુજરાતના ૧૦૮ તાલુકાઓમાં વરસાદની અછત, ૮૦.૪ લાખ હેક્ટરનું વાવેતર જોખમમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઘણાં લાંબા સમયથી વરસાદ ખેંચાઈ રહ્યો છે. વરસાદ ખેંચાતા રાજ્યના ૧૦૮ તાલુકાઓમાં અછત સર્જાઈ છે. આ ગંભીર સ્થિતિના કારણે ખેડૂતોમાં ભારે ચિંતાનો માહોલ છાયો છે. વિગતે વાત કરવામાં આવે તો, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદની અછત સર્જાતા પાક નિષ્ફળ જવાની ભીતિ સર્જાઈ છે. લાંબા સમયથી વરસાદ ખેંચાતા અત્યારે રાજ્યના અન્નદાતાઓની સ્થિતિ કફોડી બની રહી છે. અત્યારે જગતનો તાત વરસાદની રાહ જોઈને બેઠો છે. આ મામલે ખેતીવાડી નિષ્ણાતોના જણાવ્યાં પ્રમાણે અત્યારે રાજ્યમાં ૮૦.૪ લાખ હેક્ટર વિસ્તારમાં થયેલું વાવેતર જોખમી હાલતમાં છે. મૂળ વાત એ છે કે, જો સમયસર વરસાદ નહીં થાય તો રાજ્યમાં આશરે રૂપિયા ૪૫થી ૫૫ હજાર કરોડનું નુકસાન થશે. એટલે કે, આટલી કિંમતનો પાક સુકાઈ જશે. જો આવું થશે તો મોંઘવારી તો વધશે જ, પરંતુ સાથે ગ્રામીણ અર્થતંત્ર પર પણ તેની માઠી અસર જોવા મળશે તેવું ખેતીવાડી નિષ્ણાતોએ જણાવ્યું હતું. વરસાદ ખેંચાતા ગુજરાતમાં મુખ્ય પાકોને વધારે નુકસાન થઈ રહ્યું છે. ગુજરાતમાં અત્યારે ૨૧.૫ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર, ૨૦.૭ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર, ૯.૧ લાખ હેક્ટરમાં ડાંગરનું વાવેતર, ૩.૧૩ લાખ હેક્ટરમાં તુવેરનું વાવેતર, ૩.૦૪ લાખ હેક્ટરમાં સોયાબીનનું વાવેતર, ૨.૭૨ લાખ હેક્ટરમાં મકાઈનું વાવેતર અને ૧.૬૧ લાખ હેક્ટરમાં બાજરીનું વાવેતર થયેલું છે. આ પાક અત્યારે વરસાદની અછતના કારણે જોખમી સ્થિતિમાં છે.

ખાસ કરીને વાત કરવામાં આવે તો, રાજ્યમાં કચ્છ, રાજકોટ, અરવલ્લી, જામનગર, દ્વારકા, બનાસકાંઠા, પોરબંદર, ગીરસોમનાથ, પાટણ, સાબરકાંઠા અને વાવ-થરાદ સહિત કુલ ૧૧ જિલ્લાઓ પર પાક નિષ્ફળ જવાનું જોખમ તોળાઈ રહ્યું છે. આ જિલ્લાના ખેડૂતો આકાશ તરફ નજર કરીને બેઠા છે.સમયસર વરસાદ નહીં થયો તો ખેડૂતોને રાતાપાણીએ રોવાનો વારો આવી શકે છે. ■

## કુખ્યાત ગેંગસ્ટર ભાવેશ રબારી પર પાસા લગાવી ભૂજની જેલમાં મોકલી દેવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતના કુખ્યાત રબારી ગેંગસ્ટર ભાવેશ બળદેવ દેસાઈ ઉર્ફે ભાવેશ ઝીલિયા વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી ભૂજની જેલમાં ધકેલી દેવાયો હતો. પાટણની કુખ્યાત મસ્તાની ગેંગ સાથે સંકળાયેલા આરોપી ભાવેશ ઝીલિયા સામે અમદાવાદની સરખેજ પોલીસે કડક કાર્યવાહી કરી હતી. અમદાવાદના કર્ણાવતી ક્લબના ગેટ સામે જમીન દલાલ પર હુમલો કરવાના કેસમાં સંડોવણી બાદ પોલીસે ભાવેશ ઝીલિયાની ધરપકડ કરી હતી. પોલીસે તેની ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા સામે પાસા હેઠળ કાર્યવાહી કરી ભૂજ જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો. કુખ્યાત રબારી ગેંગસ્ટર ભાવેશ ઝીલિયા સામેની આ કાર્યવાહીથી ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં તત્ત્વોમાં પોલીસનો કડક સંદેશ ગયો હતો. મહેસાણાની નાગલપુર ચોકડી પાસે રવિવારે રાત્રે ફિલ્મી ઢબે હુમલાની સનસનાટીભરી ઘટના બહાર આવી હતી. ૨૦થી વધુ ગુનાઓમાં સંડોવાયેલો કુખ્યાત ભાવેશ ઝીલિયા તેની લકઝુરીયસ કારમાં બેઠો હતો ત્યારે સ્કોર્પિયોથી ટક્કર મારીને બે રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું. ભાવેશ ઝીલિયાને હાથના ભાગે સામાન્ય ઈજા પહોંચી હતી. ■

### જન્મ-મરણ રજિસ્ટ્રારની નવી એડવાઈઝરી જાહેર

## બાળકના જન્મના દાખલામાં માતાનું નામ અને અટક રાખી સુધારો કરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે જન્મ-મરણ રજિસ્ટ્રારની નવી એડવાઈઝરી જાહેર કરી હતી. જન્મ અને મરણના પ્રમાણપત્રમાં નામ, અટક અને વાલી,માતા-પિતાના નામમાં સુધારા અંગે રાજ્યના મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા નવી એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના આદેશમાં રજિસ્ટ્રાર અને સબ-રજિસ્ટ્રારને વિવિધ પરિસ્થિતિમાં કયા પ્રકારના સુધારા કરી શકાશે તેની વિસ્તૃત સ્પષ્ટતા કરવામાં આવી છે. રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળ જન્મ-મરણ નોંધણીની કામગીરી થાય છે.

બાળકના જન્મના દાખલામાં પિતાનું નામ હટાવીને માતાનું નામ દાખલ કરવાનું હોય, અને માતા-પિતા બંને બાળક સાથે રહેતા હોય, તો પિતાની લેખિત સંમતિના આધારે જરૂરી સુધારો કરી શકાશે. જો માતા-પિતા છૂટાછેડા લીધેલા હોય અને બાળકની કસ્ટડી માતા પાસે હોય, તો કોર્ટના હુકમના આધારે બાળકના જન્મના દાખલામાં માતાનું નામ અને અટક રાખી સુધારો કરી શકાશે.

નવી ગાઈડલાઈનનો સૌથી મહત્ત્વનો ફેરફાર એ છે કે, જન્મ પ્રમાણપત્રમાં બાળકના નામમાં પિતાનું નામ 'મિડલ નેમ' તરીકે રાખવું ફરજિયાત રહેશે નહીં. પિતાનું નામ 'મિડલ નેમ' તરીકે રાખવું હવે વૈકલ્પિક રહેશે.

છૂટાછેડાના કિસ્સામાં બાળકની કસ્ટડી માતા પાસે હોય અને કોર્ટના હુકમમાં બાળકના જન્મના દાખલામાં માતાનું નામ તથા અટક રાખવાની સ્પષ્ટતા કરવામાં આવી હોય તો કોર્ટના હુકમના આધારે જન્મના દાખલામાં સુધારો કરી શકાશે.

બાળકના જન્મ પ્રમાણપત્રમાં બાળકનું નામ સુધારવાનું હોય અથવા પિતા અને બાળકની અટક અલગ હોય તો જરૂરી આધાર-પુરાવાના આધારે સુધારો થઈ શકશે. તેમાં સરકારી ગેઝેટ તથા સુધારેલા નામવાળા સરકારી ફોટો આઈડી પ્રૂફ, જેમ કે આધારકાર્ડ અથવા પાનકાર્ડ, સહિતના જરૂરી દસ્તાવેજોનો આધાર લઈ શકાય છે.

મરણ પ્રમાણપત્રમાં મૃતકના નામની પાછળ પિતા કે, પતિનું નામ લખવાનું હોય તો તેને 'મિડલ નેમ' તરીકે રાખવું ફરજિયાત નહીં રહે. સંબંધિત વ્યક્તિની જરૂરિયાત અને ઉપલબ્ધ દસ્તાવેજોના આધારે નામની રચના કરી શકાશે. ■

## રાજ્ય સરકાર દ્વારા હસ્તકળા-હાથસાળ એવોર્ડની જાહેરાતઃ કચ્છના સાત કલાધરો ઝળક્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત સરકારની કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૧૬ અંતર્ગત વર્ષ ૨૦૨૫ માટેના રાજ્ય અને ઝોન કક્ષાના હસ્તકળા તથા હાથસાળ એવોર્ડની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યભરમાંથી પસંદ કરાયેલા કુલ ૧૫ ગુણીજન કારીગરોમાં કચ્છના સાત કારીગરોએ મેદાન મારીને ભાતીગળ પ્રદેશ કચ્છનું ગૌરવ વધાર્યું છે.

રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા જાહેર કરાયેલા પારિતોષિકોમાં કચ્છના સુનીલ દિનેશ મંગરિયાને હાથવણાટના સ્ટોલ માટે પ્રથમ, પ્રિયા મંગલ સંજોટને કચ્છી એમ્બ્રોઈડરી વોલપીસ માટે દ્વિતીય, તેમજ પૂજા નવીન ચૌહાણને મડ મિરરવર્ક (ક્લે-આર્ટ)ના 'સર્જન ધ ક્રીએશન' નમૂના માટે પ્રથમ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

આ ઉપરાંત, ખાસ શ્રેણીઓમાં મહિલા કેટેગરીમાં પૂજા શંકર ધોરિયાને મશરૂ વણાટ સ્ટોલ માટે, યુવા કારીગર શ્રેણીમાં વિજય જેમલ મારવાડાને વૂડ કાર્વિંગના 'હાથકોતરણી ઝરૂખા' માટે અને લુપ્ત થતી કલા શ્રેણીમાં જિતેન્દ્ર મગન ધેયડાને 'કચ્છી ટાંગલિયા શાલ' માટે રાજ્ય કક્ષાનો એવોર્ડ એનાયત કરાશે. જ્યારે કચ્છ-સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ રોગાન આર્ટના 'ટ્રી ઓફ લાઈફ' નમૂના માટે માસ્ટર ક્રાફ્ટમેન અબ્દુલહમીદ આરબ ખત્રીની પ્રથમ પારિતોષિક માટે પસંદગી કરવામાં આવી છે. ■

## ગીર સોમનાથના ઉનામાં કાર-બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ બે યુવાનનાં ઘટનાસ્થળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ જિલ્લાના ઉના તાલુકાના કંસારી નજીક શુક્રવારે બપોરના સમયે કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો, જેમાં ભડિયાદર ગામના બે આશાસ્પદ યુવાનોનાં ઘટનાસ્થળે જ મોત નિપજતા સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ઉનાથી આશરે ૯ કિમી દૂર કંસારી ગામ નજીક આવેલા ભૂતડાદાદાના મંદિર પાસે વેગનઆર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં ભડિયાદર ગામના કુલદીપ ભાણજીભાઈ સોલંકી (ઉંમર ૧૮ વર્ષ) તથા જીગર બટુકભાઈ સોલંકી (ઉંમર ૧૮ વર્ષ) બાઈક પર પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર સાથે ધડાકાભેર ટક્કર થઈ હતી.

ટક્કર એટલી ગંભીર હતી કે કાર બાઈકને ઢસડીને રોડની સાઈડમાં આવેલા ખાડામાં ઊતરી ગઈ હતી. અકસ્માતમાં બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચતા બંનેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. અકસ્માતના પગલે રોડ પર અફરાતફરી સાથે ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા હતા.

અકસ્માતમાં જીગર સોલંકીનો મૃતદેહ રોડ પર પડેલો હોવાથી ઘટનાની જાણ થતાં પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પુત્રનો મૃતદેહ જોઈ પરિવારજનોના હૈયાફાટ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

તહેવારના દિવસોમાં જ બે યુવાન પુત્રોના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. બંને મૃતદેહોને વધુ કાર્યવાહી માટે ઉના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પરિવારજનો, સગા-સંબંધીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. ■

## અમરેલીના નાની કુકાવાવ ગામની સીમમાં ખેતમજૂર પર સિંહણનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ જિલ્લામાં માનવ-વન્યજીવ સંઘર્ષની વધુ એક ઘટના બની હતી. અમરેલી તાલુકાના નાની કુકાવાવ અને લાખાપાદર ગામની સીમ વિસ્તારમાં કપાસના ખેતરમાં કામ કરી રહેલા એક ખેતમજૂર પર સિંહણે અચાનક હુમલો કરતાં ચકચાર મચી જવા પામી હતી. કપાસના પાકમાં કામ કરી રહેલા ખેતમજૂર પર સિંહણે અચાનક ધસી આવી પીઠના ભાગે હુમલો કર્યો હતો.

મળતી માહિતી મુજબ, ખેતમજૂર સનીયા ભાયડીયા કપાસના ખેતરમાં ખેતીકામ કરી રહ્યો હતો. તે દરમિયાન કપાસના પાકમાંથી અચાનક સિંહણ બહાર આવી હતી અને ખેતમજૂર પર હુમલો કર્યો હતો. સિંહણે ખેતમજૂરની પીઠના ભાગે હુમલો કરતાં તે ગભરાઈ ગયો હતો. જોકે, ખેતમજૂરે હિંમત કરીને બૂમાબૂમ કરતાં સિંહણ ત્યાંથી નાસી છૂટી હતી.

સિંહણના અચાનક હુમલાની ઘટનાથી ખેતરમાં તેમજ આસપાસના વિસ્તારમાં કામ કરતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં ઇજાગ્રસ્ત ખેતમજૂર સનીયા ભાયડીયાને તાત્કાલિક સારવાર માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ પણ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને ઇજાગ્રસ્ત ખેતમજૂરની મુલાકાત લઈ સમગ્ર બનાવ અંગે માહિતી મેળવી હતી. લીલિયા રેન્જના આરએફઓ વત્સલ પંડયાના જણાવ્યા મુજબ, સિંહણના હુમલામાં મધુરને સામાન્ય ઈજા થઈ છે અને તકેદારીના ભાગરૂપે તેને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે.

ખેતમજૂર પર સિંહણના હુમલાની ઘટના બાદ વનવિભાગ દ્વારા પણ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. સિંહણ કયા વિસ્તારમાંથી આવી હતી અને હાલ તેની મુવમેન્ટ કયા વિસ્તારમાં છે તે અંગે વનવિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

નાની કુકાવાવ અને લાખાપાદર ગામની સીમમાં આવેલા કપાસના ખેતરમાં ઘટના બની હોવાથી કપાસના ઊંચા પાકમાં સિંહણ છુપાયેલી હોય અને ખેતમજૂર નજીક આવતા અચાનક સામસામે આવી ગયા હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અચાનક સામનો થતાં સિંહણે હુમલો કર્યો હોવાનું પ્રાથમિક રીતે માનવામાં આવી રહ્યું છે.

ઘટનાને પગલે આસપાસના ખેડૂતો અને ખેતમજૂરોમાં ફફડાટ ફેલાયો છે. ખાસ કરીને કપાસ સહિતના ઊંચા પાકમાં કામ કરતા ખેડૂતો અને ખેતમજૂરોને સાવચેતી રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે.■

## અમદાવાદની મહિલા કોન્સ્ટેબલને પ્રેમજાળમાં ફસાવી વિધર્મી યુવકે દુષ્કર્મ આચર્યું, ₹ ૧૭ લાખ પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ગૌમતીપુરની એક મહિલા કોન્સ્ટેબલને મુસ્લિમ યુવકે અપરિણીત હોવાનું કહી પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યાર બાદ તે મુસ્લિમ યુવકે દુષ્કર્મ આચર્યું હોવાનો બનાવ બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો. આટલું જ નહીં તે યુવકે રૂ ૧૭ લાખ પણ પડાવ્યા હતા અને ધર્મ પરિવર્તન કરવા દબાણ કરવામાં આવ્યું હતું. હેડક્વાર્ટરમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલે મુસ્લિમ યુવકના ઘરે તપાસ કરતાં તે પરિણીત હોવાનું અને એક બાળકનો બાપ હોવાનો ઘટસ્ફોટ થતાં તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જે બાદ મહિલા કોન્સ્ટેબલે મુસ્લિમ યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો દાખલ કરી તેને ઝડપવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. પોલીસ ફરિયાદ અનુસાર, એક એસઆરપી જવાન મારફતે મહિલા કોન્સ્ટેબલનો પરિચય પાટણના કુંભરમઢના મુલ્લાવાડ ખાતે રહેતા માજીદખાન ચૌહાણ સાથે થયો હતો. પોતે શેરબજારનો મોટો ટ્રેડર હોવાનું અને ૬૫થી વધુ પોલીસકર્મીઓનાં નાણાંનું રોકાણ કરાવ્યું હોવાનું કહી આરોપીએ મહિલાને વિશ્વાસમાં લીધી હતી. આરોપીની વાતોમાં આવી જઈને મહિલા કોન્સ્ટેબલે ક્રેડિટ કાર્ડ અને બેંક લોન દ્વારા ટુકડે-ટુકડે કુલ રૂ ૧૭ લાખનું રોકાણ કરવા માટે તેને સોંપ્યા હતા. આરોપીએ મહિલા પર હિન્દુ ધર્મ છોડી ઇસ્લામ સ્વીકારવા માટે સતત માનસિક દબાણ કર્યું હતું. એટલું જ નહીં, લગ્નની ખોટી બાંહેધરી આપી કાર તેમજ અન્ય સ્થળોએ મહિલાની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા. એક તબક્કે મહિલા સાથે બોલાચાલી થતાં આરોપીએ ધાર્મિક ટિપ્પણીઓ કરી તેનો મોબાઈલ ફોન પણ તોડી નાખ્યો હતો. ■

## ડેન્ગ્યૂના આંકડા બાબતે અમદાવાદ મનપા કમિશનરે આરોગ્ય વિભાગનો ઊધડો લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં મચ્છરજન્ય રોગચાળો, ખાસ કરીને ડેન્ગ્યૂના કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચોપડે સાચા આંકડા જ દર્શાવાતા ન હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. મ્યુનિ. દ્વારા છેલ્લા બે મહિનામાં માત્ર ૨૧૫ કેસ નોંધાયા હોવાના દાવા કરાયા હતા, પરંતુ તેની સામે માત્ર અસારવા અને સોલા સિવિલ હોસ્પિટલના ચોપડે જ ૩૦૦થી વધુ દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. ખાનગી હૉસ્પિટલોના આંકડા તો તંત્ર સુધી પહોંચતા જ નથી. આ ગંભીર બાબતે મ્યુનિસિપલ કમિશનરે રિવ્યૂ બેઠકમાં આરોગ્ય અધિકારીઓનો ભારે ઉધડો લીધો હતો. રિવ્યૂ બેઠકમાં સામે આવ્યું હતું કે શહેરની ૪૦૦ ખાનગી હોસ્પિટલો પૈકી માત્ર ૮૦ હૉસ્પિટલ જ ડેન્ગ્યૂના આંકડા મ્યુનિ.ને મોકલે છે. કમિશનરે સાચા આંકડા તુરંત જાહેર કરવા તાકીદ કરી હતી અને ડેટા ન આપનારી બાકીની ૩૨૦ ખાનગી હૉસ્પિટલોને શો-કોઝ નોટિસ ફટકારવાનો આદેશ આપ્યો હતો. ■

## ૫. અંગત

**''પ્રાર્થનાસભા'' - ''શ્રદ્ધાંજલી'' - ''મરણ નોંધ'' - ''પબ્લીક નોટીસની'' ''જાહેરાતો'' ''Discount સાથે'' આપવા ''Whatsapp કરો'' - 9920694381. (૫૫૫/એ)**

## ૯. લગ્ન સંબંધી

■ મુલુન્ડનાં અમેરિકામાં 1993 યુવકને અમેરિકાની કન્યા જોઈએ. રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૮૦૪૯)

**જૈન યુવક**

૧૯૮૦ બોર્ન ૫'-૬'' બીકોમ, ધંધો કરતાં, યુવતી આવકાર્ય - 7506639937. (દહેજ નહીં). (બી-૧૮૦૪૩)

**વિલેપારલા સ્થિત**

**જૈન સાધનસંપન્ન વેરી વેલસેટલ્ડ ફેમિલીના સ્માર્ટ હેન્ડસમ કુંવારા યુવક M. S. COMPUTER U.S.A. રીટર્ન જન્મ - 1997 ઉંચાઈ - 5'8'' માટે વેલસેટલ્ડ કન્યાના વડીલો સંપર્ક કરે. 9819201737. (દહેજ નહીં). (૧૩૩૩-એ)**

**51 થી 60**

**સુધીની ઉંમરની નિઃસંતાન મહિલા સાથી બોરીવલીમાં જોઈએ છે. (બ્રાહ્મણને પ્રાધાન્ય) - 9324570328. (દહેજ નહીં). (બી-૧૮૦૬૭)**

**હાલાઈ લોહાણા**

યુવક ઉંમર વર્ષ 31 અભ્યાસ FYBMS, પરિવારમાં માતા - પિતા અને દીકરો ત્રણ જણા છે. ત્રણ બેડરૂમ હોલ કિચનનું રહેઠાણ અને ઘરનો ધંધો છે. છોકરાને (કાનમાં હીયરીંગ એડ પહેરે છે.) વાહન જાતે ચલાવે છે. માટે યોગ્ય કન્યાના વડીલો સંપર્ક કરો. જ્ઞાતિબાધ નથી. અરવિંદભાઈ ગોટેચા - 8454820495. (દહેજ નહીં). (૧૩૭૦-એ)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (1342-A)**

**DESI JODI**

**Matrimony Services (New Jersey, America) Roshni Joshi. Whatsapp - 0017187556940. (No Dowry) (1318-C)**

**VAISHNAV BOY**

1986, 5'8" Canada Citizen MS Cybertech IT. Working with Opentext, Canada invites proposal from girls good looking, fit, wellqualified preferably in Canada / Ready to Relocate. Caste no bar. Parents, Mumbai: Contact 9769000654. (No Dowry) (SDB-3515)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૭૯૭૩)

**મહેમાનો માટે**

Sunday રજવાડી ભોજન 900/- Jainam Chamunda Circle Borivali. 9967901008. (૫૫૫/બી)

**નેચરોપથી**

દવા વગરનું જીવન જીવો. કમર - ઘૂંટણમાં દુઃખાવા, સુગર, બીપી, કોલેસ્ટ્રોલ, થાઈરોઈડ, હાર્ટ પ્રોબ્લેમ. 9925763614. (એસડીબી-૩૫૦૮)

**ટિફિન**

મુંબઈમાં દરરોજ ૧૦૦૦ ટિફિન જોઈએ છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૩૩૩૫૭૭૮૦ ફક્ત વોટ્સએપ (ફોન નહીં.). (એસડીબી-૩૫૧૪)

## ૧૨. યાત્રા સહેલગાહ

**દાપોલી-ભંડારધારા-**

લોનાવાલા- ઈગતપુરી- માલશેજ- સાપુતારા- ગોવા- કોંકણ પેકેજ- Vehicles. RAGI-9324213190. (૧૩૫૪-એ)

**DEEPAWALI PACKAGES**

INTERNATIONAL - DOMESTIC પૅકેજીસ - દુબઈ - આબુધાબી - ફેરઈસ્ટ-થાઈલેન્ડ- ગોવા-હિમાચલ-રાજસ્થાન, ફેમિલી ટુર. 9820002810. (૧૩૩૮-એ)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૧૨. યાત્રા સહેલગાહ

**કોસબાડ દહાણુ**

**કુદરતનાં ખોળે ડુંગરની ટોચે, શ્રી મલ્લીનાથ જૈન તીર્થમાં સેવા, પૂજા, દર્શન માટે પધારો. ચૈત્યપરિપાટી, ગ્રૂપો માટે ધર્મશાળા, ભોજનશાળાની સુંદર વ્યવસ્થા ઉપરાંત તીર્થમાં સિદ્ધચક્ર પૂજન 50 વ્યક્તિઓનાં બપોરનાં જમણવાર સાથે ફક્ત ₹ 28500/- નકરામાં ભણાવવાની ઉત્તમ તક. બુકિંગ - વિગત માટેઃ પૂનમબેન 9226297975/ સેજલબેન 9820119529. (એસડીબી-૩૫૦૨)**

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં.). (એસડીબી-૩૫૧૩)

■ નીતા હોલીડેઝ - 30% ડિસ્કાઉન્ટ ધ બાઈક રિસોર્ટના ડાયરેક્ટ ડિસ્ટ્રીબ્યુટર મહાબળેશ્વર-શાંતિ વિલા, માથેરાન, ગોવા, આકર્ષક પેકેજ માટે સંપર્ક : 9819377444 / 9821909749. (બી-૧૮૦૬૫)

**શ્રીનાથજીમાં/ જતીપુરામાં**

ચંપારણ્યમાં શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરી આપશું 9833009445. (૧૩૬૪-ઈ)

**ચિરાગ/ મથુરામાં**

ભાઈબીજ સ્નાન - જતીપુરા વ્રજની 84 કોસની પરિક્રમા ચારધામ 7303560200. (૧૩૬૪-સી)

## ૧૪. નોકરી ખાલી છે

**આવક વધારો**

(વયઃ 25-65), પાર્ટ/ ફુલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શનઃ- 9920062154. (૧૩૫૧-એ)

"REQUIRE PERSON HAVING Marketing knowledge of any Raw Material Product to Start Small Scale Manufacturing, Trading or Export Business. Whatsapp: 9930633304" (1362-A)

**OFFICE ASSISTANT**

Required for CA Office at Kandivali (West), Candidate should be B.Com Passed and preferably a Student Pursuing CA Basic Computer Knowledge Required: MS Excel & Tally. Contact- Ravindra B. Shah Mobile - 9967031248 / 9869634622. (1363-A)

**I WANT A COMPUTER knowledgeable Part Time Working Partner to Manage My Big Investments and Properties etc. Only What's app Dr. Shah 8928 784 616. (B-18060)**

**REAL ESTATE**

**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme earn 10 Lacs annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 9819554066. (1368-A)**

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ (વેસ્ટ)**

2 બેડરૂમ ફ્લેટ્સ OC સાથે નરસીંગ લેન, ગોરસવાડી, G + 12 ટાવરમાં રેડી પઝેશન 621' કાર્પેટ, ભવ્ય એન્ટ્રન્સ લોબી, 10 ફૂટ સીલિંગ હાઈટ, જિમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, સીસીટીવી, ડિજિટલ લોક. જૈન મંદિર, હવેલી સ્ટેશનથી નજીક. વાસ્તુશાસ્ત્ર મુજબ, રિઝર્વ પાર્કિંગ. માત્ર 2 ફ્લેટ્સ બાકી. સંપર્કઃ 9920501051. (જેપી/૪૫૭૭-ડી)

**VIP માટે જ**

બોરીવલી વેસ્ટ, ઓફ એસવી રોડ, PRE-લોંચ ભાવથી, લકઝરીયા ટાવરમાં+: બાલ્કની સાથે+ 50 માળ+ 50 લકઝરીયસ એમિનીટીઝ 3 બેડરૂમ વેચાણથી 1500' કારપેટ 4 બેડરૂમ વેચાણથી 2500' કારપેટ MG Realtors 9867441569 - 8104289360 - 9820964062. (જેપી/૪૫૭૭-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**હમણાં નહિ તો ક્યારેય નહિ, પ્રાઈમ લોકેશન, MICL પ્રોજેક્ટ 3.5 બેડરૂમ, હોલ, કિચન- 1320' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ લેવીસ ફ્લેટ, 3.65 CR, 2 કાર પાર્કિંગ. HOME ALONE PROPERTY જુગ્નું શાહ- 9833352224. (૧૩૪૩-એ)**

**બોરીવલી (ઈસ્ટ)**

સ્ટેશન નજીક, નવા બાંધકામમાં 1/2/3.5 બેડ હોલ કિચન, Full IOD/ CC સાથે, 21 ફ્લોરના બિલ્ડિંગમાં 0% બ્રોકરેજ, ડાયરેક્ટ બિલ્ડર પાસેથી, "Sample Flat" જોવા સંપર્કઃ વિરાગ ધરોડ - 8080145045/ 7070965659. Maharera No. PR1180002500660. (૧૩૪૮-એ)

**અંધેરી (વેસ્ટ)**

લલ્લુભાઈ પાર્ક, 2 બેડ - 700 કારપેટ, 3 બેડ 1050 - 1400 કારપેટ, 4 બેડ 1300 - 2400 કારપેટ સ્ટેશન દેરાસર નજીક, પઝેશન જલ્દી, સ્વીમીંગ પુલ, જીમ, રૂફ ટોપ ગાર્ડન, બેંક્વેટ હોલ, બધી એમીનીટીઝ સાથે, વિવિધ પ્રોજેક્ટ્સ, બ્રોકરેજ નહીં, શ્રેષ્ઠ ખાતરીપૂર્વક સોદાઓ માટે - Vasant - 9821968441. (૧૩૩૨-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**લોનાવાલા - ખંડાલા**

રો હાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - 9545741755. (બી-૧૭૯૩૪)

**મિલન મંદિર**

NX રામચંદ્ર લેન, મલાડ (વેસ્ટ) ફેસ્ટિવલ ઓફર ઈઝી પેમેન્ટ પ્લાન 20:40:40 + 0% GST. 9 માળના બિલ્ડિંગમાં, 2 બેડરૂમ 1.60 કરોડ ઓનવર્ડ્સ, દેરાસર હવેલી મંદિરના સાંનિધ્યમાં, Rooftop એમેનિટી, સાઈટઃ 8454944443 મહારેરા નંબર P51800076809. (જેપી/૪૫૭૩-જી)

**પ્રીમિયમ 3 BHK ફ્લેટ ભાડે ઉપલબ્ધ**

લલ્લુભાઈ પાર્ક પાસે અંધેરી વેસ્ટ
નવું બિલ્ડિંગ 1160 Sq. Ft.
સ્પેશિયસ ફ્લેટ હાયર ફ્લોર પર,
સુંદર ઓપન વ્યૂ વાસ્તુ અનુરૂપ
પાર્કિંગની સુવિધા
વધુ માહિતી માટે સંપર્ક કરોઃ
**9223471002**

(બી-૧૮૦૫૬)

**અંધેરી - બોરીવલી**

1/ 2/ 3/ 4 બીએચકે ફ્લેટ્સ/ દુકાન/ ઓફિસ રેડી પઝેશન/ બંધાતામાં ખરીદવા/ વેચવા/ ભાડેથી લેવા/ આપવા માટે. સંપર્ક રાજ : 8459614981. (બી-૧૮૦૪૬)

**પ્રીમીયમ કોમ્પલેક્ષ**

**રેડી / બંધાતામાં / ભાડેથી. ઘાટકોપર (ઈસ્ટ) 2/ 2.5/ 3/ 4 બેડરૂમનાં ફ્લેટો, Adani, Aaradhya One Earth / Park, Tanishka Vikrant, Silver, Savvy. ચિંતનભાઈ - 9321234567. (૧૨૮૮-ઈ)**

**જુહુસ્કીમ**

**૨ બેડરૂમનો વિશાળ ફર્નિશ્ડ ફ્લેટ, અલગ સર્વન્ટ બાથરૂમ. અંદાજે ૧૦૦૦ ફૂટ ૫મે માળે, લીફ્ટ. ૧ પાર્કિંગ. જમનાબાઈ સ્કૂલ અને દેરાસર પાસે વેચવાનો છે. સંપર્કઃ 9892168687. (એસડીબી-૩૫૦૬)**

**બાન્દ્રા (વેસ્ટ)**

ટર્નર રોડ, લીવલાયસન્સ ૩ BHK, ૨ બાથ, પાર્કિંગ નથી, ભાડું ૧,૪૫,૦૦૦/=, ૨ BHK ફર્નિશ્ડ, ૧,૧૦,૦૦૦/= તુરંત કબજો. સંપર્કઃ ૯૮૨૦૨ ૯૬૬૯૩. 'કટારીયા' એજન્ટસ. (બી-૧૮૦૩૫)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**દેવલાલી**

**વેચાણથી. 3 બેડરૂમ, હોલ, કિચન- 900' + 300' + પર્સનલ ટેરેશ - 600 કારપેટ, લીફ્ટવાળા બિલ્ડિંગમાં. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-બી)**

**દેવલાલી**

**વેચાણથી. દેરાસરની બાજુમાં, 2 બેડરૂમ, હોલ, કિચન, 1024' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-સી)**

**દેવલાલી**

**વેચાણથી. દેરાસર સામે, 3 બેડરૂમનો બંગલો, 1550'. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-ડી)**

**કાંદિવલી (વેસ્ટ)**

સ્ટેશન થી 5 મિનિટ
મુનિસુવ્રત દેરાસર પાસે, 2 પાર્કિંગ સાથેના
**1 RK અને 1 BHK**
સંપૂર્ણ ફર્નિશ્ડ જોડી ફ્લેટ્સ
(હાલમાં 3 BHK તરીકે વપરાશમાં) ઉપલબ્ધ છે.
સિંગલ ફ્લેટ પણ અલગથી મળી શકશે.
બિલ્ડિંગમાં રીડેવલપમેન્ટની વાતચીત ચાલી રહી છે.
**સંપર્ક : 83695 56755**

(બી-૧૮૦૬૮)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી. M. G. ROAD, ગાંધી માર્કેટ - હવેલી નજીક, ૧ બેડરૂમ, હોલ, કિચન - 360' ફુલ્લી ફર્નિશ્ડ, AC, TV, ફ્રીઝ બધું નવું, લીફ્ટ, રેડી કબજો. લલિત મહેતા - 9323191622, 9819098468. (૧૩૪૭-ઈ)

**દાદર (વેસ્ટ)**

૩ બેડરૂમનો ફ્લેટ ૧૩૧૫' કારપેટ, પોલીસ સ્ટેશન પાસે, હાયર ફ્લોર, ૩ પાર્કિંગ, જીમ, બેન્ક્વેટ હોલ, જોગીંગ / વોકીંગ ટ્રેક, ૫.૬૫ કરોડ. સંપર્કઃ- ''મીતી'' 8928904238. (બી-૧૮૦૩૨)

**વેચાણથી**

અંધેરી વેસ્ટ ૨ બેડરૂમ ૭૧૧, ૬૨૫, પાર્લા ઈસ્ટ ૨ $^{1}/_{2}$ BHK પાર્લા વેસ્ટ 3 BHK, પવઈ ૨૦૦૦ રીઝરવેશન પ્લોટ વેચવાનો જીતુભાઈ શાહ 9820613128. (એસડીબી-૩૫૧૭)

**દેવલાલી**

**વેચાણથી. ખેતીની જમીન, 60 ગુન્ટા, છીન્નર ગોટી તથા સમૃદ્ધિ હાઈવે નજીક તથા NA પ્લોટ મળશે. પરેશ - 9930803959 - 9930106054. (૧૩૪૭-એ)**

**વિલેપાર્લા (વેસ્ટ)**

3 બેડરૂમ વેચાણથી, બજાજ રોડ, કાર પાર્કિંગ સાથે, નવું બિલ્ડીંગ, 9મા માળે, વાસ્તુ પ્રમાણે, ઈસ્ટ-વેસ્ટ ઓપન. સંપર્કઃ 9324512690 / 9821165431. (બી-૧૮૦૩૦)

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ**

3 બેડરૂમ (1225'/ 1250'/ 1535') 4 બેડરૂમ (1775'/ 2100'/ 2200'/ 2500') ફ્લેટો એમેનિટીસ સાથે વેચાણથી. અનિલભાઈ - 9004900290. (૧૩૪૬-સી)

**ખાર (વેસ્ટ)**

લક્ષ્મી નગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરિયા ૮૬૫' કારપેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કારપેટ, તદ્દન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડીશન્ડ લોબી, તુરંત વેચવાના. ઓનરઃ- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૦૫૨)

**મુલુન્ડ (વેસ્ટ)**

2 BHK, 705 ચો. ફુટ અને 3 BHK, 951 ચો. ફૂટ ફ્લેટ સાથે 2 સરફેસ પાર્કિંગ 2-વે રેમ્પ પોડિયમ પર. વાલજી લધા રોડ. ફિટ-આઉટ રેડી પઝેશન. સંપર્ક- 9930333456 (P51800055546). (૧૩૫૭-એ)

**બોરીવલીમાં ભાડેથી**

**નવા બિલ્ડિંગમાં 2 બેડરૂમ - હાયર ફ્લોર - 52,000/- આપવાનો. એજન્ટઃ- 9820311842. (૧૩૬૩-બી)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**

વેચાણથી 2 BHK - ટેરેસ સાથે, 740+100 ટેરેસ, તિલક મંદિર રોડ, વેલ મેઇન્ટેન સોસાયટી, પાર્કિંગ અને OC સાથે. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૮-બી)

**અંધેરી (ઈસ્ટ) વેચાણથી**

કોલડોંગરી, શિવમ ટાવરમાં સ્પેશિયસ 3 BHK - 1380' કાર્પેટ, ફુલ્લી ફર્નિશ્ડ, હાયર ફ્લોર ઇસ્ટ/વેસ્ટ એન્ટ્રી, 2 પાર્કિંગ અને OC સાથે, રજીસ્ટર્ડ સોસાયટી. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 / જતીન વીરા - 9119512675. (જેપી/૪૫૭૮-સી)

તમારા રિલેટિવ્સ અને ફ્રેન્ડ્સ કરતા પણ સારો ફ્લેટ લેવો છે ?
**બોરીવલીમાં કાંદિવલીમાં?**
ફ્લેટ ખરીદો / વેચો
અમારી પાસેજ બેસ્ટ ફ્લેટ છે
પ્રીમિયમ મોટા ફ્લેટ જોડી ફ્લેટ્સ
3 કરોડ થી 30 કરોડના બજેટમાં
ઈન્સ્ટાગ્રામ ચેક કરો ફોલો કરો @RAJSONIREALTY
કોલ કરો રાજ સોની **73040 62862**

(૧૩૫૩-સી)

**કાંદિવલી વેસ્ટ**

2 બેડરૂમ, 728 કાર્પેટ, 2.13 CR ફુલ પેકેજ, અનટચ, નવા બિલ્ડિંગમાં, ભુરાભાઈ હોલ પાસે મળશે. પહેલે માળે હવા ઉજાસ વાળો ફ્લેટ, જૈનો માટે ઉત્તમ, ઘર, દેરાસર બિલ્ડિંગમાં જ છે. સંજીવ 9821925693. (બી-૧૮૦૬૬)

**અંધેરી વેસ્ટઃ**

લલ્લુભાઈ પાર્ક વિશાળ 1 BHK - ટેરેસ ભાડેથી, માત્ર શાકાહારીઓ માટે, ત્રીજા માળે લિફ્ટ સાથે. 9821352024. (૧૩૬૮-ઈ)

**વિલેપાર્લે વેસ્ટમાં**

JVPD - 3 બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ + 2 પાર્કિંગ, 1497 ફીટ કાર્પેટ વેચાણથી 8,00,00,000/ - નેગોશિએબલ 9859666111. (૧૩૬૪-એફ)

**અલ્ટમાઉન્ટ રોડ**

ક્રિસ્ટલ બિલ્ડિંગ, 2 બેડરૂમ, 3 બાથરૂમ 1008 કાર્પેટ, લોઅર ફ્લોર, સરસ કરેલ પ્રીમિયમ ફુલ્લી ફર્નિશ્ડ, 1 પાર્કિંગ, જીમ્નેશિયમ, વિશાળ કમ્પાઉન્ડ, લો મેન્ટેનન્સ, 6.75 કરોડ નેગોશીયેબલ. સુભાષ - 9833312345. (૧૩૭૦-બી)

**બ્રીચ કેન્ડી**

શંકર સાગર, સાફિઆ કોલેજ લેન, 1031 કાર્પેટ, 2 બેડરૂમ, હાયર ફ્લોર, સમુદ્રનો વ્યુ, વાસ્તુ પ્રમાણે કરેલ. સુભાષ - 9833312345. (૧૩૭૦-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**

પ્રાઈમ લોકેશનમાં, ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ પાર્કિંગ સાથે, (1) 2 બેડરૂમ હોલ કિચન - 675' કાર્પેટ, 2.51 CR (2) 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR (3) 3.5 બેડરૂમ, હોલ, કિચન - 1330' કારપેટ - 3.70 CR (4) 3 બેડરૂમ, હોલ, કિચન - 1200' યુઝેબલ- 4.11 CR (5) 4 બેડરૂમ, હોલ, કિચન - 1650' કારપેટ - 5.75 CR (6) 1 બેડરૂમ, હોલ, કિચન - 510' કારપેટ - 1.40 CR. "HomeAlone Property" - જુગ્નું શાહ - 9833352224. (૧૩૬૯-એ)

**અંધેરી વેસ્ટ**

શોપર્સ સ્ટોપની પાછળ, આઉટરાઈટથી 1 બેડરૂમ 478 કારપેટ, રીમા એસ્ટેટ 9820000627/ 7045660627. (એસડીબી-૩૫૧૬)

**બેંકના સસ્તામાં**

અંધેરી 32,00,000/-, ગોરેગાંવ 21,00,000/- મુલુન્ડ 26,00,000/- વસઈ 500', 13,00,000/- નાયગાવ 5,00,000/ - પાલઘર 710', 7,00,000/- ચેમ્બુર 13,00,000/- બોરીવલી, કાંદિવલી, ભાયંદર 8879860919. (૧૩૬૩-સી)

